શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૨મું
એપ્રિલ - ૨૦૧૯ • અંક : ૧૦
પાના નં. : ૧ • (કુલ પેજ : ૫૬)

૧૫ એપ્રિલ, ૨૦૧૯ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૪-૨૦૧૯ કિંમત : રૂા. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.
Factory : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.
E-mail : homedesign3202@gmail.com

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦ ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્સન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૭૯૧ ૧૩૦૯૪

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને
તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....

**શ્રી મૂકેશભાઈ એમ. સાવલા**
૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

Maheshbhai M. : 92272 11715
SGI
Parag Kataria M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

iolite

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

**INDOTEX PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક
બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુળધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦ ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.comfortinstapower.com
ISO 9001:2008, Certified Company



**DISTRIBUTION TRANSFORMER**
11 KV, 22 KV & 33 KV Class upto 7000 KVA, Confirming to IS-2026, IS-1180, 2014

OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

**COMFORT INSTA-POWER LTD.**

Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)


www.artnirman.com
A Project by:
ART Nirman Ltd.
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
RED APPLE MEDIA
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99


'ગાલા'ની અતિ ઉપયોગી
શ્રેષ્ઠ ડિક્શનરીઓ
શબ્દોના ખજાનારૂપ
અંગ્રેજી – ગુજરાતી,
ગુજરાતી – અંગ્રેજી અને
અંગ્રેજી – હિન્દી
NAVNEET SCHOOL DICTIONARY
GALA'S COMBINED DICTIONARY
English-Gujarati
Gujarati-English
GALA'S MODEL DICTIONARY
GALA'S UNIVERSAL COMBINED DICTIONARY
NAVNEET GLOBAL DICTIONARY
1
GALA'S SUPREME COMBINED DICTIONARY
(IN TWO VOLUMES)
GALA'S POPULAR COMBINED DICTIONARY
ગાલા વિશાલ શબ્દકોશ
NAVNEET CONCISE GLOBAL DICTIONARY
GALA'S LITTLE DICTIONARY
(English-Gujarati)
GALA'S POCKET DICTIONARY
(English - Gujarati)
ગાલા પૉકેટ ડિક્શનરી
GALA'S POCKET DICTIONARY
NAVNEET PRIMARY SCHOOL DICTIONARY
ENGLISH-ગુજરાતી
(With Pictures)
NAVNEET PRIMARY SCHOOL DICTIONARY
ENGLISH-HINDI
(With Pictures)
દરેક બુકસેલરને ત્યાં મળે છે.
NAVNEET®

વર્ષ-૩૨ ● અંક - ૧૦
૧૫ એપ્રિલ, ૨૦૧૯

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | | |
|---|---|---|---|
| ૨ વર્ષ | : | રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : | રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : | રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

**તંત્રી સ્થાનેથી**
- કચ્છના ખેડૂતો દર વર્ષે રૂા. ૨૦૦૦ કરોડની આવક ગુમાવી રહ્યા છે ...... **અશોક મહેતા**....૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આગામી કચ્છી નૂતન વર્ષ (અષાઢી બીજ)ની ઉજવણીની તૈયારીઓ... ................ **હિમાંશુ ઠક્કર**....૧૫

**કચ્છ**
- કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના નિયમિત પાણી અને વધારાના પાણીની તાજેતરની કાર્યવાહી ........................................ **અશોક મહેતા**....૧૭
- લોકસભા ૨૦૧૯ : કચ્છ ........................................ ...૧૯
- ભુજ શહેરને જળ સ્વાવલંબનની દિશામાં માસ્ટર પ્લાન જરૂરી ..... **ડૉ. મિહિર એમ. વોરા**....૨૨

**કૃષિ વિષયક**
- મૂળ ખેડૂત ખાતેદારનો દરજ્જો મટી ન જાય તે માટે ખેતીની જમીન ધરાવવી જરૂરી ........ **એચ. એસ. પટેલ, આઈ.એ.એસ. (નિ.)**....૨૫
- બેરોજગારીનો ઉકેલ કૃષિ ક્ષેત્રે નહીં, મેન્યુ. અને સર્વિસ સેક્ટરમાં છે ...... **ધવલ મહેતા** ....૨૭

**સ્વાવલંબન**
- પેયજળ ક્ષેત્રે સ્વાવલંબી થવા પાણીનો કાર્યક્ષમ ઉપયોગ જરૂરી....**અતુલ ઉપાધ્યાય, સિવિલ ઇજનેર**....૨૯

**સંસ્થા માહિતી**
- શ્રી લેઉઆ પાટીદારોના સ્વમાન ગૌરવનું શ્રદ્ધાતીર્થ **ભીમજી નાકરાણી** વિશ્વનું પ્રથમ પંચતત્ત્વ મંદિર – શ્રી અન્નપૂર્ણા ધામ..........**તંત્રીશ્રી, સરદાર જ્યોત**....૩૦

**વિશેષ માહિતી**
- ૧૬મી લોકસભાની રસપ્રદ માહિતી ........................................ ...૩૨

**અમૃતજળ**
- દગો પરિસ્થિતિ કરે છે અને બદનામ કિસ્મત થઈ જાય છે......... **ભોલાભાઈ ગોલીબાર**....૩૪

**ગુજરાતી કથાગીતો – ૫**
- મૈત્રી પ્રેમનું અમર કથાગીત : મિત્ર ગોષ્ઠિ..........................**સંકલન : જીના વીરેન શેઠ**....૩૫

**જબાન**
- શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૯) ......................... **તુલસી કંસારા**.....૩૮

**વિવિધતા**
- પ્રતિભાવ ........................................ ૩૯
- અન્ય સંસ્થાઓના સમાચાર ........................................ ....૪૦
- ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા "જ્યોતિન્દ્ર દવે સાહિત્યશ્રી" ઍવૉર્ડથી સન્માનિત કચ્છ - માંડવીના શ્રી ચિત્રસેનભાઈ શાહ................................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**...૪૪
- શબ્દ શોધ : ક્રમાંક - ૮૨ ........................................**પ્રદીપ જોષી - આદિપુર**...૪૫
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : મારું વાહન ક્યાં...???. ............. **ભાવના એ. ઝવેરી**....૪૬

**મેઘ ધનુષ**
- નાપાક : **પ્રભુલાલ સિધ્ધપુરા** ★ હરિને યાચના : **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .......................... ...૪૭
- તને યાદ કરશે... મને યાદ કરશે (ગઝલ) : **રમેશ જી. વૈદ્ય 'ચંદ્ર'** ★ પિપર ત્યાં પ્યો : **હરિદાસ કે. ઠક્કર 'હરિ'**..૪૭

## વિભાગ-૨

- પરિવાર સમાચાર ........................................ ૪૮
- સમાજ સમાચાર........................................ ૪૯
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........................................ ૫૨

sharpex®
forest & garden solutions




# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.

શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.

નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો



TRITON

ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઊપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303** | **+91-9998333933**

તંત્રીલેખ

# કચ્છના ખેડૂતો દર વર્ષે રૂા. ૨૦૦૦ કરોડની આવક ગુમાવી રહ્યા છે



અશોક મહેતા

*સરદાર સરોવર ડેમની યોજનાને ૪૦ વર્ષ પૂરા થવા આવ્યા. તેમ છતાં આજ દિવસ સુધી નર્મદા નદીના સિંચાઈના પાણી અને વધારાના પાણી કચ્છના ખેતરો સુધી પહોંચાડવાની સરદાર સરોવર નર્મદા નિગમની અને જળસિંચાઈ અને પાણી પુરવઠા વિભાગની અસમર્થતાના કારણે કચ્છના ખેતરો સુધી આ પાણી પહોંચાડી શકાયા નથી. પરિણામે કચ્છનો ખેડૂત દર વર્ષે પોતાના નેટ નફાની રૂા. ૨૦૦૦ કરોડની આવક ગુમાવી રહેલ છે.*

*તાજેતરમાં જ કચ્છના કેટલાક અગ્રણી ખેડૂતો સાથે અને વિવિધ સામાજિક અગ્રણીશ્રીઓ સાથેની મીટિંગના કારણે જાણવા મળ્યું કે ૩૫૭ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલના રસ્તે વિવિધ સ્થળે આવતી અંદાજિત ૨૪ કિ.મી.ની લંબાઈની કેનાલની જમીનના ક્ષુલ્લક પ્રશ્નોના કારણે આ જમીન સંપાદિત થઈ શકતી ન હોવાના કારણે માંડવીના મોડકુવા સુધી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂર્ણ થઈ શકતા ન હોવાથી આ કેનાલમાં ટપ્પર ડેમથી આગળ પાણી વહાવી શકાતું નથી. પરિણામે કચ્છને ફાળવાયેલ નિયમિત પાણીનો લાભ ઉઠાવી શકાતો નથી અને વધારાના પાણીના કાર્યો શરૂ કરવા માટે બહાનાબાજીમાં કાર્યરત લોકોને બહાનું મળી ગયેલ છે.*

*અંજાર, ગાંધીધામ, મુંદ્રા અને માંડવી તાલુકાના વિવિધ ખેડૂતોની જમીન સંપાદન કરવાના જે પ્રશ્નો છે તેની આ લેખની પછીના પાનામાં પૂરેપૂરી માહિતી આપવામાં આવી છે. આ માહિતીના ઉંડાણમાં જઈએ તો આદિપુર ખાતે ઑફિસ ધરાવતા સરકારશ્રીના જમીન સંપાદન અધિકારીશ્રીની ઈચ્છા શક્તિના અભાવે જમીન સંપાદન થઈ શકતી નથી એ હકીકત છે. અને તેનાથી પણ વિશેષ વાત કરીએ તો આ વિભાગના ધારાસભ્યશ્રીઓ પોતાની ફરજ ચૂકી રહ્યા છે કે જે ભવિષ્યમાં કચ્છને સવિશેષ નુકસાનકર્તા સાબિત થશે.*

*કોઈ પણ સંજોગોમાં આ વિભાગના ચૂંટાયેલ ધારાસભ્યશ્રીઓ અથવા આ વિભાગમાં પોતાનું નિવાસ સ્થાન ધરાવતા ધારાસભ્યશ્રીઓએ પોતાની વગનો ઉપયોગ કરીને વિવિધ સ્થળની બાકી રહેતી ૨૪ કિ.મી. લાંબી જમીન સંપાદન કરવાની પ્રક્રિય ત્વરિતપણે પૂર્ણ કરાવવી રહી. પોતાના ગાઢ પ્રયાસો બાદ પણ તેઓશ્રી સરકારશ્રી વતી આ જમીન સંપાદનના પ્રશ્ને અસમર્થ રહે તો જે-તે જમીનની વિગતવાર માહિતી સાથે તેઓશ્રીએ પ્રજા સમક્ષ આવવું જોઈએ. પોતે પ્રયાસ કરેલ વિગતોની માહિતી આપવી જોઈએ અને બાકીની પ્રક્રિયા કાયદાકીય રાહે પૂરી કરાવવી જોઈએ. તોજ તેઓ જનતામાં પ્રજાના સાચા પ્રતિનિધિ તરીકે ઉપસી આવશે અને નહીં તો તેમની પાછળ કરવામાં આવતી લોકવાયકાના તેઓશ્રીએ ભોગ બનવું પડશે.*

*કચ્છ, એ અતિ દુષ્કાળનો પ્રદેશ છે. પાણી તેના માટે જીવન મરણનો પ્રશ્ન છે. કચ્છ સિંધુ નદીનો તટ પ્રદેશ હોવા છતાં તે એ પાણીથી વંચિત રહ્યું. નર્મદા નદીના નિયમિત પાણી અને વધારાના પાણી હજુ કચ્છના ખેતરે ખેતર સુધી પહોંચ્યા નથી. સરકારશ્રીએ કચ્છની એક પણ એકર જમીનમાં આ પાણી પહોંચાડ્યા નથી. વધારાના પાણીની કેનાલો બનાવવાના કામો તો હજુ શરૂ થયા જ નથી. ગુજરાતના બીજા પ્રદેશોની સરખામણીમાં કચ્છને ખૂબ અન્યાય કરવામાં આવી રહેલ છે. તેમ છતાં આ વિભાગના પ્રતિનિધિઓ આ મુદ્દે પોતાની કાર્યવાહી દાખવવામાં નિર્બળ રહેશે તો કચ્છની પ્રજાને ખૂબ જ સોસવાનો વારો આવશે. વિવિધ વિભાગના સામાજિક કાર્યકરો તથા મીડિયા જગતે પણ પોતની ફરજ યોગ્ય રીતે બજાવવાની રહે છે. તેઓશ્રીએ આદરેલ કાર્યવાહી કચ્છના ખેડૂતોના અને કચ્છની પ્રજાના હિતમાં રહેશે. આ પ્રશ્ને **પ્રદેશ કિસાન સંઘની કચ્છ બ્રાંચે** જાતે આગળ આવી અગ્રીમ કાર્યવાહી કરવાની નોબત આવી ચૂકી છે.*

---

***ઓળખાણથી મળેલું કામ થોડા સમય સુધી રહે છે, જ્યારે કામથી મળેલ ઓળખાણ આખી જિંદગી સુધી રહે છે.***

## Status of Missing Link / Hurdle work of Kutch Branch Canal (KBC) chainage 189.977 km to 357.185 km.

| Sr. No. | CHAINAGE From / To | Length (Km.) | Village Taluka | Survey No. | Details of Hurdle | Present Status (As on 21-01-2019) | Pending at which level |
|---|---|---|---|---|---|---|---|
| 1. | 232.550 to 232.815 | 0.265 | Varsamedi, Ta. Anjar | 1 nos. | Possesson on Govt. land by local farmer (Khatedar name Pravin Jivram Tank) | Under correspondence with Collector – Bhuj | Collector, Bhuj |
| 2. | 232.815 to 233.220 | 0.405 | Anjar, Ta. Anjar | 3 nos. | New land act (Anjar village) (4 times jantri instead of 2 times jantri approved by collector, Bhuj) (3 Khatedar) | Under consideration (Policy Matter) Proposal submitted for regular awards | Additional Collector, Ahmedabad |
| 3. | 236.924 to 237.128 | 0.204 | Meghpar-Borichi, Ta. Anjar. | 240 | New land act (Meghpar Borichi) (50 NA Plots) | Under consideration (Policy Matter) Proposal submitted for regular awards | Additional Collector, Ahmedabad |
| 4. | 238.211 to 238.301 | 0.090 | Meghpar-Borichi, Ta. Anjar | 227 | New land act (Meghpar Borichi) (Khatedar Devdan Bachu Ahir, Bachibai Myatra) | New proposal due to 4 times jantri instead of 2 times jantri approved by collector, Bhuj | Field Office |
| 5. | 240.082 to 240.245 | 0.163 | Shinai, Ta. Gandhidham | 1 nos. | Govt. land given to private Indi-vidual on 30 years. The lease has expired (Khatedar name : Dataniya Nanu Mohan) | Sankalan Committee Bhuj | Collector, Bhuj |
| 6. | 240.780 to 243.839 | 3.059 | Shinai, Ta. Gandhidham | 43 nos. | New land act (Shinay village) Low Jantri Rate, U/S Rs. 780 & D/S Rs. 260 and Shinay Rs. 50 | Under consideration (Policy Matter) Proposal submitted for regular awards | Additional Collector, Ahmedabad |
| 7. | 243.829 to 245.050 | 1.211 | Shinai, Ta. Gandhidham | 36 nos. | New land act (Shinay village) Low Jantri Rate, U/S Rs. 780 & D/S Rs. 260 and Shinay Rs. 50 | Under consideration (Policy Matter) Proposal submitted for regular awards | Additional Collector, Ahmedabad |
| 8. | 268.920 to 269.420 | 0.500 | Chhasra, Ta. Mundra | 184, 214, 215 | Court Case stay order (Khatedar name Devraj Singh, Dilip Sinh | In High Court (Next Hearing Dt. 12-2-2019) | High Court |

| Sr. No. | CHAINAGE From To | Length (Km.) | Village Taluka | Survey No. | Details of Hurdle | Present Status (As on 21-01-2019) | Pending at which level |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | Jadeja, Dilip Singh Godji Jadeja and Sushilkumari Joravarsingh Jadeja) | | |
| 9. | 276.800 to 276.857 | 0.057 | Ratadia, Ta. Mundra | 339/14 | LAQ Pending (Exotica Factory) Village Ratadia | Proposal submitted in award. SIS Declared. (149/53/M, Dt. 28-08-2018) | Additional Collector, A'bad |
| 10. | 276.857 to 276.944 | 0.087 | Ratadia, Ta. Mundra | 238 | LAQ Pending. Three survey nos. Due to Promulagation of Village records the survey are revised. In this process the land proposed to be acquired for KBC was transferred on SSNNL name. And the same area was deducted from the land holders records i.e. 7/12. Now the land has to be transferred back to name of land holder and then the entire procedure of acquisition has to be initiated. | Letter written to DILR, Survey Bhavan, Bhuj (EE-Letter No.-2021, Dt. 17-12-2018) | DILR, Survey Bhavan, Bhuj / DSO, Bhuj. |
| 11. | 277.184 to 277.304 | 0.120 | Ratadia, Ta. Mundra | 231 | | Letter written to DILR, Survey Bhavan, Bhuj (EE-Letter No.-2021, Dt. 17-12-2018) | DILR, Survey Bhavan, Bhuj / DSO, Bhuj. |
| 12. | 277.452 to 277.810 | 0.358 | Ratadia, Ta. Mundra | 230 | | Letter written to DILR, Survey Bhavan, Bhuj (EE-Letter No.-2021, Dt. 17-12-2018) | DILR, Survey Bhavan, Bhuj / DSO, Bhuj. |
| 13. | 280.207 to 280.564 | 0.357 | Gundala, Ta. Mundra | 28 nos. | Proposal for land to be acquired as per New Land Act. | Proposal submitted in award. SIS Declared (99/26/M, Dt. 11-07-2018) | Additional Collector, A'bad |
| 14. | 286.368 to 289.115 | 2.747 | Mota Kapaya, Ta. Mundra | 9 nos. | Proposal for land to be acquired as per New Land Act. | Proposal submitted in award. Proposal submitted EE Letter No. 1005, Dt. 29-06-2018. (Mota Kapaya & Samaghogha) & Moti Bhujpur Proposal submitted EE Letter No. 2022/Dt. 17-12-2018 | SPLO, Gandhidham. |
| 15. | 290.422 to 291.973 | 1.551 | Sama-ghogha, Ta. Mundra | 25 nos. | | | SPLO, Gandhidham. |
| 16. | 294.000 to 296.501 | 2.501 | Moti Bhujpur, Ta. Mundra | 32 nos. | | | SPLO, Gandhidham. |

*કડવું છે પણ સત્ય છે : વખાણ કર્યા વગર કોઈ ખુશ થતા નથી પણ ખોટું બોલ્યા વગર કોઈના વખાણ થઈ શકતા નથી.*

| Sr. No. | CHAINAGE From To | Length (Km.) | Village Taluka | Survey No. | Details of Hurdle | Present Status (As on 21-01-2019) | Pending at which level |
|---|---|---|---|---|---|---|---|
| 17. | 296.501 to 296.710 | 0.209 | Moti Bhujpur, Ta. Mundra | 2 nos. | Sammati Award Declared but Farmer are Demanding 4 times compensation & Revised rate of Ex gratia (Mango, Kharek etc.) | Tree Proposal submitted on dated 12-6-2017. Pending at Revenue Department. (Police Protection Required) | |
| 18. | 296.990 to 298.300 | 1.310 | Moti Bhujpur, Ta. Mundra | 9 nos. | | | |
| 19. | 303.518 to 303.650 | 0.132 | Moti Khakhar, Ta. Mundra | 131 | Paiki karan & Land measurement mistake (S.N. 131) | Corrected Proposal submitted EE Letter No. 1423, Dt. 21-08-2018 | SPLO, Gandhidham. |
| 20. | 304.650 to 304.750 | 0.100 | Mota Kandagara, Ta. Mundra | 144/2 | Land measurement mistake & Kabja fare. (S.N. 144/2) | “Rojkam” done. But ADILR not submitted new Pera up to date. EE Letter No. 1061, Dt. 10-07-2018. | ADILR, Ahmedabad. |
| 21. | 304.991 to 305.126 | 0.135 | Moti Khakhar, Ta. Mundra | 201/1 | X-Gracia Payment Dispute Vill. Mota Kandagara (201/1) | X gracia approved by SE Letter No. SE/KBC C-2/PB3/comantion/39, Dt. 10-01-2017. Rs. 798079/-) Coconet-10, Mango-10, Jambudi-1, Liyari (Gundi)-2, Neem Tree-16, Ambli-2. | Farmers are not satisfied. |
| 22. | 306.066 to 306.489 | 0.423 | Moat Kandagara, Ta. Mundra | 90/1, 90/2, 545/2 | “Kabja Fer” S.N 90/1, 90/2, 545/2 | “Rojkam” done. But ADILR not submitted new Pera up to date. EE Letter No. 350, Dt. 14-03-2017. Last reminded EE Letter No. 1061, Dt. 10-07-2018. | ADILR, Ahmedabad. |
| 23. | 307.394 to 307.893 | 0.499 | Nani Khakhar, Ta. Mundra | 269/1, 269/2, 269/3, 268/1, 268/2 | Kabja Fer | Nani Khakhar - New Pera-104 Pending ADILR, Ahmedabad. EE Letter No. 1006, Dt. 30-06-2018. | ADILR, Ahmedabad. |

નાટકમાં સૌથી અઘરું પાત્ર મૂર્ખનું હોય છે, અને તે ભજવનાર બહુ જ હોશિયાર હોય છે.

| Sr. No. | CHAINAGE From To | Length (Km.) | Village Taluka | Survey No. | Details of Hurdle | Present Status (As on 21-01-2019) | Pending at which level |
|---|---|---|---|---|---|---|---|
| 24. | As per Sr. No. 23 | As per Sr. No. 23 | Mota Bhadia, Ta. Mundra | 44/2, 44/1, 43, 43 | New Land Act | Mota Bhadia proposal submitted in award. SIS Decred. Letter No. 151/49/M, Dt. 29-09-2018. | Additional Collector, Ahmedabad |
| 25. | 307.893 to 309.609 | 1.716 | Bidada, Ta. Mandvi | 16 nos. | Work in progress but Farmers are demanded PIYAT Rate (Work stopped 1.0 Km.) & Paiki karan Issue (S.N. 201, 255, 122, 367, 406, 497, 496) | Piyat Document submitted EE Letter No. (1) 385/1-04-2016, (2) 1506, Dt. 22-11-2016 (3) 372, Dt. 17-03-2017 (4) 1271, Dt. 04-10-2017 (5) 1471, Dt. 16-11-2017 (6) 94, Dt. 08-05-2018 (7) 1609, Dt. 20-09-2018 Paikikaran Proposal submitted. EE Letter No. 778/Dt. 28-05-2018. | SPLO, Gandhidham. |
| 26. | 312.143 to 313.517 | 1.374 | Bidada, Ta. Mandvi | 14 nos. | | | |
| 27. | 313.994 to 314.172 | 0.178 | Pipri, Ta. Mandvi | 67/1 | Paikikaran issue (Bharat Aja S.N. 67/1) | Paiki Karan Proposal submitted EE Letter No. 778/Dt. 28-05-2018. | SPLO, Gandhidham. |
| 28. | 322.707 to 323.352 | 0.645 | Nani Rayan, Ta. Mandvi | 3 nos. | (1) 200 m Length remaining because of Chandan Tree. Chandan rate is not available. (S.No. 22/1, 22/1/2) (2) Kabja Fer (S.N. 18/1) | (1) Pending at Forest Department. Farmer are demanded demarcation of all chandan trees, not only canal land width (Farmer Issue). (2) Letter submitted EE Letter No. 1007, Dt. 29-06-2018 (Prant & SPLO). | (1) Forest Department, (2) SPLO, Gandhidham. |
| 29. | 323.920 to 324.500 | 0.580 | Moti Rayan, Ta. Mandvi | 2 nos. | New Land Act Farmers are demanded Award Payment | Farmer are agree to 50% payment of Jantri. But as per Promogation land measurement mistake (2 Farmers) (Telephonic reminder) ADILR pending long time. | ADILR, Ahmedabad. |

શાંત પડેલી આગમાં ફૂંક મારીને ભડકો ન કરી શકાય.

| Sr. No. | CHAINAGE From To | Length (Km.) | Village Taluka | Survey No. | Details of Hurdle | Present Status (As on 21-01-2019) | Pending at which level |
|---|---|---|---|---|---|---|---|
| 30. | 325.624 to 325.810 | 0.186 | Moti Rayan, Ta. Mandvi | 90 | Land to be transfer. Survey No. 90, As per record, Govt. land shows, but at site other person occupied with 7/12 (As per field 7/12 available) | Pending at Sub Dn. Office 2/3-E | Sub Dn 2/3-E |
| 31. | 326.255 to 326.605 | 0.350 | Durgapur (Navavas), Ta. Mandvi | 85/1, 85/2, 85/3, 88 | Paikikaran Problems. S.N. 85/1, 85/2, 85/3, 88 | Paikikaran Proposal submitted EE Letter No. 687/Dt. 08-06-2017 Reminder-1540, Dt. 29-11-2017 | SPLO, Gandhidham. |
| 32. | 328.411 to 328.660 | 0.249 | Durgapur (Navavas), Ta. Mandvi | 3 nos. | Award declared “Kabja Fare” Awarded but at site other person occupied (14/ 13/1, 11) | Paikikaran Proposal submitted EE Letter No. 687/Dt. 08-06-2017 Reminder-1540, Dt. 29-11-2017 | SPLO, Gandhidham. |
| 33. | 328.972 to 329.582 | 0.610 | Vada, Ta. Mandvi | 145, 148, 147, 147/1 | Award declared “Kabja Fare” Awarded but at site other person occupied | Revised New para-1014 received after promologation. Pending at Sub Dn. Office. | Sub Dn 2/3-E |
| 34. | 330.785 to 331.098 | 0.313 | Durgapur, Ta. Mandvi | 5/1, 5/2, 2/1 | Award declared Paikikaran Problems (at site more than one owners) | Corrected proposal submitted EE Letter No. 1702, Dt. 11-10-2018. (Prant & SPLO) | SPLO, Gandhidham. |
| 35. | 331.641 to 331.791 | 0.150 | Merau, Ta. Mandvi | 90 | Award declared Paikikaran Problems (at site more than one owners) | Paikikaran Proposal submitted EE Letter No. 687/Dt. 08-06-2017 Reminder-1540, Dt. 29-11-2017 | SPLO, Gandhidham. |
| 36. | 333.063 to 333.560 | 0.497 | Merau, Ta. Mandvi | 352, 353 | Award declared “Kabja Fare”. Awarded but at site other person occupied. | Proposal submitted EE Letter No. 687/Dt. 08-06-2017 Reminder-1540, Dt. 29-11-2017 | SPLO, Gandhidham. |
| 37. | 335.826 to 336.497 | 0.671 | Mota Layja, Ta. Mandvi | 96, 97, 98, 87, 86 | New Land Act Mota Layja Farmers are demanded | Proposal submitted SPLO Office. EE Letter No. 1916, Dt. 26-11-2018. | SPLO, Gandhidham. |

દીવડો કરવો અને ખાંડ મીઠી હોય છે. બંનેમાંથી એક કોણ એ તો વાંચ્યા સમયે જ સમજાય છે.

| Sr. No. | CHAINAGE From To | Length (Km.) | Village Taluka | Survey No. | Details of Hurdle | Present Status (As on 21-01-2019) | Pending at which level |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | Additional UVRB. | UVRB Proposal submitted to Nigam office for approval. | SPLO, Gandhidham. |
| 38. | 338.221 to 338.296 | 0.075 | Mota Layja, Ta. Mandvi | 27, 28, 23, 24 | New Land Act Mota Layja Farmers are demanded award payment. | | |
| 39. | 343.920 to 344.028 | 0.108 | Bhisra, Ta. Mandvi | 11 | Award declared. Paikikaran issue & Internal Court case. | Revenue dispute (Internal Court Case) & Paikikaran. Pending at Sub Dn. Office. | Sub Dn 2/3-E |
| 40. | 345.490 to 346.002 | 0.512 | Bada, Ta. Mandvi | 163, 164 | Award declared. Paikikaran SN. | Record clear but farmer are demanded 7/12 effect. | Sub Dn 2/3-E & Dn 2/7, SPLO Gandhidham. |
| | TOTAL | 24.697 Km | | | | | |

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૫૪. મો. ૯૮૨૫૩ ૨૩૬૮૯*

## અમદાવાદ ગાંધીનગર જિલ્લામાં દરરોજ વહેલી સવારે 'કચ્છમિત્ર' અખબાર મળે તેવી વ્યવસ્થા અંગે

કચ્છ-ભુજથી છેલ્લા ૭૦ વર્ષથી "કચ્છમિત્ર" દૈનિક અખબાર નિયમિત પ્રકાશિત થઈ રહ્યું છે. કચ્છની બહાર વસતા દરેક કચ્છીઓનો 'કચ્છમિત્ર' પ્રત્યેનો મિત્ર તરીકેનો એક ગાઢ નાતો રહ્યો છે. કચ્છીઓના હૃદયમાં અપ્રતિમ સ્થાન ધરાવતું 'કચ્છમિત્ર' અમદાવાદમાં દરરોજ નિયમિત રીતે મળે તેવી વ્યવસ્થાનું આયોજન કચ્છમિત્ર કાર્યાલય દ્વારા થઈ રહ્યું છે. આ પ્રકારની વ્યવસ્થા તા. ૧૮-૪-૨૦૧૯થી શરૂ કરવા સોશિયલ મીડિયા તથા પ્રિન્ટ મીડિયા દ્વારા એકધારા પ્રયત્નો થઈ રહ્યા છે. જાહેર સામાજિક સંસ્થાને "કચ્છમિત્ર"ની એક કોમ્પ્લિમેન્ટરી નકલ નિયમિત મળે તેવું આયોજન પણ કચ્છમિત્ર કાર્યાલય દ્વારા થઈ રહ્યું છે, એમ તેમના મેનેજર શ્રી શૈલેષ કંસારા (ફોન નંબર : ૨૫૨૦૯૦ / ૨૫૨૦૯૧)ની એક યાદીમાં જણાવાયું છે.

★

*'કચ્છમિત્ર' અંકની નકલ મેળવવા નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરી શકાય છે.*

*જન્મભૂમિ બ્યૂરો ઑફિસ - અમદાવાદ : ૯૮૭૯૫ ૮૭૨૨૪*

*સરક્યુલેશન મેનેજર, ભુજ - કચ્છ : ૯૪૨૮૬ ૮૩૯૬૫*

*મેહુલ ન્યુઝ એજન્સી, ખાનપુર ચોક, અમદાવાદ : ૯૮૨૫૦ ૪૨૯૬૭*


नींबू सा
नटखट
MICHI'S
Slicy™
Maha Masti
Nimbupani Candy
₹1/-
PER PIECE
MICHI'S®
Candies & Toffees
क्लासी भी
ज्युसी भी
आरेन्ज सा
मस्त-मस्त
MICHI'S
Slicy™
Maha Masti
Orange Masala Candy
₹1/-
PER PIECE
CONTAINS NO FRUIT JUICE • SUGAR BOILED CONFECTIONERY
नींबूपानी केन्डी
आरेन्ज मसाला केन्डी
JRJ®
JRJ FOODS
PVT. LTD.
MANUFACTURER & MARKETER OF
CONFECTIONERY PRODUCTS
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આગામી કચ્છી નૂતન વર્ષ (અષાઢી બીજ)ની ઉજવણીની તૈયારીઓ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિની એક સંયુક્ત મીટિંગ શનિવાર, તા. ૨૩-૩-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ હતી કે જ્યારે આગામી કચ્છી નૂતન વર્ષ (અષાઢી બીજ), જે ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯ના રોજ આવે છે, તેની ભવ્ય રીતે ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

ત્યારબાદ આ ઉજવણીના અનુસંધાને ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯ના રોજ કચ્છી નૂતન વર્ષ – અષાઢી બીજના દિવસે જ ટાગોર હોલ - પાલડીને રાત્રે ૮થી ૧૨ વાગ્યાના કાર્યક્રમ માટે બુક કરાવી લેવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં પધારવાનું અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારને આમંત્રણ આપવામાં આવે છે. ***પ્રથમ સૌ સાથે મળીને કચ્છી ભોજનની મજા માણીશું*** અને ત્યારબાદ રાત્રે ૯.૦૦ વાગે મનોરંજનના વિવિધ કાર્યક્રમ નિહાળી, રાત્રે ૧૨.૦૦ વાગે છૂટા પડીશું.

આ કાર્યક્રમ વિવિધ ઘટક સમાજોના યુવા કલાકારો દ્વારા પ્રસ્તુત કરાવવાનું નક્કી કરવામાં આવેલ છે. કચ્છી ગીતો, કચ્છી દાંડિયા રાસ, ગરબા, નૃત્ય, એકાંકી નાટક વગેરે પ્રકારના મનોરંજન કાર્યક્રમનો સમાવેશ કરવામાં આવશે.

કાર્યક્રમના સંપૂર્ણ આયોજન માટે નીચે મુજબની **અષાઢી બીજ કાર્યક્રમ સમિતિ**ની રચના કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| *શ્રી ભરતભાઈ ઓઝા* | *કન્વીનર* | *મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩* |
| *શ્રી મનુભાઈ કોટડિયા* | *સભ્ય* | *મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮* |
| *શ્રી રજનીકાંત ધરમશી પારેખ* | *સભ્ય* | *મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧* |

અમદાવાદ - ગાંધીનગર સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના યુવા મંડળોને તથા વિવિધ ઘટક સમાજના કલાકારોને આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે અપીલ કરવામાં આવે છે. તેઓ પોતાની વિવિધ આઈટમોની નોંધ ઉપરોક્ત અષાઢી બીજ કાર્યક્રમ સમિતિના કન્વીનરશ્રીને તથા અન્ય સભ્યશ્રીઓને નોંધાવી શકે છે. અન્ય કોઈ માહિતીની પૂછપરછ માટે પણ તેઓશ્રીનો સંપર્ક સાધી શકાશે.

***મનોરંજન કાર્યક્રમ અંદાજિત ૨ કલાકનો હોવાથી વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ કરવામાં આવશે.***

દરેક યુવા મંડળ તથા કલાકારને ઉપરોક્ત મનોરંજન કાર્યક્રમમાં ભાગ લેવા અપીલ કરવામાં આવે છે.

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| નામ / Name | : શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / **Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ. |
| **Bank** | : **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮**

*જીવનમાં કોઈ દિવસ કોઈનું અપમાન ના કરતા, આ વસ્તુ વ્યાજ સહિત પાછી મળવાની સંભાવના વધારે છે.*

# પરિવાર તથા સમાજજીવનને પ્રસન્નતાની દીક્ષા આપતાં પુસ્તકો

### ફેમિલી-રિલેશન વિષયક પુસ્તકો

| | | |
|---|---|---|
| દીકરી મારી દોસ્ત | નીલમ દોશી | 250 |
| દીકરો વહાલનું આસમાન | નીલમ દોશી | 280 |
| માય ડિયર સન (પત્રો) | ડૉ. રેણુકા પટેલ | 165 |
| રળિયામણા રિલેશન્સ | રોહિત શાહ | 150 |
| વહાલો દીકરો | રોહિત શાહ | 30 |
| વહાલી દીકરી | રોહિત શાહ | 30 |
| વહાલો દોસ્ત | રોહિત શાહ | 30 |
| સંબંધોનું આકાશ | શરીફા વીજળીવાળા | 100 |
| સંબંધોની સૃષ્ટિમાં | ઊર્મિલાબહેન શાહ | 100 |
| સુખ-સંબંધનું સરનામું | શશિકલા જોષીપુરા | 85 |
| પરિવારની શાંતિ, શાંતિનો પરિવાર | આ. રાજયશસૂરિ મ. | 100 |
| પરિવારની પારાયણ | રાજપરમેશ્વર | 120 |
| દીકરી મારી દીકરા કરતાં સવાઈ | – | 50 |
| ઘરથી ઘર સુધી | હિતેન આનંદપરા | 151 |
| પુરુષ એક સૅન્ડવીચ | રીકિન શાહ | 100 |
| પિતા આત્મવિશ્વાસનો એવરેસ્ટ | ડૉ. આશિષ ચોક્સી | 80 |
| સંબંધોનું મેનેજમેન્ટ | દિનેશ દેસાઈ | 150 |

### બાળઉછેર અને સંતાન ઘડતર વિષયક પુસ્તકો

| | | |
|---|---|---|
| અવર ચાઈલ્ડ, અવર ચેલેન્જ | ઊર્મિલા શાહ | 180 |
| સંતાન સ્કૂલમાં અને ઘરમાં (પુરસ્કૃત) | ઊર્મિલા શાહ | 160 |
| બાળકને ઉછેરતાં શીખીએ | ઊર્મિલા શાહ | 150 |
| સંતાનને પણ કંઈક કહેવા દો | ઊર્મિલા શાહ | 150 |
| છોકરાં ભણાવવાં સહેલાં નથી | ઊર્મિલા શાહ | 160 |
| સંતાનનું ઘડતર – એક સાધના | ઊર્મિલા શાહ | 110 |
| બાળકને ઓળખીએ | ઊર્મિલા શાહ | 90 |
| બાળકને સમજીએ (પુરસ્કૃત) | ઊર્મિલા શાહ | 150 |
| મા-બાપ સાથે ગોષ્ઠી | ઊર્મિલા શાહ | 125 |
| સંતાનોની સમસ્યાઓ | ઊર્મિલા શાહ | 160 |
| બાળપુષ્પોને મહેકવા દો | ઊર્મિલા શાહ | 170 |
| વડીલો સાથે વાતચીત | ઊર્મિલા શાહ | 150 |
| કિશોરોનું મનોરાજ્ય | ઊર્મિલા શાહ | 85 |
| બાળઘડતરના અનુભવો | હસમુખ પટેલ | 100 |
| સંતાન ઘડતરના પડકારો | બેલા ઠાકર | 110 |
| કિડ્સ-કૅર | રોહિત શાહ | 100 |
| Kids-અપડેટ | રોહિત શાહ | 50 |

### દામ્પત્યજીવન

| | | |
|---|---|---|
| લગ્નસાગર | ફાધર વાલેસ | 251 |
| નર-નારીના સંબંધો, લગ્નસંસ્થા તથા આવેગો અને લાગણીઓ | સ્વામી સચ્ચિદાનંદ | 180 |
| હૈયાંનો હસ્તમેળાપ | દિનેશ પાંચાલ | 250 |
| બેટર હાફ | શશિકલા જોષીપુરા | 175 |
| દામ્પત્યસાધના | ઊર્મિલા શાહ | 150 |
| પ્રસન્ન દામ્પત્યની સપ્તપદી | સંપા. રોહિત શાહ | 201 |
| ગીત ગાવું તો પ્રીતનું ગાવું | સંપા. રમેશ સંઘવી, સત્યમુનિ | 150 |
| હૃદયલિપિ | ભારતી રાણે | 400 |

### માતૃમહિમા

| | | |
|---|---|---|
| બાની વાતું | શરીફા વીજળીવાળા | 80 |
| શતરૂપા | સંપા. શરીફા વીજળીવાળા | 250 |
| મા એ મા | સંપા. રતિલાલ બોરીસાગર | 200 |
| પહેલો અક્ષર - મા | સંપા. હિમાંશી શેલત | 100 |
| મહાતીર્થ : મા | સંપા. મુનિ ભુવનહર્ષવિજયજી | 180 |
| મા | સંપા સુબોધભાઈ બી. શાહ | 100 |


## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001 ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15

ફોન : 26934340, મો. 9825268759 ઈમેલ : gurjarprakashan@gmail.com

# કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના નિયમિત પાણી અને વધારાના પાણીની તાજેતરની કાર્યવાહી



અશોક મહેતા

ઈતિહાસ ગવાહ પૂરે છે કે જયારે કોઈ પણ પરિસ્થિતિમાં સરદાર સરોવર નર્મદા નિગમ, કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો શરૂ કરવા તૈયાર ન હતી ત્યારે આ કાર્યોના આરંભ કરવા વર્ષ ૨૦૦૩થી અમદાવાદ સ્થિત કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે તેમની સાથે મીટિંગ કરવાનો દોર શરૂ કરી દીધેલ હતો અને **છેવટે વર્ષ ૨૦૦૬માં આ સંસ્થાના પ્રયાસથી નિગમે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોની શરૂઆત કરેલ હતી.** આ કાર્યને શરૂ થયે આજે ૧૩ વર્ષના વહાણા વાઈ ગયા છતાં નિગમે **માંડવીના મોડકુવા** સુધી આ પાણી પહોંચાડ્યા નથી. અત્યારે જે રીતે માર્ગમાં આવતી કેટલીક જમીનની સંપાદન કરવાની પ્રક્રિયા ગૂંચવી નાખવામાં આવેલ છે, તે માત્ર ને માત્ર સરકારશ્રીની ઈચ્છાશક્તિનો અભાવ દાખવે છે. કચ્છની કોઈ પણ વ્યક્તિ સંપાદન કરવામાં આવનાર જમીનના માલીક સાથે બેસીને બે-ત્રણ વર્ષથી આ પ્રશ્ન હલ કરી શકી નથી એ પણ હકીકત છે. જે મહાનુભાવો જમીનના સંપાદન માટે પ્રયાસ કરે છે, તેઓએ પણ પોતાનું મન મનાવી લીધેલ છે અને નિગમને કેનાલનું ડાયરેક્શન બદલવાનું સૂચન કરેલ છે. જે જમીન માલીકો નિગમને જમીન સુપ્રત કરવા તૈયાર નથી તેની પાછળ પણ કોઈ મોટા ગજાની વ્યક્તિનો હાથ હોય તેવું મનાય છે. **કચ્છના પાણીના આ કાર્યો પૂરા ના થાય તેવી મહેચ્છા પણ કચ્છ બહારના એ આગેવાનો સેવતા હોય છે કે જેથી કચ્છ સિવાયના ગુજરાતના પ્રદેશને વધુ પાણી મળી શકે.** આ પરિસ્થિતિમાં આવતા પાંચ-દસ વર્ષમાં નર્મદા નદીના નિયમિત પાણી માંડવી સુધી પહોંચે તેવી શક્યતા કચ્છની આમ જનતાને દેખાતી નથી. કચ્છના જાહેર મહાનુભાવોના પ્રયાસ પછી પણ આ ૧૩ વર્ષની પ્રક્રિયા બાદ માંડવી સુધી પાણી પહોંચાડી શકાયા નથી એ કચ્છની જનતાની કમનસીબી છે.

નર્મદા નદીના નિયમિત પાણીની કચ્છ બ્રાંચ કેનાલની મુખ્ય કેનાલની આ વાત થઈ. રાપર તાલુકાના મંજુવાસ પાસે એટલે કે જ્યાંથી આ કેનાલ કચ્છમાં દાખલ થાય છે ત્યાંથી ટપ્પર ડેમ સુધી તો આ કેનાલના કામો પૂરા થઈ ગયેલ હોવા છતાં મંજુવાસથી ટપ્પર ડેમ સુધીના પ્રદેશની જમીનના એક પણ એકર જમીનમાં નિગમે હજુ સુધી પાણી પહોંચાડ્યા નથી. મેઈન કેનાલના કામની સાથે સાથે શાખા, પ્રશાખા, પ્ર-પ્રશાખા કેનાલના કામો નિગમ દ્વારા હાથ પર લેવાયા ન હોવાના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલ છે. જે ખેડૂતો કેનાલ પર ડીઝલ પંપ મૂકીને સ્વખર્ચે આ પાણી લઈ જાય છે, તેઓ જ આ વિસ્તારમાં ખેતી કરી શકે છે. ખરેખર તો નિગમ દ્વારા ખેતરે ખેતર સુધી પાણી પહોંચાડવાના આયોજનો નક્કી કરવામાં આવેલ છે.

નિગમ અને ખેડૂત વચ્ચે પાણી મંડળી આવે છે. નિગમ ૧૦-૧૨ ગામના ખેડૂતોના ધોરણે વિવિધ પાણી મંડળીઓની રચના કરે, નિગમ પાણી મંડળીઓને પાણી આપે અને પાણી મંડળી લાભાન્વિત ખેડૂતોને પાણી આપે. આ પ્રક્રિયા ૪૦ વર્ષ અગાઉ નક્કી થઈ ગયેલ છે. પરંતુ કચ્છની જનતાની કમનસીબી એ છે કે નિગમ દ્વારા હજુ સુધી કચ્છમાં એક પણ પાણી મંડળીની રચના કરવામાં આવેલ નથી. ત્યારે પ્રશ્ન એ થાય છે કે નિગમ દ્વારા કચ્છના ખેતરે ખેતર આવતા પાંચ-દસ વર્ષ પછી પણ પાણી પહોંચી શકશે કે નહીં?

નિગમ દ્વારા હજુ સુધી વાંઢિયા બ્રાંચ, ગાગોદર બ્રાંચ અને દૂધઈ બ્રાંચ કેનાલના કામો પણ પરિપૂર્ણ કરવામાં આવેલ નથી. એ પરિસ્થિતિમાં આ કાર્યો સંતોષજનક રીતે ચાલે છે તેવું આશ્વાસન કચ્છના ખેડૂતો અને કચ્છની જનતા કઈ રીતે લઈ શકે?

હવે આવીએ કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના ૧ એમ.એ.એફ. જેટલા વધારાના પાણીની વાત પર. વર્ષ ૨૦૦૬માં ગુજરાત સરકારશ્રી દ્વારા નોટીફિકેશન બહાર પાડી નર્મદા નદીના વધારાના ૩ એમ.એ.એફ. પાણીમાંથી ૧ એમ.એ.એફ. પાણી કચ્છને, ૧ એમ.એ.એફ. પાણી સૌરાષ્ટ્રને અને ૧ એમ.એ.એફ. પાણી ઉત્તર ગુજરાતને ફાળવવામાં આવ્યા હતા. નિયમિત પાણીના ઉત્તર ગુજરાતના કામો પૂરા થયા ન હોવા છતાં એ વિભાગના ધારાસભ્યોની સંખ્યા ૪૮ની હોવાથી એ વિભાગના વધારાના પાણીના કામો, સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત એ જ સમયે શરૂ કરી દેવામાં આવ્યા હતા અને આજે પૂરા પણ થઈ ગયેલ છે.

સૌરાષ્ટ્ર કે જેના ધારાસભ્યોની સંખ્યા ૫૬ની છે, એ વિભાગના વધારાના પાણીના કામો પણ નર્મદા નદીના નિયમિત પાણીની

કેનાલના કામો પરિપૂર્ણ ન થયા હોવા છતાં રૂા. ૧૦,૦૦૦ કરોડની કિંમતના કાર્યો **"સૌની યોજના"** અંતર્ગત વર્ષ ૨૦૧૦માં શરૂ કરી દેવામાં આવેલ હતા અને હાલે ત્યાંના મોટા ભાગના વધારાના પાણીના કાર્યો પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે.

કચ્છ વિભાગ કે જ્યાંના ધારાસભ્યોની સંખ્યા માત્ર ૬ છે, તેના નર્મદા નદીના નિયમિત પાણીના કાર્યો હજુ પૂરા થયા નથી તો વધારાના પાણીના કાર્યો શરૂ ના થઈ શકે એ દલીલ બિલકુલ વ્યાજબી નથી. વધારાના પાણીની એક કેનાલ સારણ જળાશયમાં **ફતેહગઢથી જાય છે કે જેના નિયમિત પાણીની મુખ્ય કેનાલના કામો પરિપૂર્ણ થઈ ગયેલ છે.** એ જ રીતે વધારાના પાણીની ત્રણ કેનાલો ટપ્પર ડેમમાંથી (નોર્ધન લિંક કેનાલ, સધર્ન લિંક કેનાલ અને હાઈ કન્ટુર સ્ટોરેજ કેનાલ) નીકળી કચ્છના પશ્ચિમ વિભાગના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકા સુધીના ગામોમાં જાય છે. આ **ટપ્પર ડેમ** સુધીના નિયમિત પાણીની કેનાલના કામ પૂરા થઈ ગયા છે અને ટપ્પર જળાશયને ભરી દેવામાં આવેલ છે. જો અત્યારે વધારાના પાણીની આ ચાર કેનાલના કામો પૂરા થઈ ગયા હોત તો વિના વિઘ્ને કચ્છના આ વિભાગમાં પાણી પહોંચી શક્યા હોત. જ્યાં વધારાના પાણીના કાર્યો આજથી ત્રણેક વર્ષ અગાઉ શરૂ કરી દેવા જોઈતા હતા અને તેનો ફાયદો આજે કચ્છના પશ્ચિમ વિભાગના ખેડૂતોને પણ મળી શકે તેમ હતો, ત્યાં આપણી સમક્ષ એ દલીલ કરવામાં આવે છે કે હજુ નિયમિત પાણીની કેનાલના કામો પૂરા થયા નથી, ત્યાં વધારાના પાણીની કેનાલોના કામો કઈ રીતે શરૂ થઈ શકે? આ પ્રકારની દલીલ કરનાર મહાનુભાવની સમજને શું કહેવું? તેઓ આ દલીલ કરીને કચ્છના હિતનું કાર્ય કરી રહ્યા છે કે કચ્છના અહિતનું?

વિશેષમાં જણાવવાનું કે નર્મદા ડેમની કાર્યવાહી પરિપૂર્ણ થયેલ ન હોવા છતાં નર્મદા ડેમથી **રાજસ્થાનની હદ સુધીની ૪૮૫ કિ.મી.** લાંબી મેઈન કેનાલના કામો પરિપૂર્ણ કરી દેવામાં આવેલ હતા. આ મેઈન કેનાલમાંથી કચ્છ બ્રાંચ કેનાલ જેવી ૩૨ કેનાલો નીકળે છે તેના કામો પણ શરૂ કરીને મોટાભાગની બ્રાંચ કેનાલોના કામો પરિપૂર્ણ કરી દેવામાં આવેલ હતો. **તો પછી કચ્છ માટે અલગ નિયમ કઈ રીતે હોઈ શકે** કે જ્યાં લગી નિયમિત પાણીની કેનાલના કામો પૂરા ના થાય ત્યાં લગી વધારાના પાણીની કેનાલોના કામ શરૂ ના થઈ શકે.

ભારત દેશનો સેંકડો વર્ષોનો ઈતિહાસ ચકાસી જુઓ કે જ્યારે હિંદુસ્તાન પર બહારના લોકોએ આક્રમણ કરેલ ત્યારે હિંદુસ્તાનના રાજવીઓમાં સંપ ન હોવાના કારણે દરેક હિંદુ રાજાને માર ખાવાનો વખત આવેલ હતો. અંગ્રેજોની સેનામાં પણ ભારતીય સૈનિકો જ હતા કે જેઓ ભારતની જનતા પર ગોળીબાર કરતા હતા. ૧૮૫૭ની સ્વાતંત્ર્યની લડત અંગ્રેજ સરકારે હિંદુ સિપાહીઓના સહારે જ દબાવી દીધેલ હતી. જલિયાવાલાં બાગમાં એકત્રિત થયેલ જનતા પર ગોળીબાર ચલાવવાનો ઓર્ડર જનરલ ડાયરે આપેલ હતો પરંતુ ગોળીઓ છોડનાર તો ભારતીય સૈનિકો જ હતા. અમીચંદનો દાખલો પણ શાળામાં અભ્યાસ કરનાર ઈતિહાસના દરકે બાળકને જ્ઞાત છે. કચ્છની જનતા જ્યારે જ્યારે કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના નિયમિત પાણી અને વધારાના પાણી માટે પ્રશ્ન ઉઠાવે છે ત્યારે આ જ પ્રકારના ઈતિહાસનું પુનરાવર્તન થતું દેખાય છે. આ હકીકતને કચ્છની કમનસીબી ગણી શકાય.

કચ્છની જનતા અને કચ્છના ખેડૂતો કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પ્રત્યે વિશ્વાસમાં હતા કે હવે કચ્છની જનતાને નર્મદા નદીનું પાણી મળશે અને સેંકડો વર્ષોના દુષ્કાળની પ્રક્રિયાનો અંત આવશે. પરંતુ તાજેતરમાં જ જળસિંચાઇ વિભાગે ગાંધીનગરથી પરિપત્ર બહાર પાડી કચ્છના જળસિંચાઇ વિભાગને હાલ પૂરતા કચ્છના વધારાના પાણીના કાર્યો સ્થગિત રાખવાના આદેશ આપેલ છે. આ હકીકત કચ્છના પ્રિન્ટ મીડિયાની જાગૃતતાને કારણે બહાર આવી. ભુજની જળસિંચાઇ વિભાગની ઓફિસમાં તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે આ હકીકત સાચી છે. ગાંધીનગરની જળસિંચાઇ વિભાગની ઓફિસમાં વધુ તપાસ કરતાં એવો જવાબ મળ્યો કે હાલે તો માત્ર સ્થગિતતાના આદેશો અપાયેલ છે, **પરંતુ પરિસ્થિતિ એવી નિર્માણ પામી રહેલ છે કે હંમેશને માટે કચ્છને નર્મદા નદીના વધારાના પાણી ગુમાવવા પડે.**

આ પરિસ્થિતિનો કચ્છના જાગૃત નાગરિકોને તથા ખેડૂત વર્ગને ખ્યાલ આવતા તેઓ સક્રિય બન્યા અને કચ્છને ફાળવાયેલ પાણી છીનવાઈ ન જાય તે માટે જાગૃત થઈ પ્રયાસ કરવા લાગ્યા.

આ બધા જ લોકોમાંના મોટાભાગના લોકો ગુજરાત રાજ્યના સત્તાપક્ષ સાથે સંકળાયેલ હોવા છતાં કચ્છના હિત માટે આગળ વધી રહેલ છે ત્યારે કચ્છની જનતાને પોતાના હિત માટે આ લોકોને સહકાર આપવો એકદમ આવશ્યક બની રહે છે. તાજેતરની લોકસભાની ચૂંટણી સાથે આમાંના સહુ કોઈને, કોઈ પણ પ્રકારનો સ્વાર્થ નથી તે હકીકતની સૌ કોઈ નોંધ લે તે જરૂરી છે. આ પ્રશ્ને વધુ ઘનિષ્ટ ચર્ચા લોકસભાની ચૂંટણી પછી થાય તો પણ તેનાથી કોઈ જ પ્રકારનો ફર્ક પડવાનો નથી, કેમકે આ ટૂંકા ગાળાનો નહીં લાંબાગાળાનો પ્રશ્ન છે. કચ્છની જનતાના હિતનો પ્રશ્ન છે. કચ્છના દરેક વિભાગના આગેવાન, માત્ર અને માત્ર કચ્છના હિતને નજર સમક્ષ રાખીને આગળની કાર્યવાહી કરશે તો જ આ પ્રશ્નનો ઉકેલ આવી શકશે.

*૨૦૩, સવિતા એન્કલેવ,*
*સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

*સપના આવે એ માટે સૂઈ જવું જરૂરી છે, પણ સપના પૂરા કરવા માટે સમયસર જાગી જવું પણ જરૂરી છે!*

# લોકસભા ૨૦૧૯ : કચ્છ

કચ્છ

ગુજરાતની લોકસભા બેઠકોમાં વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટી અને ક્રમ પ્રમાણે પ્રથમ નંબરની કચ્છની બેઠક લગભગ અઢી દસકા જેટલા સમયથી ભાજપનો ગઢ રહી છે. પણ ત્રણ-ચાર વર્ષથી બદલાતા સમીકરણો પર નજર કરવામાં આવે તો ભાજપને અહીં મોટો ફટકો પડ્યો છે. ખાસ કરીને ૨૦૧૪ની લોકસભા ચૂંટણી અને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીની સરખામણી કરવામાં આવે તો ભાજપને આ બેઠક પર કુલ ૨.૨૮ લાખ મતદારોનું નુકસાન થયું હોવાનું આંકડાઓ પરથી બહાર આવે છે. આટલા મતો કોઈ પણ ઉમેદવારની હાર-જીત માટે પૂરતા છે. ગત લોકસભા ચૂંટણીમાં મોદી ફિવર વચ્ચે ભાજપના ઉમેદવાર ૨.૫૪ લાખ મતોની લીડથી વિજેતા બન્યા હતા. કચ્છ બેઠક પર છેલ્લે ૧૯૯૧માં કોંગ્રેસના ઉમેદવાર વિજેતા બન્યા હતા. ત્યારબાદથી આજ સુધી ભાજપના ઉમેદવારો જ વિજેતા બનતા આવ્યા છે.

રાજકીય વિશ્લેષકોના મત અનુસાર કચ્છની બેઠક જીતવી આ વખતે ભાજપ માટે લોઢાના ચણા ચાવવા સમાન છે. ભાજપમાં વકરેલો આંતરિક જુથવાદ, સેક્સકાંડ, ભાનુશાળી હત્યા પ્રકરણ વગેરે બાબતો ભાજપને નડી શકે છે. આ ઉપરાંત હાલ કચ્છમાં અછતની સ્થિતિમાં પ્રજાને મદદરૂપ થવામાં સત્તા અને તંત્ર ટૂંકા પડ્યા છે. જેની સીધી અસર ચૂંટણીમાં જોવા મળશે. વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લેતા મોરબી, માંડવી અને અંજારની બેઠક પર તો કોંગ્રેસ માટે જાણે કે ‘અચ્છે દિન’ આવ્યા હોય તેવું જોવા મળી રહ્યું છે.

હાલની સ્થિતિ જોતા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો માટે આ ચૂંટણી કાંટે કી ટક્કર સમાન બની રહેશે. કોઈ પક્ષનું પલડું અત્યારે ભારે નથી. ભાજપમાં જુથવાદના કારણે કાર્યકરો નારાજ છે, તો કોંગ્રેસમાં કાર્યકરોને એક તાંતણે બાંધી શકે તેવા આગેવાનનો અભાવ વર્તાય છે. જો કે કચ્છ જિલ્લાની પ્રજાએ ક્યારેય ત્રીજા મોરચાને સ્વીકાર્યો નથી. એટલે કે અપક્ષ કે ભાજપ - કોંગ્રેસ સિવાયના પક્ષમાંથી ઊભા રહેલા ઉમેદવારોને પરિણામ પર અસર પડી શકે એટલા મતો ક્યારેય મળ્યા નથી. માટે બંને મુખ્ય પક્ષોમાંથી જ કોઈ એક ઉમેદવાર વિજેતા બનશે એટલું નિશ્ચિત માની શકાય.

## અત્યાર સુધીના વિજેતા ઉમેદવારો

| વર્ષ | વિજેતા ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|
| ૧૯૫૨ (કચ્છ પૂર્વ) | ગુલાબશંકર ધોળકિયા | કોંગ્રેસ |
| ૧૯૫૨ (કચ્છ પશ્ચિમ) | ભવાનજી અરજણ ખીમજી | કોંગ્રેસ |
| ૧૯૫૭ | ભવાનજી અરજણ ખીમજી | કોંગ્રેસ |
| ૧૯૬૨ | મ.કુ.શ્રી હિંમતસિંહજી | સ્વતંત્ર પાર્ટી |
| ૧૯૬૭ | તુલસીદાસ એમ. શેઠ | કોંગ્રેસ |
| ૧૯૭૧ | મહિપતરાય મહેતા | કોંગ્રેસ |
| ૧૯૭૭ | અનંત દવે | જનતા પાર્ટી |
| ૧૯૮૦ | મહિપતરાય મહેતા | કોંગ્રેસ |
| ૧૯૮૪ | ઉષા ઠક્કર | કોંગ્રેસ |
| ૧૯૮૯ | બાબુભાઈ શાહ | ભાજપ |
| ૧૯૯૧ | હરિલાલ નાનજી પટેલ | કોંગ્રેસ |
| ૧૯૯૬ | પુષ્પદાન ગઢવી | ભાજપ |
| ૧૯૯૮ | પુષ્પદાન ગઢવી | ભાજપ |
| ૧૯૯૯ | પુષ્પદાન ગઢવી | ભાજપ |
| ૨૦૦૪ | પુષ્પદાન ગઢવી | ભાજપ |
| ૨૦૦૯ | પૂનમબેન જાટ | ભાજપ |
| ૨૦૧૪ | વિનોદ ચાવડા | ભાજપ |

### વિધાનસભા ૨૦૧૭ની સ્થિતિ

| બેઠક | પરિણામ |
|---|---|
| અબડાસા | કોંગ્રેસ |
| માંડવી | ભાજપ |
| ભુજ | ભાજપ |
| અંજાર | ભાજપ |
| ગાંધીધામ | ભાજપ |
| રાપર | કોંગ્રેસ |
| મોરબી | કોંગ્રેસ |

### જ્ઞાતિનું પ્રભુત્વ

★ ક્ષત્રિય ★ બ્રાહ્મણ
★ દલિત ★ વણિક
★ મુસ્લિમ ★ લોહાણા
★ આહીર ★ ઓબીસી
★ પટેલ ★ અન્ય

*સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી અને ગુણોનું આયુષ્ય આજીવન સુધી સાથે રહે છે.*

## સાંસદ વિનોદ ચાવડાનું રિપોર્ટ કાર્ડ

૨૦૧૦માં જિલ્લા પંચાયતની રાજકીય કારકિર્દીની શરૂઆત કરનાર સાંસદ વિનોદ ચાવડાને ૨૦૧૪માં લોકસભા બેઠકની ટિકિટ મળી ત્યારે ઘણા સિનિયર આગેવાનો સામે એક નવો યુવા ચહેરો આવ્યો હતો. સાંસદમાં તેઓએ ૮૪ ટકા હાજરી આપી છે. પાંચ વર્ષમાં કુલ ૨૨૭ પ્રશ્નો પૂછ્યા છે. ૭ વખત સાંસદમાં ચાલતી ચર્ચામાં ભાગ લીધો છે. દરેક સાંસદને તેના મત વિસ્તારમાં વિકાસ કાર્યો માટે પાંચ વર્ષની ટર્મમાં રૂા. ૨૫ કરોડની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર આપે છે. કચ્છના સાંસદે કુલ ૩૦.૭૭ કરોડના કામની ભલામણ કરી હતી. જેમાંથી સરકારે ૨૬.૨૯ કરોડના કામ મંજૂર કર્યા હતા. અત્યાર સુધીમાં ૨૦.૨૪ કરોડની ગ્રાન્ટ વપરાઈ પણ ગઈ છે.

## કચ્છ જિલ્લાની પ્રજાને કનડતા પ્રશ્નો

- કચ્છનું જખૌ બંદર માછીમારી માટે આખા ગુજરાત અને ભારતમાં પ્રસિદ્ધ હોવા છતાં અહીં માછીમારો માટે પૂરતી સુવિધા નથી. બહારથી આવતા માછીમારોને રહેવા માટે કે માછલીઓના સંગ્રહ માટેની વ્યવસ્થા નથી.
- ગાંધીધામમાં દેશનું પ્રથમ નંબરનું કંડલા મહાબંદર છે. પરંતુ આ બંદરમાં લાંબા સમયથી અધિકારીઓની ભરતી કરવામાં આવતી નથી. ઈન્ચાર્જના હવાલે ચાલતા આ બંદરના કર્મચારીઓને લગતા અને વિકાસના પ્રશ્નો ઘણા સમયથી અધ્ધરતાલ છે. કંડલા બંદરના મહત્ત્વપૂર્ણ ઘણા પ્રોજેક્ટ પૂરા થવાનું નામ લેતા નથી.
- કચ્છની પાકિસ્તાન સાથે જોડાયેલી સરહદની સલામતી અને અહીંથી થતી ઘૂસણખોરી ચિંતાનો મોટો વિષય છે. અલબત્ત, હાલ બીએસએફ, હવાઈ દળ, કોસ્ટગાર્ડ વગેરે કેન્દ્રીય એજન્સીઓ કાર્યરત છે. પરંતુ કરાયેલી વ્યવસ્થા પૂરતી નથી. કચ્છના સરહદી વિસ્તારોના ગામડાઓમાં પાકિસ્તીની ઘૂસણખોરો રહે છે.
- કચ્છને મળેલી લાંબા અંતરની મોટાભાગની ટ્રેનો ગાંધીધામ સુધી આવે છે. જ્યારે જિલ્લા મથક ભુજની સતત અવગણના થઈ રહી છે. ફક્ત પીટલાઈનનું બહાનું આપીને ટ્રેનો ભુજ સુધી લંબાવવામાં આવતી નથી. વળી ભુજથી નલિયા સુધીની બ્રોડગેજ લાઈન રૂપાંતરણનું કામ પણ ઠપ્પ થઈ ગયું છે.
- કચ્છમાં નેશનલ હાઈવે માર્ગોની હાલત ધીમે ધીમે ગાડા માર્ગ જેવી બની રહી છે. તેમાંય ભુજોડી ઓવરબ્રિજનો પ્રશ્ન લોકો માટે પ્રાણપ્રશ્ન બની ગયો છે. તેના કારણે ભારે ટ્રાફિકજામનો સામનો લોકોએ કરવો પડે છે.
- રણ પ્રદેશ ગણાતા કચ્છમાં પાણીનો મોટો પ્રશ્ન છે. આજે ગુજરાતની જીવાદોરી ગણાતી નર્મદા યોજનાનો પ્રારંભ કચ્છ જિલ્લાના નામે જ થયો હતો, પરંતુ નર્મદાના પાણી મામલે સૌથી વધુ અન્યાય કચ્છ સહન કરી રહ્યો છે. આ ઉપરાંત પીવાના પાણીની સમસ્યા નિવારવા માટે કોઈ નવા જળસ્ત્રોતના આયોજનો કરવામાં આવ્યા નથી.
- કચ્છમાં પુરાતત્ત્વનો મોટો વારસો છે. હજારો વર્ષ જૂના વૃક્ષોના અશ્મિઓ, માનવ અવશેષો ઉપરાંત અનેક ઐતિહાસિક સ્મારકો અને સ્થળો કચ્છમાં આવેલા છે.
- કચ્છમાં આવેલું એશિયાનું જાણીતું બન્નીનું ઘાસિયું મેદાન ઉજ્જડ વેરાન બની ગયું છે. ભૂમાફિયા તત્ત્વોએ આ મેદાનની ઘોર ખોદી નાખી છે. કેન્દ્ર સરકારને લગતા અનેક નાના-મોટા પ્રશ્નો કચ્છ જિલ્લાના ખેડૂતો, પશુપાલકો, માછીમારો, ઉદ્યાગકારો, વેપારીઓ અને સામાન્ય પ્રજાજનોને સતાવી રહ્યા છે. દિવસે ને દિવસે જેટલા પ્રશ્નો બહાર આવી રહ્યા છે, તેની સામે જૂના પ્રશ્નો ઉકેલાતા નથી.
- સૌરાષ્ટ્રમાંથી કચ્છમાં પ્રવેશવાના એકમાત્ર માર્ગ સમાન સૂરજબારીનો પૂલ હવે વધતી વાહનોની સંખ્યા અને ઔદ્યોગિકરણના કારણે સાંકડો પડી રહ્યો છે. અહીં કાયમી લાંબો ટ્રાફિક જામ હોય છે. વળી અકસ્માતે કે પછી હુમલામાં આ પૂલ તૂટી જાય તો કચ્છનો સૌરાષ્ટ્ર સાથેનો સંપર્ક સાવ ઠપ્પ થઈ જાય તેમ છે. ૧૯૬૫માં બનેલો આ પૂલ આજ સુધી ખૂબ ઉપયોગી રહ્યો છે. હવે તેના વિકલ્પ સ્વરૂપે એકાદ નવો પૂલ પણ બનાવવાની તાતી જરૂરિયાત છે.
- કચ્છના આર્થિક પાટનગર એવા ગાંધીધામમાં જમીન ફ્રી હોલ્ડનો વર્ષો જૂનો પ્રશ્ન ઉકેલાતો નથી. થોડા સમય પહેલા ચેમ્બર ઑફ કોમર્સ દ્વારા આપવામાં આવેલી લડત બાદ આ પ્રશ્નો ઉકેલાઈ ગયા હોવાનું હાલ માનવામાં આવી રહ્યું છે. પરંતુ જાણકારોના મતે વિવાદ સાવ થાળે પડ્યો નથી. કેન્દ્ર અને રાજ્ય સરકારો તેમજ અહીંના તેના લોક પ્રતિનિધિઓની બેદરકારી તથા આળસના કારણે આજ સુધી જમીન ફ્રી હોલ્ડનો પ્રશ્ન અધ્ધરતાલ છે.

*દીવાનું પોતાનું કોઈ ઘર હોતું નથી, જ્યાં મૂકો ત્યાં અજવાળું કરે છે.*

## હાર-જીત નક્કી કરનારા પરિબળો

- કચ્છની બેઠક પર ભાજપે તેના વર્તમાન સાંસદ વિનોદ ચાવડાને રિપિટ કર્યા છે. જ્યારે કોંગ્રેસ દ્વારા પણ સ્થાનિક ઉમેદવાર નરેશ મહેશ્વરીની જ પસંદગી કરવામાં આવી છે. ભાજપના ઉમેદવાર ચાવડા સામે સીધો અને દેખીતો કોઈ આંતરિક વિરોધ કાર્યકરોમાં બહાર આવ્યો નથી. સંગઠન અને પદાધિકારીઓને સાથે રાખીને પાંચ વર્ષ સુધી કોઈ મોટા વિવાદમાં સપડાયા વગર તેમણે સફળતાપૂર્વક ટર્મ પૂરી કરી છે. અલબત્ત, ભાજપની આબરૂના થયેલા ધોવાણથી તેમને મોટો ફટકો પડશે. ખાસ કરીને નલિયા કાંડ, ભાનુશાળી સેક્સ કાંડ અને જયંતી ભાનુશાળીની થયેલી રાજકીય હત્યાના કારણે ભાજપની છબી ખરડાઈ છે. આવા સમયે વર્તમાન સાંસદ કોઈ ચોક્કસ સ્ટેન્ડ લઈ શક્યા નથી. આ બાબત તેમને નડી શકે છે. આ ઉપરાંત કચ્છમાં હાલની અછતની સ્થિતિના કારણે પશુપાલકો અને ખેડૂતોમાં નારાજગી છે. વર્તમાન સાંસદ લોકોની વચ્ચે જઈને તેમની સમસ્યા જાણવામાં તથા સરકાર પાસેથી કામ કરાવવામાં નબળા પુરવાર થયા છે.
- ભાજપના આ તમામ નબળા પાસાનો સીધો લાભ કોંગ્રેસના ઉમેદવાર મહેશ્વરીને મળી શકે છે. કચ્છમાં મહેશ્વરી સમુદાયની વિશાળ વસતી છે. પોતાના સમાજના ઉમેદવાર તરીકે કોંગ્રેસના ઉમેદવાર આ સમુદાયના વધુમાં વધુ મતો અંકે કરી શકે તેમ છે. અલબત્ત, કચ્છ જિલ્લો અને મોરબીની બેઠકના મતદારોને અંકે કરવા કોંગ્રેસ માટે સરળ નથી.
- બંને પક્ષોએ ઉમેદવારો જાહેર કર્યા બાદ ક્યાંયથી અસંતોષ બહાર આવ્યો નથી. કચ્છની બેઠક એસ.સી. અનામત હોવાથી સામાન્ય અને ઓ.બી.સી. વર્ગના આગેવાનોનો ચૂંટણીમાં ક્યાંય વારો આવી શકે તેમ નહોતો. પરિણામે આવા આગેવાનો ઉમેદવાર બનવાની હોડમાં શરૂઆતથી જ નહોતા. જેથી કરીને કચ્છ બેઠકમાં કોઈ મોટો વિખવાદ બહાર આવ્યો નથી. ભાજપ અને કોંગ્રેસ દ્વારા પ્રથમ તબક્કાની યાદીઓમાં જ ઉમેદવારોની જાહેરાતો કરી દેવામાં આવી છે.
- કચ્છમાં અછતના કારણે ગામડાઓ હાલ વધુ પ્રભાવિત છે. શહેરી વિસ્તારમાં પાણીની સમસ્યા હજુ સુધી જોવા મળી નથી. ખાસ કરીને ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલો વર્ગ અછતનો ભોગ બન્યા છે. સીમાડામાં પશુઓ માટે ઘાસ અને પાણી નથી. ખેતીના પાકો નિષ્ફળ જતા ખેડૂતોએ માથે ઓઢીને રોવાનો વારો આવ્યો છે. ત્યારે આ વર્ગના મતદારોને આકર્ષવામાં સફળ રહેનાર ઉમેદવાર ચૂંટણીમાં જીત મેળવી શકશે.


## કોઈપણ કચ્છીને અમદાવાદમાં રહેવા - ઉતરવા માટે

## અતિથિ ભવન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત ગીતામંદિર એસ.ટી. સ્ટેન્ડ પાસેનું "માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન" છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ પધારતા કોઈ પણ કચ્છીને ઉતરવા - રહેવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલ છે.

અમદાવાદના સેન્ટ્રલ એરિયામાં અને ગીતા મંદિર બસ સ્ટેન્ડની સામેની ગલીમાં બસમાંથી ઉતર્યા પછી પગે ચાલતા પણ જઈ શકાય તેટલા અંતરે જ આ અતિથિ ભવન આવેલ છે. અમદાવાદ રેલવે સ્ટેશનથી તે માત્ર બે કિ.મી. અંતરે જ આવેલ છે. અહીં રહેવા માટે એ.સી., નોન એ.સી. રૂમ અને ડોરમેટરીની વ્યવસ્થા છે. ડોરમેટરીમાં રહેવાનો ચાર્જ રૂા. ૧૦૦/- પ્રતિ વ્યક્તિ, નોન એ.સી. રૂમનો ચાર્જ રૂા. ૫૦૦/- અને એ.સી. રૂમનો ચાર્જ રૂા. ૧,૦૦૦/- છે. ચેક-આઉટ ટાઈમ ૨૪ કલાકનો છે. સવારના ભાગે ચા-પાણી નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

જેઓ માત્ર ધંધાર્થે અમદાવાદ આવે છે તેમના માટે આ અતિથિ ભવન ખૂબ જ સાનુકૂળ પડી રહે છે.

એકથી વધુ દિવસ રહેવાની પણ વ્યવસ્થા થઈ શકશે.


***કોઈ પણ કારણસર અમદાવાદ પધારતા કોઈ પણ શાકાહારી કચ્છીને ઉપરોક્ત સેવાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.***

**માનદ્ મંત્રી**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

કચ્છ

# ભુજ શહેરને જળ સ્વાવલંબનની દિશામાં માસ્ટર પ્લાન જરૂરી



ડૉ. મિહિર એમ. વોરા

પૃથ્વી ઉપર જીવનની શરૂઆત થઈ એ પહેલાં જીવન માટે જરૂરી એવા પાણીની ઉત્પત્તિ થઈ હતી. પૃથ્વીનો નક્કર આકાર થયા બાદ કાળક્રમે તેના ઉપર વરસાદ સ્વરૂપે પાણી વરસવાનું શરૂ થયું હતું. પૃથ્વીની સપાટી ઉપર આ પાણી વહેવાનું શરૂ થયું અને જે સ્થળે આ પાણીના વહેણમાં આડશ આવી ત્યાં એ પાણી સંગ્રહ થયું. આમ, કુદરતી રીતે પૃથ્વી ઉપર જળાશયો આકાર લેવા માંડ્યા. **આ જળાશયો સમય જતાં તળાવ તરીકે ઓળખાવા લાગ્યા.** તળાવમાં જમા થતું પાણી પૃથ્વીની સપાટી ઉપર રહેતું અને સાથે સાથે સપાટી નીચે પણ અનુશ્રવણ દ્વારા જમા થવા લાગ્યું. પૃથ્વી ઉપર જીવનની શરૂઆત થતાં જીવસૃષ્ટિ આ પાણીનો ઉપયોગ કરવા લાગી. માનવની વિચાર શક્તિએ તળાવના પાણીની સાથે સપાટી નીચે જમા થયેલા પાણીનો ઉપયોગ કરવાનો રસ્તો શોધી કાઢ્યો અને જે રચના અસ્તિત્વમાં આવી તેને કૂવો, વાવ, પગથિયાવાળી વાવ જેવા અનેકવિધ નામ આપવામાં આવ્યા. ટેકનોલોજીનો વિકાસ થતાં વસુંધરાના પેટાળમાં જમા થયેલા પાણીને આજે આપણે બૉરવેલ દ્વારા ઉલેચી રહ્યા છીએ. નવી ટેકનોલોજીની સામે વર્ષોથી ચાલી આવતી આપણી જૂની ટેકનોલોજી પણ તળાવોના માધ્યમથી સંસ્કૃતિ સ્વરૂપે આજે પણ ક્યાંક જીવંત છે.

મિત્રો, આ વખતે કચ્છમાં દુષ્કાળની કપરી માર છે ત્યારે આ લેખ એક ધ્યાન દોરે છે. આમાં જેનો સંદર્ભ લેવાનો છે તે લેખક પોતે જળ સંશોધન સંસ્થામાં ઇજનેર તરીકે કાર્યરત છે. એટલે એક સચોટ માહિતી છે. મેં તો માત્ર માહિતી મેળવી છે, જેનો સ્વીકાર કરીને આ બાબતે વિચારજો તેવી અપીલ છે.

આજના સમયમાં ખાસ કરીને શહેરોમાં તળાવોની પ્રાચીન સંસ્કૃતિ ભૂલાતી જતી હોય એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. થોડા સમય પહેલાં જળસ્રોત સ્નેહ સંવર્ધન સમિતિ દ્વારા ભુજ શહેરની સીમમાં આવેલા તળાવોનું એક સર્વેક્ષણ કરવામાં આવેલ હતું. આ સર્વેક્ષણ પ્રમાણે 'ભાડા'ની સીમમાં આવેલા કુલ ૪૨ તળાવો છે. જેમાં ભુજ શહેરની સીમમાં આવેલા ૨૯, હરિપર ગામની હદમાં ૪, મીરઝાપર ગામની હદમાં ૩, બી.એસ.એફ.ની હદમાં ૨ અને માધાપર ગામની હદમાં આવેલા ૪ તળાવોનો સમાવેશ થાય છે. આ ૪૨ તળાવોનું વર્ગીકરણ કરીએ તો ૨૯ જેટલા તળાવો આપણી નજર સમક્ષ છે (ઉદાહરણ : હમીરસર તળાવ). સિલ્ટિંગ થઈ ગયેલું હોય તેવા કુલ ૧૩ તળાવો છે (ઉદાહરણ : હામદ્રાઇ તળાવ). સંપૂર્ણપણે લુપ્ત થઈ ગયેલા ૬ તળાવો છે (ઉદાહરણ : જીવણરાય તળાવ). પ્રદૂષણનો ભોગ બનેલા કુલ ૧૧ તળાવો છે (ઉદાહરણ : પાંજરાપોળવાળું તળાવ, દેશલસર તળાવ), ગેરકાયદેસર દબાણથી બચી ગયેલા ૭ તળાવો છે (ઉદાહરણ : પ્રાગસર તળાવ). ઘરવપરાશ અને પીવાના પાણીના સ્રોત તરીકે વપરાતા ૬ તળાવો છે (ઉદાહરણ : રાજગોરાઇ તળાવ).

ભુજ શહેરના તળાવોની વાત કરીએ તો હમીરસર તળાવ નસીબદાર છે. તેને લોકો દ્વારા 'માન-મોભો' આપવામાં આવેલો છે અને તેની સાપેક્ષે દેશલસર તળાવને ઉપેક્ષિત કરવામાં આવેલું છે. જીવણરાય તળાવનું મહત્ત્વ સમજ્યા વગર તેને નામશેષ કરી નાખવામાં આવ્યું છે જ્યારે પ્રાગસર તળાવ બાબતે વિવાદ ચાલે છે. ભુજ શહેરમાં અને તેની આસપાસ આવેલા લગભગ દરેક તળાવો હમીરસર તળાવની સાથે સંલગ્ન છે. કેટલાક તળાવો તો હમીરસરના કેચમેન્ટ વિસ્તારમાં આવેલા છે. **ભુજ શહેરની પાણીની જરૂરિયાતને સમજીને અગાઉના સમયમાં ખૂબ જ સરસ પાણીનું આયોજન કરવામાં આવેલું હતું જે આજે પડી ભાંગ્યું છે.**

શહેરોમાં આવેલા તળાવોના માલિકી હક્ક શહેરની નગરપાલિકા અથવા મ્યુનિસિપાલિટીનો હોય છે. આવા તળાવોને સાચવવાની જવાબદારી તંત્રની હોય છે. ભુજના પ્રાગસર તળાવનું અસ્તિત્વ વર્ષ ૨૦૦૧ પહેલા હતું પણ એ પછી આવેલા ભૂકંપને કારણે તેનું અસ્તિત્વ નષ્ટ પામ્યું. ભૂકંપને કારણે ઉદ્‌ભવેલો કાટમાળ પ્રાગસર તળાવમાં નાખવામાં આવ્યો હતો. જેને કારણે આ તળાવ ખરેખર તળાવ ન રહેતાં તેણે એક બહુ મોટા 'ખાડા'નું સ્વરૂપ ધારણ કરી લીધું છે. જોકે પ્રાગસર તળાવ એક જળાશય છે તે પુષ્ટિ કોર્ટ દ્વારા કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૧ અને ૨૦૦૫ના **હાઈકોર્ટના ચુકાદા પ્રમાણે પ્રાગસર તળાવ એક જળાશય છે** અને તેનો વિસ્તાર ૫૪.૦૪

હેક્ટર છે તથા તેનો માલિકી હક્ક નગરપાલિકાનો છે. હમીરસર અને દેશલસર તળાવની સાથે પ્રાગસર તળાવ પણ અગત્યનું છે. જ્યારે હમીરસરમાંથી પાણી ઓગને છે ત્યારે એ પાણી સંજોગ નગરથી થઈને ખાસરા (ખારાસરા ઉપરથી) તળાવમાં આવે છે અને પછી એ પાણી પ્રાગસર તળાવમાં જમા થાય છે. એકવાર પડેલા વરસાદના પાણીને આ પ્રકારે વહેણ ન મળતાં પાણી શહેરમાં ધસી આવ્યું હતું. શહેરમાં આવેલા દરેક તળાવોની એક અગત્યતા છે. આવા તળાવોની જાળવણી કરવી જરૂરી છે. આજે જ્યારે ભુજ શહેરમાં ૪૨ તળાવોની ઓળખ કરવામાં આવી છે તે તળાવોમાંથી ભુજના એક્વિફરને રિચાર્જ કરતાં તળાવોનો અભ્યાસ કરી તેનું નોટીફિકેશન કરાવવું જરૂરી છે. હાલમાં આ તળાવો જે હાલતમાં છે તે હાલતમાં તંત્રએ પોતાના હસ્તક લઈને તેના વિકાસના કાર્યો અંગેનું આયોજન કરવું જોઈએ. જળસ્રોત સ્નેહ સંવર્ધન સમિતિ દ્વારા આવા તળાવોની ઓળખ માટે અને લોકો આવા તળાવો પ્રત્યે જાગૃત થાય એ માટે હાલમાં જ કચ્છ યુનિવર્સિટી ખાતે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાનો હેતુ ભુજ શહેરને જળ સ્વાવલંબનની દિશામાં લઈ જવાનો હતો. આ કાર્યશાળામાં થયેલી ચર્ચા મુજબ આપણા પરંપરાગત તળાવો ઉપર થઈ ગયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી સત્વરે ઉપાડવી જોઈએ. જોકે દબાણો હટાવવા, એ સંઘર્ષપૂર્ણ કામગીરી છે પણ પ્રજાના હિતમાં આવા સંઘર્ષ પણ સહર્ષ સ્વીકારી લેવાની જવાબદારી ઉપાડી લેવી જરૂરી બની જાય છે. તંત્રના નેતૃત્વ હેઠળ આવા કાર્ય લોકભાગીદારીથી થાય તે અગત્યનું છે. **ભુજ શહેરની આસપાસ આવેલા દરેક તળાવોને એકબીજા સાથે સાંકળી લઈ, તેના ઉપર ફ્લડ કંટ્રોલ સિસ્ટમ બેસાડવી જોઈએ.** જેથી આવા તળાવો દ્વારા ભુજના એક્વિફરને સારું એવું રિચાર્જ મળી શકે. ભુજ શહેરને તળાવોના માધ્યમથી જળ સ્વાવલંબનની દિશામાં લઈ જવા માટે એક માસ્ટર પ્લાનની જરૂર છે. ભુજ શહેરના અલગ અલગ વિસ્તાર પ્રમાણે નાના નાના સેગમેન્ટમાં વિકેન્દ્રિત આયોજન અમલમાં મૂકવું જોઈએ. આપણી પ્રાચીન સંસ્કૃતિની ધરોહર જેવા તળાવોને અનંત સમય માટે જીવંત રાખવા માટે તળાવોના વિકાસના કાર્યો કરવા માટે લોકભાગીદારી અગત્યની છે. આવા કાર્યોમાં લોકભાગીદારી આવે એ માટે જળસ્રોત સ્નેહ સંવર્ધન સમિતિ દ્વારા **'તળાવ પરિક્રમા'** નામે એક અભિયાન સફળ થયું હતું. આ તળાવ પરિક્રમાની ફળશ્રુતિને અનુપમ મિશ્રા લિખિત 'આજ ભી ખરે હૈ તાલાબ' તથા 'રાજસ્થાન કી રજત બુંદ' પુસ્તકો જેવી હોઈ શકે! હજારો, લાખો તળાવો અચાનક શૂન્યમાંથી પ્રગટ થયા નથી. એ તળાવો પાછળ લાંબાગાળાનું એક ચોક્કસ આયોજન છે. તળાવો ખોદીને બનાવનારા અનામી મજૂરોની સખત મહેનત છે. વર્ષોથી ચાલી આવતી તળાવોની પરંપરાગત આ સંસ્કૃતિને સિમેન્ટ કોંક્રિટના કાટમાળમાં ધરબી દેવી વ્યાજબી છે? આવો, તળાવ અને આપણી સંસ્કૃતિને બચાવીએ.

***સંદર્ભ : વિનીત કુંભારાણાના વિવિધ કચ્છ વિશેના લેખ આધારિત 'શહેરના તળાવો : આપણી પ્રાચીન સંસ્કૃતિ'***

## સખાવત ક્ષેત્રે કામ કરતી સંસ્થા : 'ધ ગિવિંગ પ્લેજ'

વોરન બફેટ, બિલ ગેટ્સ તથા મેલિન્ડા ગેટ્સને ૨૦૧૦માં વિચાર આવ્યો કે દરેક અબજપતિએ પોતાની અફાટ ધન દૌલતમાંથી શક્ય હોય એટલું દાન કરવું જોઈએ. આ વિચાર સ્ફુરતાં જ એમણે 'ધ ગિવિંગ પ્લેજ' નામનું સંગઠન બનાવ્યું, જેમાં સભ્ય બનીને તવંગરો પોતાની સંપત્તિના અમુક ટકાને દાન કરવાની જાહેરાત કરી શકે. હેતુ એકબીજાને સખાવતી કામ માટે પ્રેરિત કરવાનો હતો. બફેટ - ગેટ્સે એવો આગ્રહ રાખ્યો કે ધનિકોએ એમના જીવન દરમિયાન જ અથવા તો વારસા ખતમાં અડધી સંપત્તિ દાન કરવાની જાહેરાત કરવી જોઈએ.

૨૦૧૦માં અમેરિકાથી આ ઝુંબેશની શરૂઆત થઈ. ને પહેલા પ્રયાસે ૪૦ પ્રતિજ્ઞાધારી મળ્યા. થોડા સમય પહેલા સુધીના આંકડા જોઈએ તો અમેરિકાના ૨૭ રાજ્યના તથા દુનિયાના ૨૨ દેશના ૧૭૧ ધનકુબેરોએ અડધી કે એથી વધુ સંપત્તિ સખાવતમાં આપવાની જાહેરાત કરી છે, જેમાં નીલકેણી સહિત ભારતના પણ અનેક અબજોપતિ સામેલ છે.

ગિવિંગ પ્લેજ દ્વારા દર વર્ષે પ્રતિજ્ઞાધારીઓનો મેળાવડો પણ યોજવામાં આવે છે, જેમાં દાનવીરો એકબીજાને પ્રેરણા આપે છે અને ક્યાં, કેવી રીતે, કોને ડોનેશન કરવું તેના અનુભવની આપ-લે કરે છે. આ પ્રતિજ્ઞા એ નૈતિક ફરજ છે અને કાયદાકીય રીતે બંધનયુક્ત નથી એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે.

ભારતમાં આજે **આરોગ્ય** અને **શિક્ષણ** એ બે ક્ષેત્ર એવા છે કે જે સખાવત માટે ખૂબ જ યોગ્ય ક્ષેત્ર ગણી શકાય.

*અન્યોને પોતાના બનાવવા એટલું મુશ્કેલ નથી, જેટલું પોતાનાને પોતાના બનાવવા.*

## ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

**ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**S.S.C. - H.S.C.**

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.
સરકાર માન્ય તેમજ ખાનગી

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

## ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

કૃષિ વિષયક

# ખેતીની જમીન વેચવાથી અને સંપાદન થવાથી મૂળ ખેડૂત ખાતેદારનો દરજ્જો મટી ન જાય તે માટે ખેતીની જમીન ધરાવવી જરૂરી

• એચ. એસ. પટેલ, IAS (નિ.) •

કૃષિપ્રધાન દેશમાં ખેડૂતના દરજ્જાનું અલગ સ્થાન છે. સામાન્ય પરિભાષામાં ખેડૂત એટલે 'ખેતી કરતી વ્યક્તિ' (Person who cultivates Land). પરંતુ આ વ્યવસાયમાં વ્યક્તિ અને જમીન બંને અભિન્ન અંગ છે અને 'જમીન' એ માનવ સંસ્કૃતિના દરેક ક્ષેત્રના વિકાસમાં અગત્યનું પરિબળ છે અને આઝાદી મળ્યા બાદ જમીન સુધારા કાયદાઓ અમલમાં લાવ્યા બાદ ખેતીની જમીન ઉપરના 'ખેડૂત' તરીકેના હક્કો કાયમી કરવામાં આવ્યા અને દરેક જમીન મહેસૂલને પાત્ર બનાવવામાં આવી Liable for Land Revenue અનાદિકાળથી ચાલતી પરંપરા એ હતી કે જમીનના માલીક જે તે વિસ્તારની હકુમત ધરાવતા 'રાજા માલીક' ગણાતા. જમીન ઉપર ખેતી કરતી વ્યક્તિઓને ફક્ત તેઓના પાકનો હિસ્સો મળતો એટલે કે સામંતશાહી (Feudalism)નું તત્ત્વ હતું. કાયદાકીય રીતે આઝાદી બાદ **મુંબઈ પ્રાંતમાં સમાવિષ્ઠ ગુજરાતમાં મુંબઈ ગણોત અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ ઘડવામાં આવ્યો અને આ કાયદા હેઠળ 'ખેડે તેની જમીન'ના સિદ્ધાંત પ્રમાણે જમીનના કબજેદારોને હક્ક આપવામાં આવ્યા.** પરંતુ આ કાયદામાં કલમ-૨(૨) હેઠળ 'ખેડૂત' અને 'જાત ખેતી' 'Personal Cultivation' ની વ્યાખ્યા આપવામાં આવેલ છે અને આજ કાયદાની કલમ-૬૩ હેઠળ ખેડૂત ખાતેદાર થવા માટેની જોગવાઈ છે. **એટલે કે આ કાયદાની પરિભાષા સિવાય, કોઈપણ વ્યક્તિ ખેતીની જમીન ધરાવી શકે નહીં.** એટલે કે ખેડૂત ખાતેદારના દરજ્જા માટે ગણોતધારાની જોગવાઈ હેઠળ નિયંત્રણ છે. એક તબક્કે સામાન્ય માણસને એમ પ્રશ્ન થાય કે બંધારણમાં મુળભૂત હક્ક તરીકે દરેક નાગરિકને મુક્તપણે વ્યવસાય કરવાનો અધિકાર છે ત્યારે કેમ ખેતીની જમીન ધારણ કરવા માટે નિયંત્રણ હોવું જોઈએ? અને દલીલ ખાતર એમ પણ કહેવામાં આવે કે દેશના અમુક રાજ્યોમાં આવા પ્રકારનું નિયંત્રણ નથી. આ અંગેનો જવાબ એ છે કે, બંધારણમાં જમીન સુધારા કાયદાઓ એટલે કે ગણોતધારો ૧૯૪૮ ઘડવામાં આવ્યો તે બંધારણની અનુસૂચિમાં સમાવિષ્ટ છે તેમજ મૂળ આશય ખેતીની જમીન ધરાવતા અને સાચા અર્થમાં કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલ જમીન ઉપરના કબજેદારોને હક્ક આપવાના હતા. તે ઉપરાંત ખેતીની જમીનનો કાર્યસાધક ઉપયોગ થાય એટલે કે ખેત ઉત્પાદન વધે અને આ વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓનું જીવન નિર્વાહનું સાધન રહે તે મુખ્ય આશય છે. અને એટલા માટે મુંબઈ પ્રાંતમાં અને હાલના ગુજરાતમાં અમલી ગણોતધારા કાયદાથી ખેતીની જમીન ધરાવવા માટે પાત્રતા ધરાવતા સિવાય કોઈપણ વ્યક્તિ ખેતીની જમીન એટલે કે ખેડૂત ખાતેદારનો દરજ્જો પ્રાપ્ત કરી શકતો નથી. આ નિયંત્રણ રાખવાનો આશય એ પણ હતો કે સિમિત વ્યક્તિઓ પાસે જમીનો આવી ન જાય અને ખેતી ઉપર નભતા કુટુંબોનો જીવન નિર્વાહ ન છીનવાય. ગુજરાતમાં ૧૯૯૯ પહેલા ૮ કિ.મી.ની મર્યાદામાં ખેતીની જમીન ધારણ કરવાની ગણોતધારાની કલમ-૨(૨) અને ૨(૬) હેઠળ જોગવાઈ હતી. તે હાલ અંતર પૂરતી રદ કરવામાં આવી છે. એટલે હાલ ગુજરાતના અસલ ખેડૂત ખાતેદાર રાજ્યમાં કોઈપણ જગ્યાએ ખેતીની જમીન ટોચ મર્યાદામાં મળવાપાત્ર હોલ્ડિંગ પ્રમાણે ધારણ કરી શકે છે. ગુજરાતમાં ગેરકાયદેસર રીતે અમુક બિનખેડૂત વ્યક્તિઓ ખેતીની જમીન 'વીલ' અથવા ખોટા આચરણેથી ધારણ કરી રહ્યા છે. પરંતુ તે હાલની સ્થિતિએ ગેરકાયદેસર છે. કાયદાકીય રીતે કોઈ પીઠબળ નથી અને આવા વ્યવહારો લિટિગેશન હેઠળ છે.

હવે મૂળ અસલ વંશ પરંપરાગત સ્વરૂપે ખેડૂત ખાતેદારો છે કે જેઓની જમીન શહેરી / ઔદ્યોગિક વિસ્તારોમાં આવી ગઇ છે અને ખેતી કરવા માટે કાબૂ બહારના સંજોગો છે અથવા તો ખેતીની જમીન જાહેર હેતુ જેવા કે સિંચાઈ યોજના, આંતરમાળખાકીય પ્રોજેક્ટ, કે સંપાદન ધારા હેઠળ જમીન સંપાદન થતાં, પૂરેપૂરી જમીન સંપાદન થાય છે અથવા તો ખેતીની જમીન પૂરેપૂરી વેચાણ કરી દેવાથી બિનખેડૂત થઈ જાય છે, તેવા ઘણા ખેડૂત ખાતેદારો કાયદાથી અજાણ હોય છે કે જો તમારા નામે ખેતીની જમીન ન હોય તો તમે ખેડૂત ખાતેદારના દરજ્જામાંથી કમી થાઓ છો. આવી પરિસ્થિતિ અમો જયારે પ્રાંત અધિકારી કે કલેક્ટર તરીકે ફરજો બજાવતા હતા ત્યારે ધ્યાન ઉપર આવેલ અને જેથી મૂળ ખેડૂત ખાતેદારોનું હિત જળવાય તે માટે સરકારમાં નીતિ ઘડવા

અને જે સમયમર્યાદા નક્કી કરેલ તેમાં વધારો કરવાની રજૂઆતો કરેલ. જેથી રાજ્ય સરકારે આ બાબતોમાં ઠરાવ / પરિપત્ર કરીને ખેડૂત ખાતેદારો કે જેમની જમીન સંપૂર્ણ વેચવાને કારણે અથવા જમીન સંપાદન થવાની બિનખેડૂત થતા વ્યક્તિઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે અને આ અંગેની વ્યાપકપણે ખેડૂત ખાતેદારોને જાણકારી મળે તે માટે આ લેખના માધ્યમથી આ અંગેની જોગવાઈઓ રજૂ કરું છું. આમ તો સૌ પ્રથમ જોગવાઈ ૧૯૯૪માં અમો સુરત પ્રાંત હતા તે સમયગાળામાં અમારી રજૂઆતના આધારે કરવામાં આવેલ. ત્યારબાદ મહેસૂલ વિભાગના તા. ૨૪-૧-૨૦૦૩ના ઠરાવથી સંકલિત જોગવાઈઓ કરી છે અને તે મુજબ કોઈપણ ખેડૂત તેની પૂરેપૂરી જમીન વેચવાથી બિનખેડૂત થતા હોય ત્યારે જમીન વેચાણ કર્યાથી ૬૦ દિવસમાં કલેક્ટરશ્રીને ખેડૂત પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરવાની છે. તે જ રીતે જો જમીન જાહેર હેતુ માટે સંપાદન કરવામાં આવી હોય તો સંપાદક સંસ્થાને કબજો સુપરત કર્યા તારીખથી ૬૦ દિવસમાં કલેક્ટરને અરજી કરવાની છે અને જમીન સંપાદન કિસ્સામાં કોઈપણ ત્રણ પુરાવા રજૂ કરવાના છે જેમાં ૭/૧૨, ૮-અની નકલ, સંપાદન અંગે આપેલ નોટિસની નકલ, ઍવોર્ડની નકલ, વળતરની નોટીસ અને કબજા પાવતી, **આ દસ્તાવેજી પુરાવાઓ પૈકી આધાર તરીકે ત્રણ પુરાવાઓ રજૂ કરવાના છે.** બાકીના સંબંધિત દસ્તાવેજી પુરાવાઓ મહેસૂલી કચેરીઓ એટલે કે મામલતદારશ્રીએ પૂર્તતા કરવાની છે. આ અરજીઓની તારીખથી કલેક્ટરે ૬૦ દિવસમાં ખેડૂત પ્રમાણપત્ર આપી દેવાનું છે અને સંબંધિત ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર મળ્યા તારીખથી ૧૮૦ દિવસમાં એટલે કે છ મહિનામાં ખેતીની જમીન ખરીદી લેવાની છે. આ અંગે પણ સરકારે ખાસ કિસ્સામાં કાબુ બહારના સંજોગોમાં ત્રણ માસ સુધી મુદત લંબાવી આપવાની કલેક્ટરશ્રીને સત્તા આપી છે. એટલે હવે વધુમાં વધુ નવ માસ સુધીમાં ખેતીની જમીન ખરીદી લેવાની થાય છે. મારા મત મુજબ આ સમય મર્યાદા વ્યાજબી છે કારણકે જમીન વેચવાથી કે સંપાદન જમીન થઈ હોય તેનું વળતર ખાતેદારને મળેલ હોય છે. એટલે જમીન ખરીદી લેવાનો જેટલો ઝડપી નિર્ણય લેવામાં આવે તે ખેડૂતના હિતમાં છે કારણકે એકવાર **જો મળેલ જમીનની રકમમાંથી સમયસર જમીન ખરીદી લેવામાં ન આવે તો અન્ય રીતે વપરાઈ જાય. એટલે ખેતીની જમીન ખરીદી લેવી તે ખેડૂત ખાતેદારના હિતમાં છે.** જો જમીન સમય મર્યાદામાં ન ખરીદાય તો ખેડૂતનો દરજ્જો આપોઆપ સમાપ્ત થાય છે અને બિનખેડૂત થવાય છે અને ત્યારબાદ ખેતીની જમીન ધારણ કરી શકાતી નથી, સિવાય કે ગણોતધારા હેઠળ નિયમોનુસાર ખેડૂત પ્રમાણપત્ર મેળવવામાં આવે પરંતુ તે જટીલ પ્રક્રિયા નથી. તેમાં આવક મર્યાદા પણ છે અને મુશ્કેલ છે. એટલે વંશપરંપરાગત અને વડીલોપાર્જીત ખેડૂતો કોઈપણ તબક્કે ખેડૂતનો દરજ્જો ન ગુમાવે તે તેઓના હિતમાં છે.

પ્રવર્તમાન સમયમાં જ્યારે લોકોના પ્રશ્નોનો ઝડપી નિકાલ થાય તેવો સરકારનો અભિગમ છે ત્યારે આ ખેડૂત પ્રમાણપત્ર આપવાના અધિકારો નાયબ કલેક્ટર પ્રાંતકક્ષાએ આપી દેવા જોઈએ કારણકે આ પ્રમાણપત્ર આપવું એ રેકર્ડ આધારિત પ્રક્રિયા છે. તેમાં વિવેકાધીન સત્તા પણ નથી. વધુમાં જમીન સંપાદનના કિસ્સામાં કે વેચાણના કિસ્સામાં જો ખેડૂત - બિનખેડૂત થતો હોય તો તે જ તબક્કે ‘પ્રમાણપત્ર’ આપી દેવામાં આવે તો અરજદારે અરજી કરવાની ૬૦ દિવસની સમય મર્યાદામાં કલેક્ટરે ૬૦ દિવસની મર્યાદામાં પ્રમાણપત્ર આપવાની પ્રક્રિયા આપોઆપ મટી જાય અને ફક્ત જમીન ખરીદવાની ૧૮૦ દિવસની સમય મર્યાદા રાખવામાં આવે તો ખેડૂતલક્ષી અભિગમ ગણાશે.

*સાભાર : “ગુજરાત સમાચાર”*

Splendid
P & G Enterprise
Kitchenware, Household Products & Corporate Gifts
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
• PACKED & MARKETED BY •
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

કૃષિ વિષયક

# બેરોજગારીનો ઉકેલ કૃષિ ક્ષેત્રે નહીં, મેન્યુ. અને સર્વિસ સેક્ટરમાં છે....

• ધવલ મહેતા •

**● બેરોજગારી મોટો પ્રશ્ન :**

જગતની સામ્યવાદી સરકારોને માટે બેરોજગારીનો પ્રશ્ન જ ન હતો. તેઓ માણસના કામ કરવાના અધિકાર (રાઈટ ટુ વર્ક)ને માન્ય રાખતા હતા. પરંતુ તેઓ તેમના નાગરીકો પર જબરદસ્તી કરી કામ કરાવતા. કામ કરનારને કયું કામ કરવું અને કયા સ્થળે કરવું તે નક્કી કરવાની છૂટ ન હતી. ગામડાઓમાં કામ કરવાની તક ઊભી થાય તો લાખો શહેરીજનોને ગામડામાં ધકેલી દેવાના અને જરૂર પડે ગ્રામવાસીઓને શહેરોમાં ધકેલી દેવાતા. અંગ્રેજીમાં આને 'ફોર્સ્ડ લેબર' અથવા 'લેબર કેમ્પ્સ' કહે છે. ભારત સરકારને આ પધ્ધતિ પાલવે નહીં. **તેને મિશ્ર અર્થકારણ દ્વારા અને લોકશાહી પધ્ધતિ દ્વારા પૂર્ણ રોજગારી ઊભી કરવી છે.** તે માટે ઊંચો આર્થિક વિકાસ દર સિધ્ધ કરવો પડે. ડબલ ડિજિટ એટલે કે દસ ટકા કે તેનાથી ઉપર આર્થિક વિકાસ દર સિધ્ધ કરવો પડે જે ચીને દસકાઓ સુધી સિધ્ધ કર્યો હતો. અલબત્ત હવે ચીનનો વિકાસ દર સાત ટકાથી નીચે જતો રહ્યો છે.

**● ભારત વિકાસ દરમાં આગળ :**

ચીનનો વિકાસ દર ભારતના વિકાસ દરથી ઓછો છે. અમેરિકા હજી છેલ્લા ત્રિમાસિક ગાળામાં જ ચાર ટકા વિકાસ દર પર પહોંચ્યું છે અને પશ્ચિમ યુરોપના દેશો ત્રણ ટકાથી ઓછો વિકાસ દર સાધી રહ્યા છે. અમેરિકાને પશ્ચિમ યુરોપના દેશો જે સાડા ત્રણથી ચાર ટકાનો વિકાસ દર પ્રાપ્ત કરે તો તેઓ 'મોર બની થનગનાટ કરે છે.' જાપાન તો અમુક વર્ષ નેગેટિવ ગ્રોથ દરમાં જતું રહ્યું હતું. ભારતમાં ગરીબી ધીમે ધીમે ઓછી થઈ રહી છે અને રેશનિંગની તથા મનરેગા યોજનાઓને કારણે કોઈ ભૂખે મરતું નથી. તેને કારણે ગરીબીનો નહીં પરંતુ બેરોજગારીનો પ્રશ્ન રાજકીય પક્ષોના એજન્ડા પર ઊંચા ક્રમે આવી ગયો છે. **ખેડૂતોને કેન્દ્ર અને રાજ્ય સરકારો બેશરમ રીતે જે મફત સહાયોની (સબસીડી રૂપી સહાય અલગ) લહાણી કરી રહી છે તેનાથી ખેડૂતોની મુળભૂત સમસ્યાઓનો ઉકેલ આવવાનો નથી.** મુળભૂત સવાલ સ્ટ્રક્ચરલ છે એટલે કે ખેતીની જમીન પર કામ કરનારાઓનું કિડીયારુ ઉભરાયું છે. તેમને ખેતીમાંથી બહાર આણી મેન્યુફેક્ચરિંગમાં લાવવાના છે પરંતુ ભારતમાં ગાંધીજનો - સર્વોદયવાદીઓ - પર્યાવરણવાદીઓ - અન્ય ખેડૂત કેન્દ્રી સંસ્થાઓ ઉદ્યોગોનો વિરોધ પર્યાવરણના પ્રદૂષણના નામે કરે છે – તેઓ જાણે છે કે ભારતમાં અસંખ્ય ઉદ્યોગો એવા છે કે જે પર્યાવરણને પ્રદૂષિત કરતા નથી તેમ છતાં ઉદ્યોગો સ્થપાય તેનો વિરોધ કરે છે. તેમને 'સાંચાકામ' ગમતું નથી. તેઓ 'ગો બેક ટુ નેચર'માં માને છે. એક વાત સમજી લઈએ. ભારતમાં બેરોજગારીના પ્રશ્નનો ઉકેલ ખેતીવાડીમાં બિલકુલ નથી. તે ઊલટાનું બર્ડન છે. ભારતનાં મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરમાં તેનો ઉકેલ છે. **ભારતમાં અત્યારે સર્વિસ સેક્ટર જી.ડી.પી.ના લગભગ ૬૦ ટકા ફાળો આપે છે** અને તેનો વિકાસ સૌથી ઊંચો છે. તે અત્યારે સૌથી વધુ નોકરીઓ ઊભી કરે છે. કૃષિ ક્ષેત્રમાં રોજગારી ઘટી રહી છે. ભારત સરકાર ફળદ્રુપ જમીનને વેચવા દેતી નથી, ખેડૂતને તેનું મબલખ વળતર મળે તોય ઉદ્યોગ ધંધા માટે ફળદ્રુપ જમીન વેચવી તે તેમને માટે પાપ ગણાય. ખેતીની જમીનને બિનખેતીની કરતા ઉદ્યોગકારોને આંખે પાણી આવી જાય છે અને તેમના ખિસ્સા ખાલી થઈ જાય છે. આવા તે નિયમો કે પ્રોસીજર્સ ચાલતા હશે? ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ પર ભારતનો ક્રમાંક કાંઈક સુધર્યો છે. પરંતુ હજી તેમાં સુધારાને ઘણો અવકાશ છે. ભારતમાં મેન્યુફેક્ચરિંગ ખનિજ ઉદ્યોગો માટે જમીન મેળવવા મહિનાઓ નીકળી જાય છે અને જમીન મળે તો પણ વેદાંત કંપની સાથે બન્યું તેમ સ્થાનિક લોકો કંપની સામે આંદોલન કરે છે.

અલબત્ત પ્રદૂષણ થાય તેમ હોય તો ઉદ્યોગનો વિરોધ કરવો. પરંતુ ઘણીવાર સિમેન્ટ પ્રોજેક્ટ સાથે બન્યું. જેમ ઉદ્યોગ બહુ ઓછું પ્રદૂષણ કરે પરંતુ હજારોને નોકરીઓ આપે તો પણ પ્રદૂષણના બહાના હેઠળ ફેક્ટરી સ્થાપવા દેવામાં આવતી નથી. કોઈક ઠેકાણે ઉદ્યોગોની સ્થાપના અને પ્રદૂષણ વચ્ચે સંતુલન કરવું પડશે. દિલ્હીના લોકોનું પ્રદૂષણ શું ઉદ્યોગો કરે છે? ના. **હરિયાણા અને પંજાબના અસંખ્ય ખેડૂતો તેમનો ઘાસરૂપી કચરો બાળીને દિલ્હીનું પ્રદૂષણ કરે છે.** શું તેથી તેઓને ખેતી કરતા બંધ કરી દેવાના? આ માટે કોઈ નવો ટેકનોલોજીકલ ઉપાય શોધવો પડશે – જેમ કે ખેતરના નકામા ઘાસમાંથી ઘર કે ઓફિસ માટે ફર્નિચર બનાવવા કે તેને પશુઓ માટે ખાદ્ય પદાર્થમાં ફેરવી નાખવું. પ્રદૂષણના નામે ઉદ્યોગો તે ના કરે કે ખૂબ ઓછું કરે તેવા નિયમો ઘડાયા છે. પરંતુ તેને કારણે

રૂઢિચુસ્તોની લોબી, ઉદ્યોગો જ ના જોઈએ અને બેક ટુ નેચરનું જીવન જ સારું અને હસ્ત ઉદ્યોગ કે કુટિર ઉદ્યોગો જ યંત્ર ઉદ્યોગો કરતા માનવજાત માટે કલ્યાણકારી એવી પાગલપણાની કક્ષાએ પહોંચતી માન્યતાઓને દૂર કરવી પડશે. યંત્રવિજ્ઞાન સાથે બ્રહ્મવિજ્ઞાન કે બ્રહ્મવિદ્યાની ઉપાસના કરવી તે પણ અસુસંગત અને હાસ્યાસ્પદ માન્યતા છે.

બ્રહ્મવિજ્ઞાનના નામનું કોઈ વિજ્ઞાન જ નથી. જ્યોતિષ વિજ્ઞાનનું પણ તેમ જ છે. **આપણે તો વિજ્ઞાન અને ટેક્નોલોજીની મદદથી બેરોજગારી દૂર કરવાની છે.** જે માટે કોઈ જાદુઈ છડી કે બ્રહ્મવિદ્યા આપણી પાસે નથી.

ઉદ્યોગ કે વ્યાપાર માટે ઉદ્યોગકારો અને વ્યાપારીઓને ગામડાની જમીન આપો - તેના પુષ્કળ ભાવ ખેડૂતોને મળે તો તેને પોતાની જમીન વેચવા દેવી જોઈએ. અહીં કયો મુદ્દો મુખ્ય છે? દેશમાં રોજગારી વધારવા અઢળક ઉદ્યોગ-ધંધા ઊભા કરો અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ જેમાં સીંગાપોર અને હોંગકોંગ ટોચ પર છે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરો. હજી આ બાબતમાં આપણે આગળ વધવાનું છે. પર્યાવરણની મંજૂરી મેળવવાનું કામ ઉદ્યોગકારોને હાર્ટ એટેકની સ્થિતિમાં મૂકી દે છે. આને લગતી સંસ્થાઓ ઉદ્યોગ માટે 'ટેરર' છે એવું વાતચીત દ્વારા જાણવા મળે છે. માઓ જેમ કહેતા હતા કે 'લેટ હન્ડ્રેડ ફ્લાવર્સ બ્લુમ' તેમ આપણે કહી શકીએ કે 'લેટ મિલિયન ઈન્ડસ્ટ્રીઝ બ્લુમ ઈન ઈન્ડિયા'. તેમાં દરજીની દુકાનો, ફુડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી, અનાજ દળવાની ઘંટી, જાત જાતની રીપેરિંગની દુકાનો વગેરેનો સમાવેશ થઈ જાય. આ બધા ક્યાં પ્રદૂષણ કરે છે? **પરંતુ હજી લોકમાનસમાંથી તદ્દન આઉટડેટેડ એવી ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરીની માન્યતા જતી નથી.** મગજમાંથી રસ્કીન, થોરો અને ટોલ્સટોય જતા નથી.

## ● ભારતમાં બેરોજગારી :

ભારતમાં ૧૯૮૦થી ૧૯૯૧ દરમિયાન સરાસરી આર્થિક વિકાસ ૪.૭ ટકા હતો પરંતુ રોજગારી વૃદ્ધિ ૬.૮ ટકા જેટલી મોટી હતી. **૧૯૯૧-૨૦૧૪ દરમિયાન સરાસરી વિકાસ દર ૮.૨ ટકા હતો જ્યારે તે દરમિયાન રોજગાર વૃદ્ધિ દર માત્ર ૧.૩ ટકા હતો.** ભારતની કેન્દ્રીય સરકાર કહે છે કે ભારતમાં રોજગારી વધી છે. તે અંગે કોઈ સમસ્યા નથી પરંતુ સરકાર વિરોધી પક્ષો કહે છે કે દેશમાં બેરોજગારી પ્રચંડ વધી છે. સેન્ટર ફોર મોનેટરિંગ ઈન્ડિયન ઈકોનોમિના અહેવાલ પ્રમાણે ૨૦૧૮ના વર્ષ દરમિયાન (૧લી જાન્યુઆરી, ૨૦૧૮થી ૩૧મી ડિસેમ્બર ૨૦૧૮) ભારતમાંથી એક કરોડ દસ લાખ નોકરીઓ ગૂમ થઈ ગઈ છે એટલે કે ઘટી ગઈ છે. આ અહેવાલે સરકાર પર મોટો ઘા કર્યો છે. તે એક પ્રામાણિક સંશોધન સંસ્થા છે. **વર્લ્ડ બેંકના રીપોર્ટ પ્રમાણે ભારતમાં પચાસ કરોડ વીસ લાખનો પ્રચંડ મોટો ફોર્સ છે.** ૨૦૧૮ના ફેબ્રુઆરી મહિનામાં ભારતમાં રોજગાર ધરાવનારાઓની સંખ્યા ૪૦.૬ કરોડની હતી જે ૨૦૧૯ના ફેબ્રુઆરીમાં ઘટીને ૪૦ કરોડ થઈ ગયાનો અંદાજ છે. વર્લ્ડ બેંકના અહેવાલ મુજબ ભારતમાં પચાસ કરોડ વીસ લાખ લોકોનો વર્કફોર્સ છે. નેશનલ સેમ્પલ સર્વે ઓફિસના રીપોર્ટ મુજબ ભારતમાં ૨૦૧૭-૨૦૧૮માં ભારતમાં બેરોજગારીનો આંક ૬.૧૦ ટકા હતો. ૨૦૧૮-૨૦૧૯ના ફેબ્રુઆરીમાં તે ૭.૨૦ ટકા હશે તેવો અંદાજ છે. ભારતની વસતી હજી ૧.૩ ટકાના દરે વધી રહી છે અને તે ૧૩૨ કરોડની થઈ ગઈ હશે તેવો અંદાજ છે. ખરો આંકડો ૨૦૨૧ની વસતિ ગણતરી જણાવશે. વધતી જતી વસતિને કારણે ૧૫થી ૫૯ વર્ષની વયના (રોજગારી માટેની વય) લોકોની સંખ્યામાં જોરદાર વધારો થતો જાય છે.

૨૦૨૧થી ૨૦૩૧ના દાયકામાં ભારતમાં રોજગારની વયના (૧૫ વર્ષથી ૫૯ વર્ષ) ૯.૨૦ કરોડ અને ૨૦૩૧થી ૨૦૪૧ દરમિયાન પાંચ કરોડ લોકો રોજગારની વયમાં દાખલ થશે. આ બધાનો ભાર ભારતનું અર્થકારણ કેવી રીતે સ્વીકારી શકશે? વસ્તી વધારે જાઓ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને બીજેપી વસતી વધારાને દેશની 'એસેટ' ગણે અને ડેમોગ્રાફિક ડિવિડંડની તદ્દન આધારહીન દલીલ કરે તેમને અર્થકારણની ખાસ ખબર જણાતી નથી. તેમને અર્થશાસ્ત્રનો જાણીતો લૉ ઑફ ડીમિનિશિંગ રીટર્ન્સની પણ જાણ હોય તેમ લાગતું નથી. વસતી વધારાને ઘટાડવાની બાબતમાં ભારતના તમામ રાજકીય પક્ષોમાં 'કોન્સ્પિરન્સી ઑફ સાઈલેન્સ' છે. તેની વાત શરૂ કરો તો મર્યા જ સમજો.

## ● પેરેડાઇમિક (મુળભૂત) ચેઇન્જનો અભાવ :

ભારતમાં બેકારીનો પ્રશ્ન જલ્દીથી ઉકલે તેવો નથી. **ચીન જેવું વિઝન અને કમિટમેન્ટ ભારતમાં નથી.** ભારતમાં બેકારીનો પ્રશ્ન 'જૂના અર્થશાસ્ત્રીય પેરેડાઈમ' દ્વારા ઉકેલી શકાય તેમ નથી. તેને માટે નવો પેરેડાઈમ જોઈએ પરંતુ ભારતમાં જ્યાં સુધી મોટીમસ કટોકટી (ક્રાઇસીસ) કે મોટું દેશવ્યાપી સંકટ ઊભું ના થાય ત્યાં સુધી દેશમાં પેરેડાઈમ પરિવર્તન આવતું નથી. ૧૯૯૧માં જ્યારે દેશ પાસે અઠવાડિયા સુધી ચાલે તેટલું હૂંડિયામણ હતું અને ઈંગ્લેન્ડને સોનું વેચવાની ફરજ પડી **ત્યારે નરસિંહરાવ અને મનમોહનસિંઘની જોડીએ અદ્‌ભુત મુળભૂત આર્થિક સુધારા કર્યા.** મોદી હજી અર્થશાસ્ત્રીમાં પેરેડાઈમિક ચેઈન્જ લાવી શક્યા નથી.

*સાભાર : "ગુજરાત સમાચાર"*

સ્વાવલંબન

# પેયજળ ક્ષેત્રે સ્વાવલંબી થવા પાણીનો કાર્યક્ષમ ઉપયોગ જરૂરી....

• અતુલ ઉપાધ્યાય - સિવિલ ઇજનેર •

પાણી, એ એક એવું તત્ત્વ છે જેને જીવસૃષ્ટિ સાથે શરૂથી અંત સુધી નહીં પરંતુ શરૂથી પહેલાં અને અંતથી પછી પણ સંબંધ છે.

ગળથુથીથી ગંગાજળ સુધી... પાણી... પાણી. જળ છે તેને જીવાય, પાણી બસ પીવાય.

પાણી અનેક રીતે બહુઆયામી તત્ત્વ છે. જ્ઞાનકોશ ભગવદ્ ગો-મંડલમાં પાણી શબ્દ અંગે આખા ૭ (સાત) પાના લખાયા છે. રંગ-ગંધ રહિત, પારદર્શક પ્રવાહી, વરસાદનું પાણી અંતરીક્ષ જળ કહેવાય. ખડકો, પહાડોમાં રહેલું ઔદભિક જળ એટલે હાર્ડ વોટર. ગુરૂત્થ મુજબ જોઈએ તો ૧૬ ભાગ ઑક્સિજન અને ૧ ભાગ હાઈડ્રોજન પાણીમાં હોય છે. તે ૩૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાને બરફ સ્વરૂપ થાય અને ૨૧૨ ડિગ્રી સેલ્સિયસે વરાળ થઈ ઉડી જાય.

પેયજળ ક્ષેત્રે સ્વાવલંબી થવું હવે અતિ આવશ્યક છે. **તે માટે પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO)નાં તજજ્ઞોના તારણ મુજબ વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં ભારતની લગભગ ૫૪% વસ્તીને જળસંકટનો સામનો કરવો પડશે.** એટલે કે ૧૩૩ કરોડની વસ્તીમાંથી લગભગ ૮૦ કરોડ લોકોને પાણી વેચાતું લઈ વાપરવું પડશે.

૩૦ લાખ વર્ષ પૂર્વે પૃથ્વીનાં સર્જન સમયે ૩૬૦ મિલિયન ક્યૂબિક માઈલ જેટલો પાણીનો જથ્થો હતો. એશિયા ખંડના ૩૬% પાણી જથ્થા ઉપલબ્ધિ પૈકી ભારત માટે ૪% જથ્થો ભાગે આવે છે. ગુજરાતમાં ૨.૩૪% છે. ગુજરાતનાં ૧૮,૦૦૦થી વધુ ગામડાઓમાંથી ૮૧૦૦ ગામોને પાણી સમસ્યાનો સામનો કરવો પડે છે. વળી ૧૦૦% ઉપલબ્ધ જથ્થામાંથી ૮૩% સિંચાઈ માટે વપરાય છે.

Water Foot Print (વોટર ફૂટ પ્રિન્ટ) એટલે કે જુદી જુદી વસ્તુ તથા ખાદ્ય પદાર્થોનાં ઉત્પાદન માટે પાણીનાં વપરાશ જોઈએ તો ૧ કપ ચા માટે ચાની ભૂકી, દૂધ, ખાંડ વગેરેનાં ઉત્પાદન દરમિયાન લેવાતા જથ્થાની ગણતરી. તે માટે કુલ ૩૫ લીટર પાણી જોઈએ. તેજ રીતે બે ત્રણ દાખલા જોઈએ તો ૧ કિલો ઘઉં માટે ૧૩૦૦ લીટર, ૧ કિલો ચોખા માટે ૩૪૦૦ લીટર, ૧ કિલો જુવાર માટે ૨૮૦૦ લીટર પાણી જોઈએ.

પાણીનાં કાર્યક્ષમ ઉપયોગ સાથોસાથ **પાણીની ગુણવત્તા જાળવણી એટલી જ જરૂરી છે. વિશ્વમાં ૫૦ ટકા દર્દીઓ પાણીજન્ય રોગોનાં દર્દીઓ જોવા મળે છે.** કુલ રોગો પૈકી ૮૦% રોગો પાણીજન્ય હોય છે.

પાણીની ગુણવત્તાની જાળવણીની શરૂઆત ક્યાંથી કરવી? તો એ આપણા સ્તરેથી જ.

ગ્રામ્ય સ્તરે ૧૦૦૦ લીટર પાણીમાં ૫ ગ્રામ બ્લિચિંગ પાવડર અથવા ૨૫ મિલિ સોડિયમ હાઈડ્રો ક્લોરાઇડનું દ્રાવણ નાખવું.

ઘરે ૧ માટલામાં ૧ ક્લોરિન ટીકડી વાટીને નાખી અડધા કલાક ઠારવા રાખી, પછી પાણી ઉપયોગમાં લેવું.

પેયજળ ક્ષેત્રે સ્વાવલંબી બનવું ખાસ જરૂરી છે. **નર્મદા આધારીત પાઈપ લાઇન યોજનાના પ્રથમ તબક્કામાં કચ્છમાં ૪૭૦ ગામો પૈકી ૩૦૦ ગામોમાં નર્મદાનું નીર અપાયું છે.**

- **પાણીની સમસ્યાને સાપેક્ષ ગણીને નિરપેક્ષ રહી શકાય તેમ નથી :**

સ્પેનિસ કવિ પિમિનેઝની અંગ્રેજી કાવ્ય પંક્તિના સુરેશ દલાલે કરેલ ગુજરાતી અનુવાદ મુજબ –

*ના, ના ત્યાં તો કંઈ કશું નહીં*
*કોઈ હતું નહીં ત્યાં તો ખાલી પાણી*
*પાણી તોયે કાંઈ નહીં ત્યાં?*

★ બાળક જે કાગળની હોડી તરાવે તે પણ પાણી, ને ટાઈટેનિક ને હાજી કાસમની વીજળી ડૂબાડે તે પણ પાણી.

★ ખળ ખળ વહેતું નિર્મળ જળ માટે એટલું જ કહેશું કે આખું જીવન પાણીમાં નહીં પણ આખા જીવનમાં પાણી.

★ સ્વામિ માધવપ્રિયદાસજી કહે છે કે આ નદીઓની જલધારાઓમાં પરમાત્માનું જીવનદાયક માધુર્ય વહી રહ્યું છે.

★ જેસલે પાપની કબૂલાતમાં સરોવરની પાળ તોડ્યાનું પાપ કબૂલ્યું છે. તે જમાનામાં તળાવની પાળને નુકસાની કરવી તે ગુનો ગણાતો.

ધોળાવીરા પુરાતન અવશેષોમાં જોવા મળેલ છે તેમાં વરસાદી પાણી સંગ્રહ સ્થાનો મૂકાયા હતા. વરસાદી પાણી સંગ્રહની પરંપરા ફરીથી જીવંત થઈ રહી છે. હવે નવા મકાન બાંધકામોની મંજૂરીમાં ઓથોરિટી દ્વારા વરસાદી પાણી સંગ્રહ (રૂફ ટોપ રેઈન વોટર હાર્વેસ્ટિંગ) કરવાની શરત મૂકાઈ છે.

આમ, હવે પેયજળ સંગ્રહ, ગુણવત્તા જાળવણી અને કાર્યક્ષમ ઉપયોગ થવા વોટર વિઝન ૨૦૧૮ને નજર સમક્ષ રાખી દરેક નાગરિકે સતર્કતા કેળવવી જોઈશે.

*"શ્રી", સી-૮૪૭, ઓઢવ સૃષ્ટિની સામે,*
*મુંદ્રા રીલોકેશન સાઈટ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

સંસ્થા માહિતી

# શ્રી લેઉઆ પાટીદારોના સ્વમાન ગૌરવનું શ્રદ્ધાતીર્થ
# વિશ્વનું પ્રથમ પંચતત્ત્વ મંદિર શ્રી અન્નપૂર્ણા ધામ - અડાલજ

• ભીમજી નાકરાણી •

આ ધરતી પર વસતા સમગ્ર જીવોના ભરણપોષણ માટે અન્નની અધિષ્ઠાતા દેવી મા અન્નપૂર્ણા શક્તિ સ્વરૂપે પ્રગટ થયા. આપણે કૃષિકર હોઈ ધરતી માતાના સંતાનો હોવાના નાતે કૃષિ વ્યવસાય સાથે જોડાયેલા હોઈ, દર વર્ષે સારી ફસલ થાય અને સમગ્ર પ્રજાને અન્ન મળી રહે તે માટે અન્નપૂર્ણાની આરાધના કરતા થયા. **તે રીતે લેઉઆ કણબી પાટીદારો મા અન્નપૂર્ણાના ઉપાસક છે તે યથાર્થ છે.** સૌને જીવનનિર્વાહ માટે અન્ન, વસ્ત્ર અને આશરો પૂરો પાડનાર મા અન્નપૂર્ણા પટેલોના આરાધ્યા દેવી કહેવાયા. વિશ્વના જીવોના ભરણપોષણ માટે ભગવાન સદાશિવે મા અન્નપૂર્ણા પાસે અન્નની ભીક્ષા માંગેલ, જે જગદ્ગુરુ શંકરાચાર્યે ભગવતી અન્નપૂર્ણાસ્ત્રોતમાં વર્ણવ્યું છે. તેથી સમગ્ર વિશ્વમાં સૌપ્રથમવાર કુદરતી દેન એવા પંચતત્ત્વો આકાશ, પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુની અનુભૂતિ દ્વારા અડાલજ, તા. ગાંધીનગર ખાતે લેઉઆ પટેલોના આરાધ્યદેવી **'મા અન્નપૂર્ણા'ના મંદિરની સાથે સાથે** ઉચ્ચ અભ્યાસ કરતાં યુવા વર્ગને ખાસ કરીને વિદ્યાર્થિનીઓને અભ્યાસ કરવામાં અનુકૂળતા રહે અને રહેવાની સગવડતા મળે તે માટે શૈક્ષણિક હેતુલક્ષી **અદ્યતન પ્રકારના છાત્રાલયનું નિર્માણ કરવા માટે** ગાંધીનગર અને ઉત્તર ગુજરાત, અમદાવાદ, સૌરાષ્ટ્ર વિસ્તારમાં વસતા લેઉઆ પાટીદાર સમાજના આગેવાનોએ મળી 'અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ અડાલજ'ની સ્થાપના કરેલ છે. હિંદુ ધર્મમાં ધન-ધાન્યની મુખ્ય બે દેવીઓની પૂજા થાય છે. **ધનની દેવી લક્ષ્મી અને ધ્યાનની દેવી મા અન્નપૂર્ણા.** મહાલક્ષ્મીના હાથમાંથી સુવર્ણ મુદ્રાઓની વર્ષા થાય છે, તો મહાદેવી અન્નપૂર્ણાના અખૂટ ભંડાર સમા ભીક્ષાપાત્રમાંથી ધાન્યનું વિતરણ થાય છે.

આખું વિશ્વ પરમાત્માનું મંદિર છે, પ્રાણીસૃષ્ટિ માટે છપ્પનભોગના પદાર્થોનું અન્ન પૂરું પાડનારી દેવી તે માતા અન્નપૂર્ણા, ધન-ધાન્યના અખૂટ ભંડાર ખોલી આપતી અને છએ રસોથી ભરેલી ધરતી તો આપણી અન્નપૂર્ણા માતા છે. તેથી કૃષિકર્મ કરનાર પાટીદારોનો સીધો સંબંધ અન્ન આપનારી ધરતીમાતા સાથે હોવાથી કણબી પટેલોના આરાધ્ય દેવી ગણાય છે.

લેઉઆ કણબીનો મૂળ ધંધો ખેતીકામ કરવાનો. આજથી ૧૮૦૦-૨૦૦૦ વર્ષ પહેલાં રાજાશાહી, સામંતશાહી અને નવાબશાહીનો જમાનો. આ જમાનામાં મારે તેની તલવાર અને બળિયાના બે ભાગ જેવી પરિસ્થિતિ હતી. તે સમયે ખેડૂતના કુટુંબો 'ગાજે ત્યાં ગિરાસ' તે કહેવત પ્રમાણે જ્યાં સારો વરસાદ હોય, સુશાસન હોય, શાંતિ હોય અને ઓછામાં ઓછો ત્રાસ હોય તેવા રાજ્યમાં સ્થળાંતર કરતા હતા. લેઉઆ પાટીદારો ઉત્તર ભારતમાં સારાં સ્થળો, સારી ઉપજાઉ જમીન અને જ્યાં શાંતિ હોય તેવા સ્થળોએ સ્થળાંતર કરી વસવાટ કરતા હતા. આમ વસવાટ કરતાં કરતાં લેઉઆ પાટીદારો જ્યારે પ્રથમ ગુજરાતમાં આવ્યા ત્યારે "અડાલજ"ની ભૂમિ ઉપર વસ્યા અને પછી સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્ર પ્રદેશમાં ગુજરાન અર્થે વસવાટ કરતાં થયેલ અને નાના નાના ગોળ-વાડામાં ફેરવાઈ ગયા. લેઉઆ પટેલો અડાલજ આવ્યા ત્યારે લેઉઆ પટેલોની આરાધ્ય દેવી મા અન્નપૂર્ણાની મૂર્તિ પણ સાથે લાવેલા.

સમય પસાર થતો ગયો. લેઉઆની વસ્તી વધતા બાપ-દાદાના વારસાની જમીન ટાંચી પડતી ગઈ. મૂળ તો આ મહેનતકશ પ્રજા. પગ વાળીને બેસી રહેવું ગમે નહીં. જમીન ટાંચી પડતાં જીવન નિર્વાહના સાધનો શોધતા શોધતા વિવિધ ક્ષેત્રના ધંધાઓ જેવા કે ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, બાંધકામ ઉદ્યોગ, કેળવણી ઉદ્યોગ, વૈદ્યકીય ક્ષેત્રનો ઉદ્યોગ વગેરેમાં પગપેસારો કરી ખંત અને ખૂબ જ મહેનતથી સર્વે ક્ષેત્રોમાં સારી એવી નામના કાઢી ધન રળ્યું છે. **ભારત દેશનો કે દુનિયાનો કોઈ પણ પ્રદેશ એવો નહીં હોય જ્યાં લેઉઆ પાટીદાર વસતો ન હોય.** ફક્ત ખામી એક જ વાતની છે કે આ પ્રજા નાના ગોળ-વાડામાં હોઈ અને વેરવિખેર હોવાથી છૂપી સંગઠન શક્તિનો પરચો આપણે બતાવી શકતા નથી.

સમયના બદલાતા પ્રવાહમાં હવે સૌ ગોળ-વાડા ભૂલી જઈ સંગઠિત થઇ, સમગ્ર લેઉઆ પાટીદારોના સામાજિક અને શૈક્ષણિક વિકાસના કાર્યમાં લાગી જવા માટે અને આ જ હેતુ માટે આરાધ્ય દેવી મા અન્નપૂર્ણાના નેજા હેઠળ "શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ - અડાલજ"ની સ્થાપના થઈ છે અને આ હેતુને પાર પાડવા માટે અડાલજ ગામના લેઉઆ પાટીદાર ભાઈઓએ ૫૦૦૦ ચોરસ વાર જમીન દાનમાં આપેલ છે. આ જમીનમાં મા

*એ સ્વીકારી લેવું જોઈએ કે સમસ્યા પજવવા નહીં પણ પકવવા આવી છે.*

અન્નપૂર્ણાનું મંદિર તેમજ શૈક્ષણિક હેતુ માટે સંસ્કારલક્ષી કુમાર અને કન્યા છાત્રાલય, હોલ, ફોટો ગેલેરી, લાઈબ્રેરી, સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્ર અને ડાઈનિંગ હોલનું નિર્માણ કરવાનો નિર્ણય કરેલ છે.

સૌ લેઉઆ પટેલો અન્નપૂર્ણાના નેજા હેઠળ સંગઠિત થઈ સમગ્ર લેઉઆ પાટીદારોના સામાજિક અને શૈક્ષણિક વિકાસ અર્થે મળેલી આ ભૂમિ ઉપર શ્રી અન્નપૂર્ણા માતાજીનું મંદિર, શ્રી અન્નપૂર્ણા ભોજનાલય અને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની વહીવટી સેવાઓ કે જેમાં ખૂબ જ પાછળ છીએ તે માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં યુવાધન સારી રીતે ભાગ લઈ અને વિશાળ સંખ્યામાં ઉત્તીર્ણ થાય તે માટે **યુવાવર્ગને જરૂરી માર્ગદર્શન અને તાલીમ પૂરી પાડવા માટેનું તાલીમ કેન્દ્ર તથા રહેવા માટેનું અદ્યતન કક્ષાનું કન્યા છાત્રાલય** બનાવવા માટેનું ખાતમુહૂર્ત કરેલ છે.

લેઉવા પટેલોએ ૧૮૦૦થી ૨૦૦૦ વર્ષ પહેલાં અડાલજમાં પ્રથમ પડાવ નાખ્યો અને મા અન્નપૂર્ણાને સાથે લાવી અહીં તેમની સ્થાપના કરી. આ ઐતિહાસિક વિરાસતની સ્મૃતિ સ્વરૂપે ફરી એકવાર મા અન્નપૂર્ણાના મંદિર સાથે વિશ્વનું પ્રથમ 'પંચતત્ત્વ' મંદિરનું નિર્માણ થયું છે. જ્યાં મંદિર માત્ર પ્રતીકાત્મક સ્વરૂપે છે. **અહીં તમામ સમાજ માટે પ્રવેશની છૂટ રહેશે.** અંધશ્રદ્ધાથી પર, એવા મા અન્નપૂર્ણાનું પવિત્ર સ્થાન એવા આ મંદિરમાં શ્રીફળ વધેરવાની વિધિથી પર હશે. સ્વચ્છ ભારત મિશનને પણ ધ્યાનમાં રખાશે. આ પરિસર માત્ર ધરતીપુત્રોની માતા તરીકે લેઉઆ પાટીદારોની એકતા માટેનું મધ્યબિંદુ બનવા જઈ રહ્યું છે ત્યારે આને ખૂબ જ સુંદર અને આગવું સ્થાન બનાવીને પટેલોની સંગઠન શક્તિને મજબૂત રીતે બહાર લાવશે. અડાલજ એ લેઉઆ પટેલોની માતૃભૂમિ હોવાથી સૌ લેઉઆ પટેલોએ આ કાર્ય સાથે મળીને પાર પાડવાનું છે અને અહીં દરેક લેઉઆ પટેલોએ આવવું જ જોઈએ.

ગત તા. ૫ માર્ચના રોજ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે આ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અને છાત્રાલયનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

આ આખો પ્રોજેક્ટ અંદાજિત રૂા. ૨૫ કરોડ ઉપરનો થવા જાય છે. આ સંસ્થાના ચેરમેન પદે શ્રી રવજીભાઈ વસાણી, પ્રમુખપદે શ્રી નરહરિ અમીન, મેનેજિંગ ટ્રસ્ટીપદે શ્રી બિપીન પટેલ, ઉપપ્રમુખ પદે શ્રી એન.પી. પટેલ અને સુરેશ પટેલ, **મંત્રી પદે શ્રી ભીમજી નાકરાણી અને ડો. હિમાંશુ પટેલ**, ખજાનચી પદે શ્રી અજિત પટેલ અને શ્રી ઉરેન પટેલ સેવા આપી રહ્યા છે.

શ્રી રવજીભાઈ વસાણી અને શ્રી નરહરિભાઈ અમીનની આગેવાનીમાં આ સંકુલનું કામ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. હાલ ૧૧ લાખવાળા ૧૧૧ જેટલા ટ્રસ્ટીઓ નોંધાયા છે અને સંકુલના મુખ્ય દાતાશ્રી રવજીભાઈ વસાણી, શ્રી કરશનભાઈ પટેલ (નિરમા ગ્રુપ) અને શ્રી પંકજભાઈ પટેલ (ઝાયડસ ગ્રુપ)એ – આ કાર્ય માટે માતબર દાન આપેલ છે. આ કાર્યમાં તમામ લેઉઆ પાટીદારો અને સમગ્ર સમાજને જોડાવવા આમંત્રણ છે. **આ મંદિર અડાલજથી કોબા રોડ ઉપર આવેલ છે. દર્શન માટે કોઈ પણ જ્ઞાતિ-જાતિ અહીં આવી પંચતત્ત્વની પૂજા કરી શકે છે. પ્રસાદીમાં નાનો છોડ આપવાનો પ્રારંભ થઈ ચૂક્યો છે.**

આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ પોતાના વક્તવ્યમાં કરેલાં કેટલાક સૂચનો...

શ્રી અન્નપૂર્ણાધામ - પંચતત્ત્વ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા અને છાત્રાલય ભૂમિપૂજન પ્રસંગે મા.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ૧૬ મિનિટના વક્તવ્યમાં ગુજરાતમાં વસતા પાટીદારોના ભારોભાર વખાણ કર્યા હતા. પંચતત્ત્વ મંદિરના વિચારને વધાવ્યો હતો. તેમણે તેમના વક્તવ્યમાં શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટના માધ્યમથી ત્રણ ઉમદા કાર્યની ભલામણ કરી હતી :

**૧.** લેઉઆ પાટીદારો ખૂબ સુખી સંપન્ન છે. સરકારના સહયોગથી અને સ્વમેળે અહીં મા અન્નપૂર્ણાના દર્શને આવનારને પ્રસાદીમાં એક નાનો છોડ આપી તેના ઉછેર માટે ભલામણ કરી હતી અને કહ્યું હતું કે આ રીતે હજારો વૃક્ષોનો ઉછેર કરી આપણે ખરેખર માતાજીને યાદ કર્યા ગણાશે. આ ઉત્તમ વિચારને અમલમાં મૂકવા જેવો છે.

**૨.** કોઈપણ લેઉઆ પટેલને ત્યાં દીકરી જન્મે ત્યારે તે અહીં આ અન્નપૂર્ણા ધામમાં આ દીકરીને પગે લગાડવા આવે અને ધરતી માતાની સાક્ષીએ દીકરીને જાળવીને ઉછેર કરે. આ દ્વારા બેટી બચાવોનો મેસેજ સૌ સુધી પહોંચાડી શકાય છે અને સમગ્ર રાજ્ય અને દેશમાં મા અન્નપૂર્ણાનું સ્થાન સૌ જાણતા થશે.

**3.** મા અન્નપૂર્ણાની કાયમી યાદ માટે જેમના ઘેર લગ્ન કે અન્ય પ્રસંગ હોય તે ઘરના લોકો પાંચ કે દસ વૃક્ષો દત્તક લઈ તેના ઉછેરમાં સહયોગ આપે. ક્યાંય પણ પડતર જમીન ઉપર આ ટ્રસ્ટ અન્નપૂર્ણા વન ઊભું કરે. આ વૃક્ષો ત્યાં વાવીને જે-તે વ્યક્તિના નામે જાળવણી કરવાથી ભવિષ્યમાં વન ઊભું કરી - ખરા અર્થમાં આ પંચતત્ત્વ મંદિરનો ભાવાર્થ સિધ્ધ કરવો જોઈએ. આ વિચાર પણ અમલમાં મૂકી શકાય તેવો છે. અંધશ્રદ્ધાથી પર વિશ્વના પ્રથમ એવા આ પંચતત્ત્વ મંદિર માટે ટ્રસ્ટના સંચાલકોનો વડાપ્રધાનશ્રીએ આભાર વ્યક્ત કર્યો હતો.

*મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨*
*E-mail : loksevatrust2004@gmail.com*

વિશેષ માહિતી

# ૧૬મી લોકસભાની રસપ્રદ માહિતી

- બહુમતી તો ભાજપની હતી, પણ નાના-મોટા કુલ મળીને ૩૬ પક્ષના સભ્યો વિજેતા થયા હતા. સ્વાભિમાની પક્ષ, પીએમકે, આરએલડી વગેરે જેવા ૧૧ પક્ષો હતા, જેના એક-એક સભ્યને સંસદમાં જવાની તક મળી હતી. તેની સામે ભાજપના ૨૬૮ સભ્યો હતા.
- વિવિધ વ્યવસાય ધરાવતા લોકો સંસદમાં પ્રતિનિધિત્વ કરતા હોય છે. ૧૬મી લોકસભામાં ૧૪૬ સાંસદો કૃષિકાર, ૮૯ સાંસદ સમાજ સેવકો, ૭૨ સાંસદ બિઝનેસ પર્સન, ૫૪ સાંસદ ઍડવોકેટ, ૨૭ તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા, ૩૮ પોલિટિકલ એન્ડ સોશિયલ વર્કર, ૯ પ્રોફેસર, ૭ ફિલ્મ કલાકાર, ૬ શિક્ષક... એમ વિવિધ પ્રકારના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો સાંસદ બન્યા હતા.
- ઇતિહાસમાં પહેલી વખત એવું થયું હતું કે વિપક્ષને કુલ બેઠકની ૧૦ ટકા કરતા પણ ઓછી બેઠક મળી હતી. માટે સત્તાવાર રીતે કોઈને પણ લીડર ઑફ ધ ઑપૉઝિશન (વિરોધપક્ષના નેતા)નું પદ આપવામાં આવ્યું ન હતું. આઝાદી પછી કોંગ્રેસને સૌથી ઓછી ૪૪ બેઠક મળી હતી. કોંગ્રેસના નેતા મલ્લિકાઅર્જુન બિનસત્તાવાર રીતે વિરોધ પક્ષના નેતા તરીકે સંસદમાં વર્ત્યા હતા.
- ૧૬મી લોકસભામાં સૌથી વધુ ૧૫.૩૬ ટકા (૮૦) સાંસદો ઉત્તર પ્રદેશના હતા. મેઘાલય, મિઝોરમ, સિક્કીમ અને નાગાલેન્ડ એક-એક સભ્ય (૦.૨૦ ટકા) ધરાવે છે.
- મહિલા અનામત થિયરીમાં સારી લાગે, કોઈ પક્ષ તેનો પ્રેક્ટિકલી અમલ કરવા માંગતો નથી. માટે ૮૭.૫૫ ટકા સાંસદ પુરુષ હતા. ૧૨.૪૫ ટકા (એટલે કે ૬૫) સાંસદ મહિલા હતી.
- ૫૪૨માંથી કુલ ૩૩.૬૮ ટકા સાંસદો સામે ગંભીર ગુના નોંધાયેલા હતા. ૧૩.૪૭ ટકા સામે ગંભીર ન કહી શકાય એવા ગુના નોંધાયા હતા.
- ૧૬મી લોકસભામાં કુલ ૩૧૨ બેઠક (સિટિંગ) થઈ હતી. એમાંથી સરેરાશ સાંસદો ૨૨૧માં હાજર રહ્યા હતા. દિલ્હીના સાંસદો સૌથી વધુ ૨૮૯ સિટિંગમાં હાજર હતા. નાગાલેન્ડના ૨ સાંસદ સૌથી ઓછા ૮૮ સિટિંગમાં પહોંચી શક્યા હતા.
- ૧૬મી લોકસભામાં કુલ મળીને ૨૭૩ બીલ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૨૪૦ પાસ થયા હતા. ૧૦ બીલ પાછા ખેંચાયા હતા, જ્યારે ૨૩ પેન્ડિંગ રહ્યા છે.
- ૧૬મી લોકસભામાં ૮ સભ્યો એવા હતા, જેમની ઉંમર ૮૦ વર્ષથી વધારે હતી. એ પછી ૭૧થી ૮૦ વર્ષ વચ્ચેના ૫૩ સાંસદ, ૬૧થી ૭૦ વચ્ચેના ૧૬૧ સાંસદ, ૫૧થી ૬૦ વચ્ચેના ૧૬૪ સાંસદ, ૪૧થી ૫૦ વચ્ચેના ૧૦૩ સાંસદ અને ૪૦થી નીચેના હોય એવા ૪૬ સાંસદ હતા. સૌથી ઉંમરલાયક ૯૧ વર્ષના એલ.કે. અડવાણી હતા. એ પછી દેવગૌડા (૮૫ વર્ષ) મુરલી મનોહર જોશી (૮૫), ભુવનચંદ્ર ખંડુરી (૮૪), ગુજરાતના લીલાધર વાઘેલા (૮૪) વગેરેનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશના ગોરખપુરમાંથી વિજેતા થયેલા પ્રવીણકુમાર નિષાદની ઉંમર ૩૦ વર્ષ છે, માટે એ સૌથી યુવા સાંસદ હતા. એ રીતે હિસારના સાંસદ દુષ્યંત ચૌટાલા પણ ૩૦ વર્ષના હતા.
- ૫૪૨માંથી ૪૪૩ (૮૨ ટકા) સાંસદો પાસે એક કરોડ કે તેનાથી વધુની સંપત્તિ હતી. દરેક સાંસદની સરેરાશ સંપત્તિ ૧૪.૭ કરોડ નોંધાઈ હતી.
- દરેક સાંસદને પોતાના મત વિસ્તારના વિકાસ માટે રૂપિયા ૨૫ કરોડનું ફંડ મળતું હોય છે. ઘણા સાંસદો એટલા બધા આળસુ હોય છે કે પોતાના મત વિસ્તાર માટે એ રકમ ખર્ચી શકતા નથી. એટલે ૧૬મી લોકસભા પૂરી થઈ ત્યારે કુલ મળીને મેમ્બર્સ ઑફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલપમેન્ટ (એમ.પી.એલ.એ.ડી.)માં ૧૭૩૪.૪૩ કરોડની રકમ વપરાયા વગરની પડી રહી હતી! તો પણ ૯૧.૮૪ ટકા ફંડ વપરાયું હતું. દરમિયાન ન વાપરી શકનારા સાંસદોમાં ખુદ નરેન્દ્ર મોદીનો પણ સમાવેશ થાય છે. એમના ફંડમાંથી પણ ૨.૨૭ કરોડની રકમ જમા બોલે છે! તો ગુજરાતના બધા સાંસદોએ મળીને ૫૩.૯૮ કરોડની રકમ વાપરી નથી.
- સરેરાશ સાંસદે પાંચ વર્ષ દરમિયાન ૧૬મી લોકસભામાં ૨૫૧ સવાલ પૂછ્યા હતા. નાગાલેન્ડના બે સાંસદોએ માત્ર ૨-૨ સવાલ જ કર્યા હતા.
- લોકસભાના ૧૩ ટકા સાંસદો મેટ્રિક સુધી પણ ભણ્યા ન હતા. ૧૦ ટકા મેટ્રિક પાસ, ૪૧ ટકા ગ્રેજ્યુએટ, ૨૮ ટકા પોસ્ટ ગ્રેજ્યુએટ, ૬ ટકા ડૉક્ટરેટ સુધી ભણ્યા હતા.

*ખોટો પૂજાય નહીં, સાચો મૂંઝાય નહીં એનું સતત ધ્યાન રાખવું જોઈએ.*

## લોકસભામાં કયા રાજ્યનું કેટલું મહત્ત્વ?

બેશક, સૌથી વધુ મહત્ત્વનું રાજ્ય ઉત્તર પ્રદેશ છે કેમકે તેની પાસે ૫૪૩માંથી ૮૦ બેઠક છે. પાર્લામેન્ટ જો કે બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિત્વથી બને છે. અહીં જુઓ કોનું પ્રતિનિધિત્વ કેટલું છે!

| ક્રમ | રાજ્ય | પ્રતિનિધિત્વ (ટકા) |
|---|---|---|
| ૧. | ઉત્તર પ્રદેશ | ૮૦ (૧૫.૭૫) |
| ૨. | મહારાષ્ટ્ર | ૪૮ (૯.૪૫) |
| ૩. | પશ્ચિમ બંગાળ | ૪૨ (૮.૨૭) |
| ૪. | તમિલનાડુ | ૩૯ (૭.૬૮) |
| ૫. | બિહાર | ૩૮ (૭.૪૮) |
| ૬. | કર્ણાટક | ૨૭ (૫.૩૧) |
| ૭. | મધ્ય પ્રદેશ | ૨૭ (૫.૩૧) |
| ૮. | ગુજરાત | ૨૬ (૫.૧૨) |
| ૯. | રાજસ્થાન | ૨૩ (૪.૫૩) |
| ૧૦. | આંધ્ર પ્રદેશ | ૨૦ (૩.૯૪) |
| ૧૧. | ઓડિશા | ૧૯ (૩.૭૪) |
| ૧૨. | કેરળ | ૧૮ (૩.૫૪) |
| ૧૩. | તેલંગાણા | ૧૫ (૨.૯૫) |
| ૧૪. | ઝારખંડ | ૧૪ (૨.૭૬) |
| ૧૫. | આસામ | ૧૪ (૨.૭૬) |
| ૧૬. | પંજાબ | ૧૩ (૨.૫૬) |
| ૧૭. | છત્તીસગઢ | ૧૦ (૧.૯૭) |
| ૧૮. | હરિયાણા | ૧૦ (૧.૯૭) |
| ૧૯. | ઉત્તરાખંડ | ૫ (૦.૯૮) |
| ૨૦. | હિમાચલ પ્રદેશ | ૪ (૦.૭૯) |
| ૨૧. | જમ્મુ-કાશ્મીર | ૪ (૦.૭૯) |
| ૨૨. | મણિપુર | ૨ (૦.૩૯) |
| ૨૩. | ત્રિપુરા | ૨ (૦.૩૯) |
| ૨૪. | અરુણાચલ પ્રદેશ | ૨ (૦.૩૯) |
| ૨૫. | ગોવા | ૨ (૦.૩૯) |
| ૨૬. | મેઘાલય | ૧ (૦.૨૦) |
| ૨૭. | મિઝોરમ | ૧ (૦.૨૦) |
| ૨૮. | સિક્કીમ | ૧ (૦.૨૦) |

| ક્રમ | કેન્દ્રશાસિત પ્રદેશ | પ્રતિનિધિત્વ (ટકા) |
|---|---|---|
| ૧. | દિલ્હી-એનસીઆર | ૭ (૫૭.૮૫) |
| ૨. | આંદામાન-નિકોબાર | ૧ (૭.૬૯) |
| ૩. | ચંદીગઢ | ૧ (૭.૬૯) |
| ૪. | દાદરા નગર હવેલી | ૧ (૭.૬૯) |
| ૫. | દમણ-દીવ | ૧ (૭.૬૯) |
| ૬. | લક્ષદ્વીપ | ૧ (૭.૬૯) |
| ૭. | પોંડિચેરી | ૧ (૭.૬૯) |

## ચૂંટણી માહિતી કેન્દ્ર

તમારું નામ મતદાર યાદીમાં છે કે નહીં? તમારે કયા બુથ પર મતદાન કરવાનું છે? તમારા વિસ્તારમાં કેટલા લોકોએ ઉમેદવારી નોંધાવી છે? આ બધા સવાલોના જવાબ અત્યારે આપણને ઘરે બેઠા મળે છે. ઇન્ટરનેટ અને ટેકનોલોજીના વ્યાપથી આજ આ બધી માહિતી મેળવવી એકદમ સરળ છે.

પરંતુ આજથી ૬૦ વર્ષ પહેલાં સરળ નહોતું. ચૂંટણી પંચ દ્વારા દેશમાં વિવિધ જગ્યાઓ પર માહિતી કેન્દ્ર ખોલવામાં આવતા હતા. જેમાં પોસ્ટ અને ટેલિગ્રાફ વિભાગ ઊભો કરવામાં આવતો હતો. જ્યાં જે તે વિસ્તારના ઉમેદવારો, મતદારો અને અન્ય માહિતી રાખવામાં આવતી હતી.

આજે જે કામ કોમ્પ્યુટર અથવા તો ટેકનોલોજીની મદદ વડે ચપટી વગાડતા થાય છે તે બધા કામ તે સમયે મેન્યુઅલી થતા હતા. દરેક કેન્દ્ર પર મોટી સંખ્યામાં કર્મચારીઓ કામ કરતા. ટેલિફોન અને પોસ્ટ વડે માહિતી એકઠી કરી દેશભરના અન્ય કેન્દ્રો સાથે સંપર્કમાં રહેતા. પરિણામના દિવસે અત્યારે આપણને દરેક સેકન્ડના સમાચાર ઘરે સોફા પર બેઠા બેઠા મળે છે, પરંતુ તે સમયે પરિણામના દિવસે ચૂંટણી માહિતી કેન્દ્ર પર રીતસરની આંકડાઓની માયાજાળ સર્જાતી હતી. બ્લેક બોર્ડના માધ્યમથી પરિણામની વિગતો આપવામાં આવતી હતી.

*યોગી ના બની શકાય તો કંઈ નહીં પરંતુ બીજાને ઉપયોગી તો બની રહેવું જોઈએ.*

અમૃતજળ

# દગો પરિસ્થિતિ કરે છે અને બદનામ કિસ્મત થઈ જાય છે.



ભોલાભાઈ ગોલીબાર

સિકંદર એ પાણીની તલાશમાં હતો, જેને પીવાથી માણસ અમર બની જાય. ઘણા દિવસ સુધી એ આખી દુનિયામાં ભટક્યો. આખરે જ્યાંથી અમૃતજળ મળતું હતું એ જગ્યા એને મળી ગઈ. એ જગ્યાએ પહોંચી ગયો જ્યાં અમૃતજળ વહેતું હતું. સિકંદરે એક વાટકામાં અમૃતજળ ભર્યું અને જેવો એ અમૃતજળ પીવા માટે વાટકો મોઢા પાસે લઈ ગયો, ત્યાં અચાનક એક ઘરડી વ્યક્તિએ બૂમ મારી, ‘ઓ માનવી, રોકાઈ જા. આ ભૂલ કદી ના કરતો.’

જ્યાં અમૃતજળ વહી રહ્યું હતું, એની બાજુમાં આવેલી ગુફામાં રહેતા એ ઘરડી વ્યક્તિની દુર્દશા જોઈ સિકંદર રોકાઈ ગયો. સિકંદરે ગુફામાં જઈ ગુસ્સે થતા કહ્યું, ‘તું મને રોકનાર કોણ છે?’

ઘરડા માણસે જવાબ આપ્યો, ‘હું પણ આ અમૃતજળની તલાશમાં હતો. તારી જેમ હું પણ આ જળ પી ગયો. હવે હું મરી નથી શકતો... હવે હું મરવા ચાહું છું પણ હવે હું મરી નથી શકતો. જોઈ લે મારી હાલત. હું આંધળો થઈ ગયો છું... મારા પગ ગળી ગયા છે. હવે હું ચીખી-ચિલ્લાઈ રહ્યો છું કે કોઈ આવીને મને મારી નાખે. પણ મને કોઈ મારી પણ નથી શકતું. હવે હું પરમાત્માને પ્રાર્થના કરું છું કે ભગવાન, તું મને મોત આપી દે.’

સિકંદર ચૂપચાપ ગુફામાંથી બહાર નીકળી ગયો. એણે અમૃતજળ પીધા વિના પાછા ફરવાનું નક્કી કરી લીધું. સિકંદર સમજી ગયો હતો કે **જીવનનો આનંદ ત્યાં સુધી જ રહે છે જ્યાં સુધી એ આનંદ માણી શકવાની સ્થિતિ અને શક્તિ હોય છે. એટલે સ્વાસ્થ્યની રક્ષા કરો, તંદુરસ્તીનું ધ્યાન રાખો. જે જીવન મળ્યું છે એને ભરપૂર જીવો.** હંમેશાં ખુશ રહો... કારણકે દુનિયામાં સમય જ સિકંદર છે....

★

ભણેલા અને ગણેલા વચ્ચે શું ફરક છે?

પરીક્ષામાં પ્રશ્ન પૂછવામાં આવ્યો કે ક્રિકેટમાં એક ઓવરમાં કેટલા બોલ હોય છે?

ભણેલાએ જવાબ આપ્યો, ૬ બોલ.

ગણેલાએ જવાબ આપ્યો, બોલ એક જ હોય છે, પણ નાખવાનો છ વાર હોય છે.

★

*બુરાઈ વોહી કરતે હૈં જો બરાબરી નહીં કર સકતે,*
*બસ એક તજુર્બા લિયા હૈ જિંદગીસે અપનો કે*
*નજદીક રહના હૈ તો ‘ખામોશ રહો’*
*ઔર અપનો કો નજદીક રખના હૈ*
*તો કોઈ ભી બાત દિલ પર મત લો.*

*ગોલીબાર પબ્લિકેશન્સ, કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## ફેસ બુક - યુ ટ્યુબ - વૉટ્સ એપ

ચીનની વસતિ અંદાજે ૧૪૦ કરોડની છે.

ભારતની વસતિ અંદાજે ૧૩૦ કરોડની છે.

દુનિયાની કુલ વસતિ ૭૦૦ કરોડની છે.

૨૦૦૪માં ફેસબુક શરૂ થયું ત્યારે તેના યુઝર્સ ૧૦ લાખ હતા જ્યારે આજે તેના યુઝર્સનો આંકડો અંદાજે ૨૫૦ કરોડે પહોંચી ગયેલ છે.

માર્ક ઝુકરબર્ગે બનાવેલ આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મની વાર્ષિક રેવન્યુ ૨૮ અબજ ડોલર છે, જ્યારે તેનો નેટ નફો ૧૨ અબજ ડોલરનો છે.

ઈન્સ્ટાગ્રામ, ફેસબુક મેસેન્જર, વૉટ્સ એપ, ઓક્યુલસ વી આર જેવા સોશિયલ પ્લેટફોર્મ ફેસબુકની માલિકીના છે.

એક્ટીવ યુઝર્સની બાબતે ફેસબુક પછી યુ-ટ્યુબ આવે છે કે જેના યુઝર્સ ૧૫૦ કરોડની સંખ્યા ધરાવે છે. યુ ટ્યુબ પછી વૉટ્સ એપનો ક્રમ આવે છે જેના યુઝર્સનો આંકડો ૧૨૦ કરોડનો છે.

***ભારતીય યુવાને તેના પરથી દાખલો લઈ પોતાની કાબેલિયત બતાવવાનો સમય આવી ગયો છે. ભારતીય સમાજે પણ આ પ્રકારનું વાતાવરણ ઊભું કરવું જરૂરી છે.***

*સત્ય સમજાય છે પરંતુ સાચા સમયે નથી સમજાતું એ જીવનની બહુ મોટી કરુણતા છે.*

ગુજરાતી કથાગીતો
મણકો-૫

## મૈત્રી પ્રેમનું અમર કથાગીત :
# મિત્ર-ગોષ્ઠિ

• સંકલન : જીના વીરેન શેઠ •

**(રાગ : રામશ્રી)**

પછી શામળિયોજી બોલિયા, તને સાંભરે રે?
હાજી નાનપણાનો નેહ, મને કેમ વીસરે રે?
આપણ બે મહિના પાસે રહ્યા, તને૦
હાજી સાંદીપનિ ઋષિને ઘેર. મને૦ ૧

અન્નભિક્ષા માગી લાવતા, તને૦
હાજી, જમતા ત્રણે ભ્રાત. મને૦
આપણ સૂતા એક સાથરે, તને૦
સુખ-દુઃખની કરતા વાત. મને૦ ૨

પાછલી રાતના જાગતા, તને૦
હાજી કરતા વેદની ધુન્ય. મને૦
ગુરુ આપણા ગામે ગયા, તને૦
હાજી કોઈ એકને જાચવા મુન્ય. મને૦ ૩

કામ કીધું ગોરાણિયે, તને૦
કહ્યું લેઈ આવોને કાષ્ઠ, મને૦
શરીર આપણાં ઊકળ્યાં, તને૦
હાજી માથે તપ્યો અરીષ્ટ. મને૦ ૪

ગોરાણીએ ખાવું બંધાવિયું, તને૦
ચણા પોચા વળી સાર; મને૦
તમો છાના આરોગિયા, તને૦
તમે કહ્યો દરિદ્ર મહારાજ. મને૦ ૫

સ્કંધ કહોવાડા ધર્યા, તને૦
ઘણું દૂર ગયા રણછોડ; મને૦
આપણે વાદ વધ્યા ત્રણે બાંધવા, તને૦
હાજી, ફાડ્યું મોટું ખોડ. મને૦ ૬

ત્રણે ભારા બાંધ્યા દોરડે, તને૦
હાજી, આવ્યા બારે મેહ, મને૦
શીતળ વાયુ વાયો ઘણો, તને૦
ટાઢે થરથર ધ્રૂજે દેહ, મને૦ ૭

નદીએ પૂર આવ્યું ઘણું, તને૦
ઘન વરસ્યો મુશળધાર. મને૦
એકે દિશા સૂઝી નહીં, તને૦
થયા વીજ તણા ચમકાર. મને૦ ૮

ગુરુજી ખોળવા નીસર્યા, તને૦
કહ્યું સ્ત્રીને, કીધો તેં કેર, મને૦
આપણને હૃદયાશું ચાંપિયા, તને૦
પછેં તેડીને લાવ્યા ઘેર. મને૦ ૯

ગોરાણી ગૌ દો'તાં હતાં, તને૦
હતી દોણી માગ્યાની ટેવ, મને૦
નિશાળે બેઠાં હાથ વધારિયો, તને૦
હાજી, દીધી દોણી તતખેવ. મને૦ ૧૦

જ્ઞાન થયું ગુરુપત્નીને, તને૦
તમને જાણ્યા જગદાધાર. મને૦
ગુરુ દક્ષિણામાં માગિયું, તને૦
હાજી, મૃત્યુ પામ્યો જે કુમાર, મને૦ ૧૧

મેં સાગરમાં ઝંપલાવિયું, તને૦
તમે શોધ્યાં સપ્ત પાતાળ, મને૦
હું પંચાનન શંખ લાવિયો, તને૦
હાજી, દૈત્યનો આણ્યો કાળ. મને૦ ૧૨

જમનગર પછે હું ગયો, તને૦
પછે આવી મળ્યો જમરાય, મને૦
પુત્ર ગોરાણીને આપિયો, તને૦
હાજી, પછે થયા વિદાય, મને૦ ૧૩

આપણ તે દહાડાના જૂજવા, તને૦
હાજી, ફરીને મળિયા આજ, મને૦
હું તુજ પાસે વિદ્યા ભણ્યો, તને૦
મને મોટો કર્યો મહારાજ, મને૦ ૧૪

**વલણ**

મહારાજ લાજ નિજ દાસની, વધારો છો શ્રી હરિ;
પછી દરિદ્ર ખોવા દાસનાં, સૌમ્ય દૃષ્ટિ શ્યામે કરી. ૧૫

***(કડવું ૧૦) – પ્રેમાનંદ***
***(આશરે સંવત ૧૬૪૦થી ૧૭૧૨)***

● **કથાવસ્તુ :**

કવિ પ્રેમાનંદ દ્વારા રચિત 'સુદામા ચરિત્ર' એ ભાગવતની કૃષ્ણકથાનો ગૌણ અંશ છે. ભાગવતના દશમ સ્કંધના ૮૦-૮૧મા અધ્યાયમાં સુદામાની કથા આવે છે.

● **કૃતિ પરિચય :**

પ્રેમાનંદે ભાગવતની કથાનો રસમય વિસ્તાર કર્યો છે. ૧૪ કડવામાં (કડવું એટલે કડીઓનો સમૂહ) રચાયેલી આ કૃતિમાં પ્રસ્તુત કડવું (૧૦મું કડવું) મિત્રગોષ્ઠિ સ્વરૂપે ખૂબ પ્રચલિત છે. તેમાં શ્રીકૃષ્ણ અને સુદામાની બાળપણની મૈત્રીનાં સંભારણાં સંવાદ રૂપે રજૂ થયા છે.

● **અન્ય કૃતિઓ :**

ભાગવતમાંની આ કથાને આધારે ગુજરાતીમાં સંખ્યાબંધ કૃતિઓ રચાઈ છે. કવિ સોમે 'સુદામાસાર', નરસિંહ મહેતાએ 'સુદામા ચરિત્ર', ભાલણે, જગન્નાથે, ભીમે, સુંદર મેવાડાએ અને મોતીરામે પણ સુદામાની કથાઓ આલેખી છે. આ સર્વમાં નરસિંહનું 'સુદામા-ચરિત્ર' ભક્તિભાવની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. તો કાવ્યકૃતિ તરીકે પ્રેમાનંદનું આ આખ્યાન ઉત્તમ કોટિનું છે.

● **પ્રેમાનંદના 'સુદામા ચરિત્ર'ની વિશેષતા :**

નરસિંહ ભાગવત કથામાંના ભક્તિભાવને સારો ઉઠાવ આપે છે જ્યારે પ્રેમાનંદ તો રસરાજવી છે. તેનાં આખ્યાનોમાં સમકાલીન લોકજીવનની છાયા પણ પડેલી દેખાય છે. તેની વર્ણનકથા, પાત્રોનું જીવંત નિરૂપણ, કરુણ અને હાસ્યનો સમાંતર વહેતો પ્રવાહ, પાત્રોની ભાવરેખાઓ પ્રેમાનંદને સર્વોત્તમ આખ્યાન-કવિ બનાવે છે. 'સુદામા ચરિત્ર' એ કવિનાં ઉત્તમ આખ્યાનોમાંનું એક છે જેમાં પ્રેમાનંદનું કવિકર્મ પદેપદે પ્રતીત થાય છે.

● **'સુદામા ચરિત્ર' :**

'સુદામા ચરિત્ર' એટલે સુદામાના જીવન પ્રસંગો જેમાં વર્ણવાયા છે તે કૃતિ. (ચર્ - જવું, ચરિત - જવું તે) જીવનના પ્રસંગોમાં જવું તે.

સુદામા — એક બ્રાહ્મણ ઋષિ, શ્રીકૃષ્ણના પરમ મિત્ર, સખા, ભક્ત છે. જોકે ભાગવતમાં સુદામાના નામનો ઉલ્લેખ નથી, 'એક ચીંથરેહાલ બ્રાહ્મણ મિત્ર' એવો ઉલ્લેખ છે.

● **કૃષ્ણ-સુદામાની પૂર્વકથા :**

સાંદીપનિ ઋષિ અવંતી નગરીના રહેવાસી અને કાશ્યપ નામના ઋષિના પુત્ર હતા. કૃષ્ણ અને તેમના મોટાભાઈ બલરામ ઉપનયન સંસ્કાર લીધા પછી એમને ત્યાં વેદાધ્યયન કરવા માટે રહ્યા હતા. ત્યાં તેમની સાથે એક બ્રાહ્મણ પણ અભ્યાસ કરતો હતો. (સુદામાના નામનો ઉલ્લેખ નથી.)

ભણતર પૂરું કર્યા પછી શ્રીકૃષ્ણ દ્વારિકા નગરીના રાજા થયા અને સુદામા આર્થિક દૃષ્ટિએ ગરીબ જ રહ્યા. પત્નીનાં રુદન અને અન્ન વિના ટળવળતાં બાળકોની દુર્દશાથી વ્યથિત થયેલા સુદામા દ્વારિકા જવાનો નિશ્ચય કરે છે. સાથે છે પડોશણ પાસેથી ઉછીના લાવેલા તાંદુલની ભેટ.

સુદામો આવ્યો છે એ વાતની જાણ થતાં જ શ્રીકૃષ્ણ તેને મળવા રીતસરની દોટ મૂકે છે. **શ્રીકૃષ્ણ નથી તો મોજડી પહેરવા રોકાતા કે નથી જમીન પર ઘસડાતાં પીતાંબરને ઊંચકવા રોકાતા. એ તો મારો સુદામો... મારો સુદામો... કહેતાં દોડી જ જાય છે. જાણે મિત્રપ્રેમનો નિર્મળ આનંદ તેમના અણુએ અણુમાં પ્રસરી રહ્યો ન હોય!** તો સુદામા પણ શ્રીકૃષ્ણનાં દર્શન થતાં જ તેનાં નેત્રોમાંથી હર્ષાશ્રુ વહી જાય છે. મિત્રને ખૂબ પ્રેમથી આલિંગન આપી તેનું ભાવભીનું સ્વાગત સત્કાર કરી, તેના કુશળ વર્તમાન પૂછે છે અને પછી બંને મિત્રો ભૂતકાળનાં સંસ્મરણોમાં ખોવાઈ જાય છે. તેની કથા કહેતું પ્રસ્તુત કડવું આપણને પણ બંને મિત્રોની ઊર્મિના ભાવાવેશનો અનુભવ કરાવી જાય છે. નાનપણના નેહને યાદ કરતાં આ મિત્રોનું હૃદયકાવ્ય આપણે ત્યાં ચિરંજીવ બન્યું છે.

● **પ્રસ્તુત કડવાની કથા :**

પ્રસ્તુત કડવું સંવાદાત્મક છે. એક પંક્તિ શ્રીકૃષ્ણ બોલે છે અને બીજી પંક્તિ સુદામો. બંનેની પંક્તિઓને અંતે આવતી પ્રસિદ્ધ ધ્રુવપંક્તિઓ સ્મરણના માધુર્યમાં વૃદ્ધિ કરતી જાય છે. એક મિત્ર તેમના વિદ્યાર્થી જીવનના એક સ્મરણની વાત કરતો જાય અને બીજો મિત્ર એ સ્મરણમાં પૂર્તિ કરતો જાય એવો કલાત્મક ક્રમ કવિએ યોજ્યો છે. ભૂતકાળને તાદૃશ કરતી પંક્તિ સાથે વર્તમાનનું અનુસંધાન કરતી ધ્રુવપંક્તિનું કવિએ કરેલું સંયોજન ભાવવાહી બન્યું છે.

સ્મરણો વાગોળતા આ મિત્રો અત્યારે એ જ શૈશવસહજ નિર્દોષતા અને નિર્મળતામાં સરી પડ્યા છે. ગોઠડી (ગોષ્ઠિ)નો આરંભ ગોવિંદ - કૃષ્ણ કરે છે. એમાં એક પછી એક પ્રસંગોનું આલેખન છે.

શ્રીકૃષ્ણ, બલરામ અને સુદામા ત્રણે સાંદીપનિ ઋષિના આશ્રમમાં બે મહિના સુધી સાથે રહ્યા હતા. સાથે ભણ્યા હતા. તેઓ મધુર સહવાસની એ સ્મૃતિઓ યાદ કરે છે. બંને વચ્ચે નાનપણથી જ પ્રેમ હતો. તેઓ સાથે જ ભીક્ષા માંગવા જતા, સાથે જમતા અને ઘાસની બનાવેલી એક જ પથારીમાં સાથે સૂતા. એકબીજાને સુખ-દુઃખની વાતો કરતાં ને વહેલી સવારે

ઊઠીને વેદની ધૂન કરતા. આવી વાતો યાદ કરતાં-કરતાં... યાદ કરે છે કેટલાક બનાવો... જે તે વખતે બની ગયા હતા.

- **શૈશવનાં સંભારણાં :**

એક વખત ગુરુની ગેરહાજરીમાં ગોરાણીએ તેઓને જંગલમાં લાકડાં કાપવા મોકલ્યા હતા ત્યારે પણ તેઓ ખભે કુહાડી લઈ સાથે જ જંગલમાં ગયા હતા. જંગલમાં દૂર નીકળી ગયા પછી ત્રણેએ હોડ બકી. કોણ વધારે લાકડાં ફાડે. એવામાં આકાશમાં કાળા ડિબાંગ વાદળ ચડી આવ્યાં. વીજળીના ભયંકર ચમકારા સાથે મુશળધાર વરસાદ વરસ્યો. અંધારામાં આગળ જવાનો કોઈ રસ્તો દેખાતો ન હતો. નદીમાં પૂર આવવા લાગ્યા. ટાઢથી થરતર ધ્રૂજતા ત્રણે પાણીથી તરબોળ બન્યા. એવામાં બહારગામથી પાછા આવેલા ગુરુ વરસતા વરસાદમાં તેમને ખોળતાં-ખોળતાં ત્યાં આવ્યાં અને ગોરાણીને ઠપકો આપીને બંને મિત્રોને હૃદયસરખા ચાંપ્યા હતા. આમ, ગુરુ હૃદયનો વાત્સલ્યભાવ બંને મિત્રો યાદ કરે છે.

ગોરાણીએ બંધાવેલું ખાવાનું તેમાંથી સુદામાએ શ્રીકૃષ્ણથી છાનામાના, ચણા ખાધેલા. તેથી કૃષ્ણને રીસ ચડેલી અને એને કારણે જ સુદામાને દારિદ્ર આવ્યું હતું. એનો ઉલ્લેખ પણ કવિ અહીં કરે છે.

ગુરુપત્ની ગાય દોહવા બેઠાં હતાં ત્યારે ટેવ મુજબ દોણી (દૂધ દોહવાનું માટીનું વાસણ) માગતાં, કૃષ્ણે નિશાળમાં (આશ્રમમાં એટલે ઘરમાં જ) બેઠાં બેઠાં જ હાથ લંબાવી-વધારીને (ચમત્કાર કરીને) દોણી ગુરુપત્નીને આપેલી એ પ્રસંગ પણ યાદ કરે છે.

ગુરુનો પુત્ર પાણીમાં ડૂબી ગયો હતો. યમપુરીમાં જઈને કૃષ્ણ તેને પાછો લઈ આવ્યા હતા અને ગુરુ દક્ષિણામાં મૃત પુત્રને સજીવન કરીને ગુરુને આપ્યો હતો. એ ચમત્કારભર્યા પરાક્રમને પણ યાદ કરે છે.

આગળ વાત કરતાં શ્રીકૃષ્ણ યાદ કરે છે કે, 'સુદામા! યાદ આવે છે **તમે તો અમને ભણાવતા પણ હતા!' આમ કહી શ્રીકૃષ્ણ, સુદામાએ એમના પર કરેલા ઉપકાર બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.** શ્રીકૃષ્ણની સરળતા કેવી અદ્‌ભુત છે.... તો સુદામાની વિનમ્રતા પણ જુઓ! સુદામા કહે છે આમ કહી તમે મારું માન વધાર્યું છે, મને યશ આપ્યો છે. ભક્તની લાજ - આબરૂ વધારવામાં ભગવાનની મોટપનું અહીં કેવું સુંદર આલેખન છે.

હવે આવી મિત્રતા હોય ત્યાં શ્રીકૃષ્ણની સુદામા પર અમીદૃષ્ટિ થાય એમાં શું નવાઈ? અંતે કવિ એમ કહી કડવું પૂરું કરે છે કે સેવકની ગરીબાઈ દૂર કરવા શ્યામે એના પર અમીદૃષ્ટિ કરી.

ઈશ્વર તો કોઈનાય ઉપકારનો બોજો પોતાના માથે રાખતા નથી. શ્રીકૃષ્ણનું એક નામ છે રણછોડ. રણ-ઋણમાંથી છોડાવનાર, શ્રીકૃષ્ણ પણ સુદામાને ઋણમાંથી મુક્ત કરવાના જ છે ને! લાખ યજ્ઞ કરવાથી પણ જે ફળ ન મળે તે શ્રીકૃષ્ણે એક મૂઠી તાંદુલનો સ્વીકાર કર્યો તેથી સુદામાને મળવાનું હતું. આમાં ભગવત્ લીલાના રહસ્યને વ્યક્ત કરતાં કવિએ ભક્તિનો મહિમા ગાયો છે.

- **સુદામા ચરિત્રનું રહસ્ય :**

કૃષ્ણ-સુદામાની કથા એ એક વિરલ આદર્શ ભક્તિ - મૈત્રીની ચમત્કૃતિભરી કથા છે. પણ માત્ર તેટલું જ નથી. **કૃષ્ણ અને સુદામા દ્વારા ઇશ્વર અને જીવની મૈત્રીનો સંબંધ વ્યક્ત થયો છે.** તે રહસ્ય છે. પરમાત્માને જીવના સ્વલ્પ પણ સમર્પણની જરૂર છે. એના બદલામાં તે અખૂટ વૈભવ આપવા તૈયાર છે.

- **સામાજિક મહત્ત્વ :**

મિત્રતાનું મહત્ત્વ સમજાવતા આ આખ્યાન કાવ્યમાં નિઃસ્વાર્થ મૈત્રી એ જીવનની મહામૂડી છે તે સ્પષ્ટ થાય છે. **ઊંચ-નીચ, અમીર-ગરીબ, નાના-મોટા એવા ભેદભાવથી પર હોય તે જ સાચી મૈત્રી. બાળપણમાં મૈત્રી તો ઘણાં સાથે થાય છે પણ છેવટ સુધી નભાવી - જાળવી રાખવાવાળા વીરલાઓ જ હોય છે.**

કૃષ્ણ અને સુદામા બાળપણમાં સાથે ભણ્યા હતા. પછી જુદા થયા પછી હવે જ મળ્યા હતા. છતાં બંને મિત્રોએ તેમની મૈત્રીની મહેકને હૃદયના કોઈક ખૂણામાં જીવંત રાખી હતી.

ખરેખર! મિત્રતા હજો તો શ્રીકૃષ્ણ-સુદામા જેવી! મિત્ર એક હોય પણ એવો હોય કે એને પામીને બીજું કાંઈ પામવાની ઈચ્છા ન થાય! તો બીજી બાજુ સુદામાને પણ એનો બાળપણનો ગોઠિયો એને ભૂલ્યો નથી એ જ મજાની વાત છે. મિત્રની મિત્રતા મળી પછી બીજું શું જોઈએ? વાહ! મિત્રતા હજો તો આવી.

માટે જ કવિ કાંતિ અશોક કહે છે –

*નહીં રે જાણેલી કદી નહીં રે માણેલી*
*જેની ગોઠડી તોડાય નહીં તોડી*
*સંતો રે આવી કૃષ્ણ-સુદામાની જોડી.*

આપણાં કેટલાંક સુંદર કાવ્યોનાં 'પ્રતિકાવ્યો' લખાયાં છે. એમાં આ કડવાના મૈત્રીકાવ્યનાં પ્રતિકાવ્યોએ કદાચ વિક્રમ તોડ્યો હોય તો નવાઈ નહીં.

*(આધાર : કવિ પ્રેમાનંદકૃત 'સુદામા ચરિત્ર'*
*સંપાદકો : ઈશ્વરલાલ દવે, ચીમનલાલ ત્રિવેદી)*

*કોઈનુંય ન સાંભળે અને બધાનું સાંભળે એ જીવનમાં સો ટકા નિષ્ફળ જાય!*

જબાન

# શબ્દબોધ
## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૯)



તુલસી કંસારા

***Escarpment* = *ઈસ્કાર્પમેન્ટ* =** *પહાડ કે ઉચ્ચ પ્રદેશની લાંબી સીધા ચડાણવાળી બાજુ, કરાડ.*



***Scarp* = *સ્કાર્પ*** = *સીધા ઢોળાવવાળી બાજુ.*

લાંબી - સીધા ચડાણવાળી બાજુને ઈસ્કાર્પમેન્ટ કહેવાય છે અને ખાઇ તરફ અંદરની બાજુના સીધા ઢોળાવ તરફની બાજુને સ્કાર્પ કહેવાય છે. આવો ઊંચ ચઢાવ કે આકરા ઢાળ નદીના વહેણ કે વરસાદના પાણીને કારણે થતા બે ઉચ્ચ ડુંગરાઓ વચ્ચેના ધોવાણથી થતા હોય છે. સામાન્ય રીતે ઈસ્કાર્પમેન્ટ શબ્દ ધીમા ચઢાણ માટે વાપરવામાં આવે છે અને દરિયા કિનારે કે નદી કિનારે સીધું ઉતરાણ, જેવું આપણને દેખાતું હોય છે, તેવા દીવના દરિયા કિનારે જોવા મળે છે તેવા ખાઈ જેવા ઢાળને સ્કાર્પ કહે છે.

***Jettison* = *જેટિસન*** = *વહાણ કે વિમાનનો ભાર હલકો કરવા તેમાંથી માલ બહાર ફેંકી દેવો, સંકટ સમયે વહાણમાંથી માલ વામવો, ત્યજી દેવો.*



એંગ્લો નોર્મન ગેટેસન (Getteson) અને જૂની ફ્રેન્ચ ગેટાઇસન અન્ય આધુનિક ફ્રેન્ચ જેટાઇસન – jetaison – માંથી અંગ્રેજીમાં ઉતરી આવેલ આ શબ્દ, ગણતરી કરી શકાય કે ના કરી શકાય તેટલી વસ્તુઓ જે હવાઈજહાજ કે વહાણ, સ્પેસશિપ, સબમરીન કે હવાઈ બલૂનમાંથી મુશ્કેલીના સમયમાં તેનું વજન હલકું કરવા માટે ફેંકવાની થાય છે કે ફેંકવામાં આવે છે તેને જેટિસન કહેવાય છે. આના જેવા જ અન્ય શબ્દો છે ચક – chuck, , ડીસ્કાર્ડ – discard, ડીચ – ditch, ડમ્પ – dump, જન્ક – junk, લોસ – lose, સ્ક્રેપ – scrap, ટોસ – toss વગેરે.

***Mutilation* = *મ્યૂટિલેશન*** = *ઈજા પહોંચાડવી તે, અગત્યનો ભાગ કે અવયવ કાપી નાખવો તે, ખામીવાળો બનાવવો તે, અંગછેદન.*



મ્યુટિલેશન અથવા તો મેમિંગ (maiming) અપંગ બનાવવાની ક્રિયા શબ્દો લેટિન ભાષાના મ્યુટિલુશ તેમજ મધ્યકાલીન અંગ્રેજીમાં મેઈમ્ માટે મેયમેન, મહાયમેન (Maymen, Mahaymen) તેમજ અંગ્લો - નોર્મનમાં માહેઇમેર કે મેહેમ જેવા શબ્દો પરથી ઉતરી આવેલ છે. **જેનો અર્થ શરીરના કોઈપણ ભાગને કાપી નાખવો કે એવી ઇજા પહોંચાડવી** જેથી શરીરનો તે ભાગ હંમેશ માટે ઈજાગ્રસ્ત રહે, નકામો બની જાય કે શરીરથી અલગ થઈ જાય.

કેટલાક વંશીય કબીલાઓ કે જાતિઓમાં ધાર્મિક માન્યતાઓ પ્રમાણે શરીરના અંગને કાપવાનું કે ઈજા પહોંચાડવાની માન્યતાઓ પ્રવર્તતી હોય છે, જેમાં બલિ આપવાથી કરીને ટેટૂ મૂકવાની ક્રિયાઓ આવી જાય છે. ચીન કે જાપાન જેવા દેશોમાં સ્ત્રીઓના પગ નાનપણમાં જ, બાંધી નાખવાની ક્રિયાને પણ આ શબ્દ લાગુ પડે છે.

બિહાર જેવા રાજ્યોમાં એસિડથી છોકરીઓ કે અન્ય લોકોને ઈજા પહોંચાડવાના બનાવો વધેલ હતા તેમજ દિલ્હીના નિર્ભયા જેવા કેસો પણ મેમિંગ કે મ્યુટિલેશનના જ હતા.

સજા તરીકે હાથ કે પગ કાપી નાખવા, જીભ કાપી નાખવી વગેરેનો સમાવેશ પણ આ શબ્દમાં થાય છે અને **ફાટેલી - તૂટેલી કરન્સી નોટો માટે પણ મ્યુટિલેટેડ નોટનો શબ્દ પ્રયોગ, બેન્કિંગ વર્તુળોમાં કાયદેસર રીતે કરવામાં આવે છે.** આવી મ્યુટિલેટેડ કરન્સી નોટોને - Soil (સોઇલ નોટ્સ = ડાઘા ડૂઘાવાળી, મેલી, ગંદી, ખૂબ વપરાશને કારણે ગળી ગયેલી) નોટો પણ કહેવામાં આવે છે, જેનો રિઝર્વ બેંક ચોક્કસ વિધિ કર્યા બાદ નાશ કરે છે.

*જે કરતાં ડરવું પડે અને કર્યા પછી રડવું પડે એવી પ્રવૃત્તિથી બચતા રહેવું.*

# પ્રતિભાવ

## 'કચ્છશ્રુતિ'નો માસ માર્ચ-૨૦૧૯ના અંકનો પ્રતિભાવ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ' માર્ચ-૨૦૧૯નો અંક વીર શહીદોના મુખપૃષ્ઠ સાથેનો ગમ્યો. 'વીર જવાન અમર રહો', 'અય મેરે વતન કે લોગોં' શહીદ જવાનોની યાદમાં ગીત આપી શ્રદ્ધાંજલિ અર્પી છે, જે ખૂબ જ ઉચિત છે. તે માટે અભિનંદન. શ્રીમાન દિલીપ આચાર્યની લઘુકથા તેમજ પાણી બચાવો પર્યાવરણ લેખ ગમ્યા. 'કચ્છશ્રુતિ'ને ખૂબ ખૂબ અભિનંદન. દર મહિને કચ્છશ્રુતિનો ઇંતેજાર રહે છે.

*પ્રભુલાલ સિદ્ધપુરા - ગાંધીધામ*
*મો. ૯૮૭૯૭ ૦૦૩૬૯*

★

## 'કચ્છશ્રુતિ' માસ માર્ચ-૨૦૧૯ના અંક માટે પ્રતિભાવ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના માસ માર્ચ-૨૦૧૯નો અંક વાંચ્યા પછી તે અંગેના મારા પ્રતિભાવો નીચે પ્રમાણે વ્યક્ત કરું છું....

સૌપ્રથમ તો **તંત્રીલેખ** 'પુલવામા પ્રકરણ અને કચ્છ' લેખ ખૂબ જ ગમ્યો. ભૂતકાળની કેટલીક વાતો અહીં જાણવા મળી. અભ્યાસપૂર્ણ લેખ આપવા બદલ લેખકશ્રીને અભિનંદન.

એવી જ બીજી માહિતી **શ્રી કીર્તિભાઈ ખત્રી** લેખિત 'સિંધુ જળ સંકટની ચર્ચામાં કો'ક તો કચ્છની વાત કરો' લેખ દ્વારા જાણવા મળી. અલબત્ત, 'કચ્છમિત્ર'માં આ લેખ અગાઉ વાંચ્યો છે. એ જ રીતે **ડો. યાસીન દલાલે** પણ લેખકોનાં આયુષ્ય વિશે સારી માહિતી આપી છે. **ડો. કાંતિ ગોર 'કારણ', શ્રી ભોલાભાઈ ગોલીબાર**ના આર્ટીકલ તેમજ **શ્રી નવીન ત્રિપાઠી**ની લઘુકથા 'ઉજવણી' પણ ગમી.

સૌથી વધારે આનંદ થયો **શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર**નો પરિચય વાંચીને. કેમકે હું પોતે રેવન્યુ ખાતામાં ક્લાર્ક તરીકે હતો ત્યારે **મા.શ્રી પ્રેમજીભાઈ ઠક્કર** કચ્છની વિઝિટે આવતા ત્યારે ટાઈપિંગ વગેરેના કામો કરવાનો લાભ મને મળતો હતો. પણ શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર સાથે ક્યારે પણ પરિચય થયો ન હતો. જે આપેલ માહિતી પરથી સારી રીતે થયો.

એ બધા લેખકોને તથા 'કચ્છશ્રુતિ'માં ઉપયોગી લેખો અને માહિતીઓનો સમાવેશ કરવા માટે સંપાદક મંડળને અભિનંદન.

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી', એડવોકેટ - ભુજ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

*મોટાઈ એ ગુણ છે કે જે પદથી નહીં પરંતુ સંસ્કારથી પ્રાપ્ત થાય છે.*


**Mahalaxmi**
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*

• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010**

• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

K C I
**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

• FACTORY •
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110

• RESIDENCE •
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ આયોજિત માધાપર (ભુજ) ખાતે નર્મદાના પાણી પ્રશ્ને યોજાયેલ મીટિંગનો અહેવાલ

વર્ષ ૨૦૦૬માં ગુજરાત સરકારશ્રી દ્વારા એક પરિપત્ર બહાર પાડી નર્મદા નદીના વધારાના પાણીમાંથી ૧.૦૦ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવામાં આવેલ હતા. પરંતુ આ પરિપત્ર બહાર પડાયા પછી ૧૩મા વર્ષ સુધી એટલે કે વર્ષ ૨૦૧૯ સુધી પણ આ યોજનાને લગતા કામો શરૂ ના કરી શકાયા હોવાથી આ પાણી વગર કચ્છના ખેડૂતોને ખૂબ જ કપરી પરિસ્થિતિમાં મૂકાવું પડે છે અને હાલના જેવા દુષ્કાળના વર્ષમાં તો પરિસ્થિતિ અત્યંત વિષમ બની જાય છે. આ પ્રશ્ને વારંવાર જે તે અધિકારીશ્રીઓ પાસે રજુઆત થયા બાદ પણ પરિસ્થિતિમાં કોઈ જ પ્રકારનો ફરક પડતો ન હોવાના કારણે કચ્છના કિસાન સંઘના કેટલાક અગ્રણી ખેડૂતો અને આ પ્રશ્ને રસ ધરાવતા મહાનુભાવોની એક ચિંતન મીટિંગ માધાપર ખાતે બુધવાર, તા. ૨૭-૩-૨૦૧૯ના રોજ ગોઠવવામાં આવેલ હતી કે જેમાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચેરમેન શ્રી અશોક મહેતા, ઉપાધ્યક્ષ શ્રી શશીકાંતભાઈ ઠક્કર, સેક્રેટરી શ્રી પ્રતાપ નારાણજી દંડ ઉપરાંત શ્રી કિશોરભાઈ વાસાણી, શ્રી વસંતભાઈ પટેલ, શ્રી વીરમભાઈ ગઢવી, શ્રી હંસરાજભાઈ ધોળુ, શ્રી કાંતિસેન શ્રોફ, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી અશ્વિનભાઈ ઝીંઝુવાડિયા, શ્રી લક્ષ્મણભાઈ રાઘવાની, શ્રી માવજીભાઈ જાટિયા, શ્રી લખમશીભાઈ વાડિયા વગેરે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે ઉદ્યોગોના અનુસંધાને ખેતીને ઉત્તેજન ન આપવાની સરકારશ્રીની માન્યતા અને નર્મદા નિગમ તથા જળસિંચાઈ વિભાગના અધિકારીશ્રીઓની અક્ષમ્ય બેદરકારીના કારણે કચ્છના વધારાના પાણીના કાર્યો હાથ પર લઈ શકાયેલ નથી કે જેના કારણે કચ્છનો ખેડૂત અને કચ્છની આમજનતા આજે એકવીસમી સદીમાં પણ ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલ છે. નર્મદાના ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી અને વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી ખેતરો સુધી ના પહોંચાડી શકાયા હોવાના કારણે કચ્છના ખેડૂતો દર વર્ષે રૂા. ૨૦૦૦ કરોડની આવક ગુમાવી રહેલ છે. આ પ્રશ્ને આગળ શું કાર્યવાહી કરવી, તેની વિચારણા કરવા માટે આજની આ મીટિંગ બોલાવવામાં આવી છે. તેમણે વધુમાં જણાવેલ કે સમગ્ર ગુજરાતની નર્મદા યોજનાની વાત કરીએ તો યોજનાના ૪૦ વર્ષ પછી રૂા. ૬૦૦૦ કરોડની મૂળ યોજના સામે અત્યાર સુધી રૂા. ૬૦,૦૦૦ કરોડ ખર્ચાઈ ગયેલ હોવા છતાં ૪૫ લાખ એકરમાં પાણી પહોંચવાના બદલે માત્ર ૧૬ લાખ એકરમાં (અને તેમાં પણ મોટાભાગે ડીઝલ એન્જિનથી પાણી ખેંચીને લઈ જવાયા બાદ) પાણી પહોંચ્યા છે. ખેતીના ૮ એમ.એ.એફ. પાણીમાંથી માત્ર ૩ એમ.એ.એફ. પાણીનો હિસાબ મળે છે. બાકીના ૫ એમ.એ.એફ. પાણી ક્યાં વપરાયા તેનો કોઈ જવાબ નથી. ૪,૫૦૦ પાણી મંડળી રચવાની સામે માત્ર ૨,૮૦૦ પાણી મંડળીઓ રચાઈ છે કે જેમાં ભાગ્યે જ ૨૦૦ પાણી મંડળી કાર્યરત છે. બાકીની ૨૬૦૦ પાણી મંડળી માત્ર કાગળ પર જ છે. દર વર્ષે જ્યાં ૩ અબજ રૂપિયાના બીલ બનવા જોઈએ ત્યાં માત્ર રૂા. ૩૫ કરોડના બીલ બનેલ છે અને તેમાંથી વસુલી માત્ર રૂા. ૩ કરોડની થયેલ છે. આ બધા આંકડાઓ આર.ટી.આઈ. દ્વારા મેળવવામાં આવેલ છે. તેથી આ બધા જ આંકડાઓ સરકારશ્રીના છે. આ પરિસ્થિતિમાં કોઈ ચોક્કસ નિર્ણય પર આવી, આગળ શું કાર્યવાહી કરવી તે કચ્છના ખેડૂત અગ્રણીઓએ વિચારવાનો સમય પાકી ગયેલ છે.

પાટીદાર સમાજના આગેવાન શ્રી હંસરાજભાઈ ધોળુએ સેન્ટ્રલ ટ્રીબ્યુનલના ૧૯૭૯ના ચુકાદાથી માંડી અત્યાર સુધીના અહેવાલોની વિગતો આપતા જણાવેલ કે ગુજરાત સરકારશ્રી દ્વારા જ નર્મદા પ્રશ્ને કચ્છને અન્યાય કરવામાં આવી રહ્યો છે. કચ્છ, એ સિંધુ નદીનો તટ પ્રદેશ હોવા છતાં કચ્છ સિવાયના વિસ્તારોમાં સિંધુ નદીના પાણી લાવવાની વાતો થાય છે અને કચ્છને કોરાણે મૂકવામાં આવી રહેલ છે. ગુજરાતના ત્રણ વિસ્તારોને નર્મદા નદીના વધારાના પાણી આપવાનો નિર્ણય લેવાયા બાદ બે વિસ્તારોમાં પાણી પહોંચી ગયા અને કચ્છ વર્ષોથી આ પાણીની રાહ જુએ છે. આ પ્રશ્ને બીજા વિસ્તારોની સરખામણીમાં કચ્છનું ગાંધીનગરમાં કાંઈ ઉપજતું નથી.

વયોવૃધ્ધ અને એન.આર.આઈ. નાગરિક શ્રી લક્ષ્મણભાઈ રાઘવાણીએ જણાવેલ કે કચ્છને પાણી મળશે તો જ કચ્છ જીવિત રહી શકશે. પાણી વગર કચ્છના લોકોને વતન છોડવાનો સમય આવશે. કચ્છમાં કેટલીક જગ્યાએ જળાશયો

બનાવી તેને નર્મદા નદીના પાણીથી ભરી દેવા જોઈએ. પરંતુ આ સરકારમાં આ પ્રકારના કામો ખૂબ જ ધીમી ગતિએ ચાલે છે. તેથી કચ્છને પાણી ક્યારે મળશે તે કાંઈ કહી શકાતું નથી.

'કચ્છમિત્ર'ના પૂર્વ તંત્રી અને વરિષ્ઠ પત્રકાર શ્રી કીર્તિભાઈ ખત્રીએ જણાવેલ કે આ પ્રશ્ને કચ્છને અન્યાય થયો છે એ વાત સાચી, પરંતુ જૂની બધી વાતો ભૂલીને આપણે હવે શું કરવું જોઈએ તેની ચર્ચા વિચારણા કરવી જોઈએ.

જાણીતા કટારલેખક અને નિવૃત્ત અધિકારી શ્રી શશીકાંતભાઈ ઠક્કરે ૧૯૬૦થી અત્યાર સુધીની વિવિધ દાખલા દલીલ સહિતની વિગતો આપતા જણાવેલ કે દરેક સમયે વિગતવાર માહિતી આપવાની સામે પ્રજાના જોઈએ તેવા પ્રતિભાવો મળતા નથી. કચ્છ, એ સિંધુ નદીનો તટ પ્રદેશ હોવા છતાં કચ્છને એ પાણીથી બાકાત રાખવામાં આવ્યું. તેના સ્થાને અન્ય કોઈ પાણી પણ કચ્છને ફાળવવામાં ન આવ્યા. આ પરિસ્થિતિમાં આપણી નેતાગીરી નબળી પુરવાર થયેલ છે. તેમણે સરકાર પર દબાણ લાવવા ચૂંટાયેલા પ્રતિનિધિઓના ઘરની સામે ધરણા કરવા અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં જણાવેલ કે કચ્છને થયેલ અન્યાય સામે કચ્છે હિંમતપૂર્વક લડત આપવી જોઈએ.

ભારતીય કિસાન સંઘ - પશ્ચિમ કચ્છ વિભાગના પ્રમુખ શ્રી કિશોરભાઈ વાસાણીએ જણાવેલ કે કચ્છને અન્યાય થઈ રહેલ છે એ હકીકત છે પરંતુ અહીંના માનસમાં 'પાંકે કુરો'ની જે ભાવના પ્રવર્તી રહેલ છે તે દુઃખદ છે. કચ્છની પ્રજા ખમીરવંતી ગણાય છે પણ આચરણમાં એવું દેખાતું નથી. જો નર્મદાના પાણીના પ્રશ્ને લડત ચલાવવામાં આવશે તો કચ્છના ખેડૂતોનો સંપૂર્ણ સાથ-સહકાર મળી રહેશે.

મુંદ્રા તાલુકાના ખેડૂત આગેવાન શ્રી વીરમભાઈ ગઢવીએ જણાવેલ કે નર્મદાના પ્રશ્ને કચ્છને અન્યાય થયેલ છે તેવી વાતો કરીએ તો આપણને રાષ્ટ્ર વિરોધી ગણવામાં આવે છે અને અવાજ દબાવવાના પ્રયાસ કરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવેલ કે મેં તાજેતરમાં જ સરકારી ઓફિસમાં જઈને તપાસ કરેલ અને જવાબ મળેલ કે વધારાના પાણીના કાર્યો સ્થગિત કરવા જે-તે અધિકારીને ઉપરની ઓફિસેથી ઓર્ડર મળી ગયેલ છે. કચ્છને આ બાબતે અન્યાય થઈ રહેલ છે. નિયમિત પાણીના કાર્યો પૂરા થતા નથી અને વધારાના પાણીના કાર્યો શરૂ થતા નથી.

મુંદ્રાના સામાજિક અગ્રણી અને પત્રકાર શ્રી અશ્વિનભાઈ ઝીંઝુવાડિયાએ જણાવેલ કે પીવાનું પાણી પણ નથી આપી શકાતું એટલે નર્મદાના મુદ્દાથી ધ્યાન બીજે દોરવા ડી-સેલિનેશન પ્લાન્ટ નાંખવામાં આવે છે. તેના કારણે પર્યાવરણને નુકસાન થશે. આપણે નર્મદા નદીના નિયમિત પાણી અને વધારાના પાણી પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

ચર્ચા વિચારણાને અંતે ભવિષ્યમાં મોટા પાયે આ પ્રકારની મીટિંગ કરવા નીચે મુજબની એક હંગામી સમિતિની રચના કરવામાં આવેલ હતી : (૧) શ્રી અશોકભાઈ મહેતા, (૨) શ્રી હંસરાજભાઈ ધોળુ, (૩) શ્રી કિશોરભાઈ વાસાણી, (૪) શ્રી માવજીભાઈ જાટિયા, (૫) શ્રી શશીકાંતભાઈ ઠક્કર અને (૬) શ્રી વીરમભાઈ ગઢવી.

આ પ્રશ્ને નજદીકના ભવિષ્યમાં મોટી સંખ્યામાં મળવાનું નક્કી કરવામાં આવેલ હતું.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ૭મો પરિચય મિલન સમારંભ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા રવિવાર, તા. ૧૦-૩-૨૦૧૯ના રોજ શેઠ મંગળદાસ ટાઉન હોલ - એલિસબ્રિજ ખાતે એક પરિચય મિલન સમારંભનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જેમાં ૧૬૦ યુવકો અને ૭૦ યુવતીઓએ ભાગ લીધેલ હતો. તદુપરાંત સ્થળ પર રજિસ્ટ્રેશન કરાવનારની સંખ્યા પણ ૨૩ જેટલી હતી.

સમારંભ નવનીત પ્રકાશનના શ્રી શાંતિલાલ રામજી ગાલાના પ્રમુખપદે યોજાયેલ હતો. અતિથિ વિશેષશ્રી તરીકે એઈમ્સ હોસ્પિટલના ચેરમેન શ્રી પ્રવીણભાઈ મણિયાર ઉપસ્થિત રહેલ હતા. તદુપરાંત વાપી તથા વડોદરાથી અનેક કચ્છી જૈન મહાનુભાવો પધારેલ હતા.

પરિચય મિલન સમારંભના સમયે યુવક-યુવતીઓએ સ્વ પરિચય આપેલ હતો. સમારંભના અંતે પસંદગીના પાત્રોની મીટિંગો પણ ગોઠવાયેલ હતી.

પરિચય મિલન સમિતિની જહેમતથી આ સમારંભ સફળતાને વરેલ હતો.

## શિવસેના સંગઠક પદે નિયુક્તિ

શિવસેના પક્ષપ્રમુખ શ્રી ઉધ્ધવજી ઠાકરેના આદેશથી રાજેશ રતિલાલ દોશી અને જયંતીભાઈ મોદીને શિવસેના સંગઠક પદે તા. ૨૭ માર્ચ, ૨૦૧૮થી નિયુક્ત કરવામાં આવ્યા છે. આ પહેલા વર્ષ ૨૦૧૮ના સંગઠક પદે હેમરાજ શાહની નિયુક્તિ કરવામાં આવી હતી, એમ શિવસેના મધ્યવર્તી કાર્યાલય, મુંબઈની એક યાદીમાં જણાવાયું છે.

## શ્રી લોહાણા મહાપરિષદ

### પોરબંદર મુકામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન થયું

દેશ અને વિદેશના કુલ ૮ વિભાગોના પસંદગી પામેલા ખેલાડીઓ વચ્ચે ત્રિ-દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન શ્રી લોહાણા મહાપરિષદ હેઠળની રમતગમત સમિતિ દ્વારા તા. ૨૯થી ૩૧ માર્ચ - ૨૦૧૯ના પોરબંદરના દુલીપ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટ સંબંધી જરૂરી માર્ગદર્શન સમિતિના અધ્યક્ષ શ્રી પીયૂષભાઈ મજીઠિયા તથા મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આપ્યું હતું. આ અવસરે સંસ્થાના વર્તમાન તેમજ પૂર્વ હોદ્દેદારો, સહયોગી પરિવારના તથા વિવિધ સ્થળની સંસ્થાના અગ્રણીઓ, મહાનુભાવો સાથે બહોળી સંખ્યામાં સમાજ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રઘુવંશી ધ્વજવંદન ગીત, ખેલાડીઓની માર્ચ પાસ્ટ તથા સોવેનિયરનું વિમોચન જેવા કાર્યક્રમોનું આયોજન થયું હતું. રમતના ફાઈનલ રાઉન્ડમાં કચ્છ વિભાગ અને મહારાષ્ટ્ર વચ્ચે મુકાબલો થયો હતો. જેમાં મહારાષ્ટ્ર ટીમ વિજેતા થઈ હતી. ટુર્નામેન્ટનો સમાપન સમારોહ તા. ૩૧ માર્ચ, ૨૦૧૯ના રોજ ભવ્ય રીતે યોજાયો હતો. વિજેતા તેમજ રનર્સ-અપ ટીમોને ટ્રોફી તથા રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. તે સિવાય, વિવિધ શ્રેણીઓમાં વિજેતાઓને પારિતોષિકો અને તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન બદલ માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા પૂ. શ્રી રમેશભાઈ ઓઝાએ શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતા, એમ શ્રી લોહાણા મહાપરિષદની એક પ્રેસનોટમાં જણાવાયું હતું.

### વિશ્વ જળ દિવસની ઉજવણી

વિશ્વ જળ દિવસ (તા. ૨૨-૩-૨૦૧૯) નિમિત્તે વેજલપુર, અમદાવાદ ખાતે જય જલિયાણ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા સ્ટેટસ સ્ટડી સેન્ટર સંચાલિત અને શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ પ્રેરિત પાણી બચાવો - જીવન બચાવો અભિયાન અંતર્ગત ઠંડા પાણીની પરબનું જાહેર જનતા માટે સતત ચોથા વર્ષે લોકાર્પણ કરવામાં આવ્યું. આ સાથે પક્ષીઓ માટે કુંડા વિતરણની કામગીરી પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે જય જલિયાણ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મુકેશ ગોવાણી, ટ્રસ્ટના મંત્રી શ્રી અલ્પેશ ગોવાણી, શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા અન્ય નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતા.

## મેગેઝિન ક્લબ દ્વારા પદ્મશ્રી મેળવનારા મહાનુભાવોનો સન્માન સમારંભ યોજાયો




ગુજરાતના સામયિકોનું સંગઠન "મેગેઝિન ક્લબ" દ્વારા તા. ૩૧-૩-૨૦૧૯ના રોજ સદ્‌વિચાર પરિવાર હોલ, અમદાવાદ ખાતે ૧૪મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં વિવિધ સામયિકોના ૧૦૦ જેટલા તંત્રી, સંપાદકો અને લેખકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ક્લબના સભ્ય શ્રી જોરાવરસિંહ જાદવ તથા શ્રીમતી મુક્તાબેન ડગલીને તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ પદ્મશ્રી ઍવોર્ડ બદલ અને ટીચર્સ યુનિવર્સિટી ગુજરાતના કુલપતિ ડૉ. હર્ષદ પટેલનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં મેગેઝિન ક્લબના પ્રમુખ શ્રી પી.કે. લહેરી (IAS), મંત્રીશ્રી ભીમજીભાઈ નાકરાણી અને ઉપપ્રમુખશ્રી અશોક મહેતાએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. અધ્યક્ષ સ્થાનેથી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ સન્માનિત થયેલા ત્રણે મહાનુભાવોની સામાજિક ક્ષેત્રની સેવાઓની વિગત આપીને તેમની સરાહના કરી હતી. વધુમાં તેઓશ્રીએ મેગેઝિન ક્લબની આ પ્રવૃત્તિને ખૂબ જ મહત્ત્વની ગણાવી હતી અને દરેક સભ્યોને અભિનંદન આપ્યા હતા. આ ક્લબ સાથે ગુજરાતના લગભગ ૨૦૦ જેટલા સામાયિકો સંકળાયેલા છે.

## ગ્રેટ બ્રિટનમાં ગાંધી ગાથા

તારીખ ૧૨-૧૪ માર્ચ, ૨૦૧૯ના રોજ લંડનમાં ઓલિમ્પિયા મધ્યે "બુકફેર"નું ભવ્ય આયોજન થયું. આ બુકફેરમાં "ભારતીય પેવેલિયન"નું વિશેષ આકર્ષણ રહ્યું. ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિ તેમજ વિકસિત ભારતની

*બીજા સમક્ષ આપણે જેવા દેખાઈએ છીએ તેવા બની જવું એ જીવનનો બહુ મોટો પડકાર છે.*



*ભારત સરકારનાં સૂચના અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી વિક્રમ સહાય, પ્રકાશન વિભાગના મહાનિદેશક શ્રીમતી સાધના રાઉત, બ્યુરો ઑફ કોમ્યુનિકેશનના અતિરિક્ત મહાનિદેશક શ્રી રવિરામા ક્રિષ્ણા તથા ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયમાં કાર્યરત શ્રી પરેશકુમાર હંસરાજ કંસારા.*

વિવિધ ક્ષેત્રે ઝળકતી સિધ્ધિઓની મલ્ટી મીડિયા ઝાંકી તેમજ "સ્ટેચ્યુ ઑફ યુનિટી"ની પ્રતિકૃતિ પ્રદર્શિત કરતા આ પેવેલિયનમાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતીના ઉપક્રમે એમના સમય અને જીવનનું દર્શન કરાવતી સામગ્રી – ખાસ કરીને "સંપૂર્ણ ગાંધી વાંગમ્ય" (Collected Works of Mahatma Gandhi)ની પ્રિન્ટ અને ડિજિટલ વર્ઝન પ્રસ્તુતિ ઉપરાંત આ સામગ્રીની સર્જન પ્રક્રિયા ઉજાગર કરતા સેમિનારનું આયોજન થયું. ભારત સરકારનાં સૂચના અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી વિક્રમ સહાય, પ્રકાશન વિભાગના મહાનિદેશક શ્રીમતી સાધના રાઉત તથા બ્યુરો ઑફ કોમ્યુનિકેશનના અતિરિક્ત મહાનિદેશક શ્રી રવિરામા ક્રિષ્ણા અને ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયમાં કાર્યરત શ્રી પરેશકુમાર હંસરાજ કંસારા પણ આ ડેલીગેશનના સભ્ય હતા.

***૧૯૧૯ની ૧૩મી એપ્રિલે અમૃતસરના જલિયાંવાલા બાગમાં ચળવળકારીઓ એકઠા થયા હતા. એ વખતે પંજાબીઓનો તહેવાર વૈશાખી હતો. ત્યાંના અંગ્રેજ અધિકારી રેજિનાલ્ડ ડાયરે પોતાની સેનાને આ ટોળી પર ગોળીબાર કરવાનો હુકમ આપ્યો હતો. આ સમયે લગભગ ૧૦૦૦ વ્યક્તિઓના મોત થયા હતા.***

## અભિનંદન

★ **શ્રી જોરાવરસિંહ જાદવ**
(લોકકલા ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી)

ભારત સરકારના પદ્મશ્રી ઍવોર્ડ માટે.... (તા. ૨૬-૧-૨૦૧૯)

★ **શ્રી ભીમજીભાઈ નાકરાણી**
('સરદાર જ્યોત'ના તંત્રીશ્રી)

સારસ્વત ઍવોર્ડ મેળવવા બદલ...

★ **શ્રી ચિત્રસેન આર. શાહ**
(કટાક્ષ હાસ્ય લેખક)

'કચ્છ ગુર્જરી' - મુંબઈ દ્વારા આયોજિત ઓનલાઈન લેખન - કૃતિ સ્પર્ધા (જાન્યુઆરી-૨૦૧૯)માં વિજેતા થવા બદલ....

## મતાધિકાર : સૌનો અધિકાર

### પાંચ સેકન્ડમાં પાંચ વરસનો ફેંસલો કરવાનો છે

ભારત એક પ્રજાસત્તાક દેશ છે. મતલબ કે જનતાનું શાસન છે. દર પાંચ વર્ષે લોકો પોતાની સરકાર ચૂંટે છે. જો જનતા જાગૃત હશે તો લોકશાહી ટકી રહેશે અને જો પ્રજા બેપરવાહ રહેશે તો લોકતંત્ર નબળું પડશે. આમ, આખરી ફેંસલો મતદારોના હાથમાં હોય છે.

આગામી ૨૩મી એપ્રિલે ગુજરાતમાં લોકસભાની છવ્વીસ બેઠકોનું મતદાન થશે. મતદારોએ જાગૃતિ દાખવવી જોઈએ. કોઈપણ જાતના લોભ-લાલચમાં આવ્યા વગર મતદાન કરવું જોઈએ. ટી.વી. અને અખબારોમાં પણ રાજકીય પક્ષો જાહેરાતો આપે છે. ટી.વી. પર પણ આ સંબંધી ઘણી માહિતી આપવામાં આવે છે. ઘણી વખત આવા સર્વેક્ષણો રાજકીય હેતુ પ્રેરિત પણ હોય છે. તેથી તેનાથી ગેરમાર્ગે દોરવાવું નહીં. રાજકીય પક્ષો દ્વારા યોજાતી જાહેર સભાઓમાં બધા નેતાઓને સાંભળવા જોઈએ પરંતુ મતદાન તો આખરે પોતાની વિવેકબુધ્ધિથી જ કરવું જોઈએ.

લોકો મત આપવા જાય છે ત્યારે જે તે પક્ષના ઉમેદવારનું બટન દબાવવાનું હોય છે. પરંતુ આપણે આ બટન દબાવતા પહેલા એ યાદ રાખવું જોઈએ કે માત્ર પાંચ સેકન્ડમાં, પાંચ વરસનો ફેંસલો કરવાનો છે. તેથી શુધ્ધબુધ્ધિથી યોગ્ય ઉમેદવાર - પક્ષને જ મત આપવો જોઈએ. જેથી પાછળથી પસ્તાવાનો વખત ન આવે. જો આમ થાય તો જ લોકશાહી મજબૂત થશે.

*રજનીકાંત ઓઝા, એડવોકેટ - ભુજ*

# કચ્છ માંડવીના શ્રી ચિત્રસેનભાઈ શાહને ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા "જ્યોતિન્દ્ર દવે સાહિત્યશ્રી" એવોર્ડથી સન્માનિત કરાયા



ગુજરાતી ભાષામાં હાસ્યપ્રધાન સાહિત્યક્ષેત્રે જેમનું આગવું સ્થાન છે તે શ્રી ચિત્રસેનભાઈ રવજીભાઈ શાહનું મૂળ વતન અને જન્મ સ્થળ કચ્છ માંડવી. બાલ્યાવસ્થાથી જ વાંચન, લેખન, પ્રવાસન, ગીત-સંગીતની તેમને લગની. તેઓએ એક સ્થળે લખ્યું છે કે "હાસ્ય મારો પ્રથમ પ્રેમ છે, તો પ્રવાસ મારો બીજો પ્રેમ છે."

બી.ઈ. ઈલેક્ટ્રિકલ એન્જિનિયરની ડિગ્રી મેળવ્યા બાદ તેમને ગુજરાત ઈલેકટ્રિસિટી બોર્ડમાં સર્વિસ મળી. સર્વિસ કાર્યકાળ દરમિયાન ભુજ, મુંદ્રા, તારાપુર એટોમિક પાવર સ્ટેશન, ઉકાઇ થર્મલ પાવર પ્રોજેક્ટ અને છેલ્લે ગાંધીનગર પાવર સ્ટેશનથી ઇ.સ. ૧૯૯૮ના વર્ષમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયર તરીકે નિવૃત્ત થયા. જેને આજે તો ૨૦ વર્ષ વીતી ગયા છે. તેમની વય ૭૯ વર્ષની છે.

શ્રી ચિત્રસેનભાઈને લખવાનો શોખ હાઈસ્કૂલથી જ હતો. એ સમયે હસ્તલિખિત અંકો પ્રગટ થતા, તેમાં તેઓ લખતા. અત્યારે પણ તેમના લેખો અનેક મેગેઝિનોમાં પ્રગટ થતા રહે છે. 'હળવાશની ક્ષણોમાં' એ કૉલમ તેમની ઘણા વર્ષો સુધી 'ગાંધીનગર સમાચાર'માં વાચકો હોંશભેર વાંચતા રહ્યા. 'સંદેશ' વર્તમાનપત્રમાં પ્રકાશિત થતા તેમના લેખોને અવારનવાર પુરસ્કાર મળતા રહ્યા છે.

***અત્યાર સુધીમાં પ્રગટ થયેલા તેમના પુસ્તકો જોઈએ તો :***

★ ધણીને ધાકમાં રાખો! (આદર્શ પ્રકાશન)
★ સ્મશાનમાં સ્વયંવર (ગૂર્જર પ્રકાશન)
★ ચાલો, ખવડાવો આઈસ્ક્રીમ
★ સ્વર્ણિમ ગુજરાતમાં ચોવીસ કેરેટનું હાસ્ય
★ વરઘોડો વનેચંદના પુત્રનો
★ ધણીને ધાકમાં રાખો પ્લસ (સંવર્ધિત આવૃત્તિ)
★ ફાઈવ સ્ટાર સ્મશાનમાં સ્વયંવર! (સંવર્ધિત આવૃત્તિ)
★ હાસ્યનું મેઘધનુષ (ગૂર્જર પ્રકાશન)

ઇ.સ. ૨૦૧૨માં ગાંધીનગર કચ્છ મિત્ર મંડળ તરફથી "કચ્છી ઑફ ધી યર"નો ઍવોર્ડ તથા ગુજરાતી સાહિત્ય સંગમ દ્વારા "જ્યોતિન્દ્ર દવે સાહિત્યશ્રી" ઍવોર્ડ શ્રી ચિત્રસેનભાઈ શાહને પ્રાપ્ત થયા છે.

ચિત્રસેનભાઈના પત્ની શ્રીમતી લીલાવંતીબેન. તેમના પુત્ર ડૉ. સુકેતુ શાહ બાળરોગ નિષ્ણાત છે. તેમની હોસ્પિટલ ગાંધીનગરમાં છે. જેનું ઉદ્‌ઘાટન સુવિખ્યાત હાસ્યલેખક શ્રી વિનોદભાઈ ભટ્ટે કરેલું. ડૉ. સુકેતુભાઈના પત્ની ડૉ. સીમાબેન પણ પીડિયાટ્રિશિયન છે અને હાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત છે. પૌત્રી પ્રિયંકા ફાઈનલ એમ.બી.બી.એસ.માં છે. "કચ્છી ઑફ ધી યર" ઍવોર્ડ સમારંભના અધ્યક્ષ, સુવિખ્યાત સંગીતકાર શ્રીમાન લચ્છુભાઈ બોરાના હસ્તે તેમને અર્પણ થયો હતો.

તા. ૨૫મી જૂન, ૨૦૧૫માં ગુજરાતના હાસ્ય સમ્રાટ, અગ્રણી વિનોદભાઈ ભટ્ટ ચિત્રસેનભાઈ વિશે આલેખે છે તે મુજબ, "મારા પરમ સ્નેહીભાઈ ચિત્રસેન શાહે હાસ્ય યાત્રા શરૂ કરી ત્યારથી હું તેમના સંપર્કમાં આવ્યો છું. માણસ જાતમાં પડેલી નબળાઈ, જબરાઈ, બાઘાપણું, લુચ્ચાઈ વગેરે તેઓ સારી રીતે પકડીને હસતા હસતા વાંચક આગળ ધરી દે છે. ભાઈ ચિત્રસેન, અટકે શાહ છે ને ધર્મે જૈન છે. તેથી તેમનો વિનોદ અહિંસક છે, ડંખ વગરનો નિર્દોષ છે."

જાણીતા હાસ્યવિદ્ શ્રી રતિલાલ બોરીસાગરે લખ્યું છે કે, "ચિત્રસેન શાહ મારા સમકાલીન હાસ્યકાર છે. એમના નામથી વૈચિત્ર્યનો પ્રારંભ થાય છે. હંમેશાં વિચિત્ર નિરૂપણ કરનાર આ સર્જકનું નામ "વિચિત્રસેન" હોવું જોઈએ, એને બદલે ચિત્રસેન છે. આ સર્જક આપણા તન-મન તાજા રાખે એવી હાસ્ય રચનાઓ આપતા રહે એ માટે મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું."

***પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ, કચ્છ (મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬)***

## મારૂં વાહન ક્યાં.....? : જવાબો

(૧) ગણપતિ : ઉંદર, (૨) વાસુપૂજ્ય નાથ : ભેંસ, (૩) અંબા - પાર્વતી : વાઘ (૪) અભિનંદન નાથ : વાંદરો, (૫) ઈન્દ્ર : ઐરાવત હાથી, (૬) ઋષભનાથ : બળદ, (૭) ખોડિયાર માં : મગર, (૮) કુંથુનાથ : બકરો, (૯) યમરાજ : પાડો, (૧૦) શંકર : નંદી, (૧૧) બહુચર મા : કુકડો, (૧૨) વિમલનાથ : ડુક્કર, (૧૩) દશામા : સાંઢણી - ઊંટડી, (૧૪) અનંતનાથ : રોવડો, (૧૫) યમુના મા : કાચબો, (૧૬) વિષ્ણુ : ગરૂડ, (૧૭) પાર્શ્વનાથ : સર્પ, (૧૮) ઝુલેલાલ : માછલી, (૧૯) શનિદેવ : કાગડો, (૨૦) સુમતિનાથ : બગલો, (૨૧) ષષ્ઠી દેવી : બિલાડી, (૨૨) સ્વામિનારાયણ : માણકી ઘોડી, (૨૩) અગ્નિ દેવ : બકરી, (૨૪) ધાવડી માં : ગેંડો, (૨૫) ચકેશ્વરી દેવી : બળદ, (૨૬) રતિ : કબુતર, (૨૭) કેતુ : ગીધ, (૨૮) વારાહી મા : જળ ઘોડો, (૨૯) દુર્ગા મા : સિંહ, (૩૦) કુબેર : જંગલી સુવર, (૩૧) ભૈરવ : કૂતરો, (૩૨) કુમારી દેવી અને કાર્તિકેય : મોર, (૩૩) સરસ્વતી અને બ્રાહિમ્ની દેવી : હંસ, (૩૪) વિષ્ણુ અને વૈષ્ણવી દેવી : ગરૂડ, (૩૫) શીતલા માં અને કાલરાત્રી દેવી : ગધેડો, (૩૬) કામદેવ અને રતિદેવી : પોપટ, (૩૭) બૃહસ્પતિ અને ઈંદ્રાણી દેવી : હાથી, (૩૮) કામખ્યા દેવી ને મનસા દેવી : નાગ, (૩૯) વાયુ, ચંદ્ર અને શાંતિનાથજી : હરણ, (૪૦) ગંગા દેવી : મગર, (૪૧) ચામુંડા મા : ગરૂડ

*જીવનમાં ખરાબીથી જાતને દૂર રાખવી હોય તો લક્ષ્મણરેખાની વફાદારી જાળવવી.*

# શબ્દ શોધ : ૮૨

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨
● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ■ | ૫ | ૬ | ■ |
| ૭ | | | ૮ | | | | | ■ |
| ■ | ૯ | | | | ■ | ૧૦ | | ૧૧ |
| ૧૨ | ■ | ■ | | ■ | ૧૩ | | ■ | |
| ૧૪ | ૧૫ | ૧૬ | | ■ | | ■ | ૧૭ | |
| ■ | ૧૮ | | ■ | ૧૯ | | ૨૦ | | ■ |
| ૨૧ | | | | ■ | ■ | ૨૨ | | ૨૩ |
| ૨૪ | | | ■ | ૨૫ | ૨૬ | ■ | ૨૭ | |
| | ■ | ૨૮ | | | | ■ | ૨૯ | |

## આડી ચાવીઓ

૧. વાસના (૩)
૫. દૂષણ, કલંક (૨)
૭. રાષ્ટ્રના પૂર્વ રક્ષામંત્રી તાજેતરમાં અવસાન પામ્યા (૮)
૯. લવારી, બકવાસ (૪)
૧૦. ઉપાધિ, છૂટવું મુશ્કેલ બને તેવું વળગણ (૩)
૧૩. પ્રભાવશાળી, ભપકા અને પ્રતિભાવાળું (૨)
૧૪. વેવિશાળ (૪)
૧૭. "_____, બાન ઔર શાન" (૨)
૧૮. જુવાર (૨)
૧૯. ઘર સિવાય બીજે સ્થળે રાત્રિભર રહેવું તે (૪)
૨૧. ભપકાદાર (૪)
૨૨. એક જાતનું પગરખું (૩)
૨૪. સુથારનું એક ઓજાર (૩)
૨૫. પપ્પાના સાઢુભાઈ (૨)
૨૭. સુતરની આંટી (૨)
૨૮. સ્પર્શથી સમજી શકાય તેવું (૪)
૨૯. ધણી, નાથ, પતિ (૨)

## ઊભી ચાવીઓ

૧. કાર્ય, કાજ (૨)
૨. કામદેવ (૩)
૩. નકામું, અમસ્તું (૩)
૪. અપવિત્ર, અશુધ્ધ (૩)
૫. ગુરૂ દક્ષિણામાં પોતાના હાથનો અંગુઠો કાપી આપનાર એક શિષ્ય (૪)
૬. ઉનાળામાં વધુ વપરાય (૩)
૮. ધૂળનો છેક બારીક કણ (૪)
૧૧. રૂંધવું એ (૩)
૧૨. પંદરથી પચ્ચીસ વચ્ચેની એક સંખ્યા (૨)
૧૩. એક દશરથ પુત્ર (૩)
૧૫. ગણેશજી (૪)
૧૬. બીજાના ઘરની નોકરી (૫)
૧૭. એક વૃક્ષના પાંદડા જેનું તોરણ બને છે (૫)
૨૦. દુર્ગંધ (૨)
૨૧. શાન ફિલ્મમાં કુલભૂષણ ખરબંદાનું નામ શું હતું? (૩)
૨૩. એકી નજરે, આનંદની રમત (૩)
૨૪. '_____, માગ... માગે તે આપું' (૨)
૨૬. સરખાપણું, સમાનતા (૨)

## શબ્દશોધ : ૮૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પુ | લ | વા | મા | ■ | ધ | ર | પ | ત |
| ન | ર | મા | ખ | ■ | ન | ગ | ર | ■ |
| રા | જ | ■ | ણ | ■ | ■ | ■ | કા | જ |
| વ | ■ | રા | ■ | એ | ક | શા | સ | ન |
| ર્ત | ■ | જ | વા | બ | દા | ર | ■ | વ |
| ન | સ | કો | રી | ■ | વ | દા | ગી | રી |
| ■ | વા | ટ | ■ | દ | ર | ■ | તાં | ■ |
| ના | ક | ■ | વા | ર | ■ | ભા | જ | પા |
| સ | વા | રો | સ | વા | ર | ■ | લિ | પી |

## શબ્દ શોધ : ૮૦ / ૮૧ નો ઉકેલ મોકલાવનારના નામ

- પુનિત સી. ઠક્કર - માંડવી
- દિલીપ કે. શાહ - ભુજ
- ભરત ડી. સંઘવી - અંજાર
- ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
- નીલેશ વી. શાહ - ભુજ
- અભય સી. મહેતા - મુંદ્રા
- સુવાસ ડી. ગોર - ભુજ
- રમીલા જે. ગોર - ભુજ
- વર્ષા વી. ગોર - ગાંધીધામ
- અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
- અશોક એન. મહેતા - ભુજ
- કાવ્ય બિહાગ અંતાણી - ગાંધીનગર

*લેતા રહીને મોટા થયા છીએ, દેતા રહીને મહાન બની શકાય.*

વિવિધતા

## હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃધ્ધિ

# મારું વાહન ક્યાં....???...



ભાવના એ. ઝવેરી

બધાને પોતાના વાહનો હોય છે. તેના વગર તેમને ચાલે જ નહીં. જેમ કે મનુષ્યના વાહન... ગાડી, સ્કુટર, સાઇકલ છે. પણ આજે આપણે ભગવાન... માતાજીના... વાહનોની વાત કરવાની છે. આ ગેમ રમવાથી એ ચોક્કસ ખ્યાલ આવશે કે પશુ-પક્ષી, જંગલી જનાવરોનું પણ કેટલું મહત્ત્વ હતું... કે તેઓ પર ભગવાન બિરાજમાન થતા હતા.

ક્લુમાં ભગવાન - માતાજીના નામ આપેલ છે. જવાબમાં તેમના વાહનના નામ કયા છે તે લખવાના છે.

રમનાર બધાને ક્લુ લખેલ કાગળની ઝેરોક્ષ અને પેન આપવાની. સમય પ્રમાણે, રમનાર બધા જ જવાબ લખે. જેના જવાબ સૌથી વધારે સાચા હોય તેમને અનુક્રમે ત્રણ વિનર જાહેર કરવા.

| ક્રમ | ક્લુ - નામ | જવાબ - વાહન |
|---|---|---|
| ૧. | ગણપતિ | ____________ |
| ૨. | વાસુપૂજ્ય નાથ | ____________ |
| ૩. | અંબા - પાર્વતી | ____________ |
| ૪. | અભિનંદન નાથ | ____________ |
| ૫. | ઈન્દ્ર | ____________ |
| ૬. | ઋષભનાથ | ____________ |
| ૭. | ખોડિયાર માં | ____________ |
| ૮. | કુંથુનાથ | ____________ |
| ૯. | યમરાજ | ____________ |
| ૧૦. | શંકર | ____________ |
| ૧૧. | બહુચર મા | ____________ |
| ૧૨. | વિમલનાથ | ____________ |
| ૧૩. | દશામા | ____________ |
| ૧૪. | અનંતનાથ | ____________ |
| ૧૫. | યમુના મા | ____________ |
| ૧૬. | વિષ્ણુ | ____________ |
| ૧૭. | પાર્શ્વનાથ | ____________ |
| ૧૮. | ઝુલેલાલ | ____________ |
| ૧૯. | શનિદેવ | ____________ |
| ૨૦. | સુમતિનાથ | ____________ |
| ૨૧. | ષષ્ઠી દેવી | ____________ |
| ૨૨. | સ્વામિનારાયણ | ____________ |
| ૨૩. | અગ્નિ દેવ | ____________ |
| ૨૪. | ધાવડી માં | ____________ |
| ૨૫. | ચક્રેશ્વરી દેવી | ____________ |
| ૨૬. | રતિ | ____________ |
| ૨૭. | કેતુ | ____________ |
| ૨૮. | વારાહી મા | ____________ |
| ૨૯. | દુર્ગા મા | ____________ |
| ૩૦. | કુબેર | ____________ |
| ૩૧. | ભૈરવ | ____________ |
| ૩૨. | કુમારી દેવી અને કાર્તિકેય | ____________ |
| ૩૩. | સરસ્વતી અને બ્રાહિમ્ની દેવ | ____________ |
| ૩૪. | વિષ્ણુ અને વૈષ્ણવી દેવી | ____________ |
| ૩૫. | શીતલા માં અને કાલરાત્રી દેવી | ____________ |
| ૩૬. | કામદેવ અને રતિદેવી | ____________ |
| ૩૭. | બૃહસ્પતિ અને ઇંદ્રાણી દેવી | ____________ |
| ૩૮. | કામખ્યા દેવી ને મનસા દેવી | ____________ |
| ૩૯. | વાયુ, ચંદ્ર અને શાંતિનાથજી | ____________ |
| ૪૦. | ગંગા દેવી | ____________ |
| ૪૧. | ચામુંડા મા | ____________ |

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## જીવિત વ્યક્તિને સહારો

*ઉંદર પથ્થરમાંથી બનાવેલ હોય તો લોકો તેને પૂજે છે.*
*પરંતુ તે જીવતો હોય તો લોકો તેને ભગાડી મૂકશે.*

*સાપ અગર પથ્થરમાંથી બનાવેલ હોય તો લોકો તેને પૂજે છે*
*પરંતુ તે જીવિત સાપ હોય તો લોકો તેને મારી નાખ્યા વગર નહીં રહે.*

*માં પણ પથ્થરની હોય તો લોકો તેને પૂજે છે*
*પરંતુ તે જીવતી હોય તો લોકો તેને કિંમતી સમજતા નથી.*

*એ સમજમાં નથી આવતું કે જિંદગીથી આટલી નફરત કેમ?*
*અને પથ્થરોથી આટલી મહોબ્બત કેમ?*

*જે રીતે મૃતકને કંધો આપવાનું ઈન્સાન સમજે છે*
*એ રીતે જીવિત વ્યક્તિને સહારો આપવાનું પુણ્ય સમજાશે ત્યારે જિંદગી આસાન બની જશે.*

*પૂજા રામની પણ મૈત્રી રાવણ સાથે – એ માનવ જીવનનો ભારે વિરોધાભાસ.*

કાવ્યો

## નાપાક

તારીખ ચોડો ફેબ્રુઆરી સન ઉનઇજી સાલ
કાશ્મીરજે પુલવામામેં તાંડવ જેડો તાલ
હાહાકારસેં હચમચ્યો ભારત સજો ભેહાલ
હિચકારી હુમલેમેં સૈનિક મોત સવાલ
ચર્ચા પાકજી ચાલ
મુરાધ મેલી પાકજી...!

મુરાધ મેલી પાકજી આતંકી અઝહર
જાન વઇ ચાલી જવાનજી શહિધ થઈ વ્યા નર
ડેસ સજો દુઃખી થ્યો આતંકી અસર
ભધલો ગિનો ભડાકે પાકિસ્તાન કર્યો સર
આક્રોશ ઘરો-ઘર
ગોલીયેં ડ્યો ગધ્ધાર કે...!

ગોલીયેં ડ્યો ગધ્ધાર કે નાપાક ને નાદાન
અસ્ત કર્યો આતંકજો ન રેય પાક નિશાન
સફાયો થિયે સમુરો બર અચે બલિદાન
સૈનિક ડેસ સુરક્ષાજા જવાનેજી વઇ જાન
ભૂલી વઠા ઈમાન
"પ્રભુ" પરાસ્ત કર્યો પાકકે...!

*પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ*
*મો. ૯૮૭૯૭ ००३६૯*

## હરિને યાચના

હરિ મારો હાથ પકડીને તેં મને ક્યાં મૂક્યો
હું તો તવ ચરણોમાં સદાય ઝુક્યો

અહીં તો કોઈ ના દેખાય મારું
મને આ જગ લાગે અકારું
હું તો નવ પૂજન-અર્ચન ના ચૂક્યો – હરિ

છે અહીં ચોમેર આધિ, વ્યાધિ, ઉપાધિ
તારી આ વાત નિત્ય રહી નિરાળી
છેવટ ભક્તિનો પ્રાણ તેં ફુંક્યો - હરિ

હોય જો સ્વાર્થ તો કોઈ મને બોલાવે
નહિં તો નીકટમાં કોઈ ના આવે
તોય રોષ ના મારો ભભૂક્યો - હરિ

*પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## તને યાદ કરશે... મને યાદ કરશે...

(ગઝલ)

તને યાદ કરશે મને યાદ કરશે
પછી યાદ સાથે, તો, ફરિયાદ કરશે,

સંબંધો તણી લહેર, મોજા બની ગઈ,
દરીઆ ભરી દર્દને સાદ કરશે.

સમય રેત સાથે ન ખરતી હકીકત
ગયા ઘાવ રૂઝાઈ, એ, વિષાદ કરશે.

તરસતા કિનારા, ભલે નવિ ઝંખે,
નદીનું થયું રણ એ વિવાદ કરશે.

કહેવા ખુલાસા નથી શું શું બન્યું'તું
કહી દઉં પછી વ્યર્થ વિખવાદ કરશે.

મને યાદ દેજો ભૂલી છે જવાનું
પડઘા બની શબ્દ બરબાદ કરશે.

નહીં તો ભલે આમ ફરિયાદ કરજો
કોને ખબર, એમ, પણ આબાદ કરશે.

*રમેશ જી. વૈદ્ય "ચંદ્ર" - ભુજ*
*મો. ૯૫૫૮૭ ૨૭૧૭૬*

## પિપર તાં પ્યો

વટ પે જે ભ્રમમેં ગુટખેંજો બંધાણ થ્યો
અલ્લાજો સુખરાણો સે બ્યો કીં ન થ્યો
મોં જો કેન્સર થેઓ ને છોરા રૂલાઇંધો વ્યો
પિપર તાં પ્યો ને સા નિકરી વ્યો.

ફટફટીઓ ધોડાઇંધે, વગી મોબાઈલજી રીંગ
અલ્લાજો સુખરાણો સે બ્યો કીં ન થ્યો
ઠોકાઇ વઈ ગાડી પિંઢ મથે પુજી વ્યો
પિપર તાં પ્યો ને સા નિકરી વ્યો.

લાડીજો લટુરો ભની માયતરેંનું નોખો રેયો
અલ્લાજો સુખરાણો સે બ્યો કીં ન થ્યો
રૂંધલ છોરેં જે હથ્થમેં મોબાઇલ જલાઇંધો વ્યો
પિપર તાં પ્યો ને સા નિકરી વ્યો.

ધન-દોલતમેં સુખ સમજી, હિત-હૂત જાવા વિજંધો રેયો
અલ્લાજો સુખરાણો સે બ્યો કીં ન થ્યો
'હરિ' હેત વોણું ખાલીપો મનકે ખેંધો રેયો
પિપર તાં પ્યો ને સા નિકરી વ્યો.

*હરિદાસ કે. ઠક્કર 'હરિ' - મસ્કા (માંડવી - કચ્છ)*

---

*માર્ગ પર આવતાં દુઃખોને સ્વીકારતા રહીએ ત્યારે મંજીલ પરના સુખો અનુભવવા મળે.*

# સમાજ સમાચાર

## વાસ્તુ પૂજન

શ્રી વિમેશ ગુલાબચંદ શાહ અને શ્રીમતી રીનીતા વિમેશ શાહના નવા ફ્લેટનું વાસ્તુ પૂજન શનિવાર, તા. ૯-૩-૨૦૧૯ના સવારમાં ૯.૦૦થી ૧૨.૦૦ દરમિયાન રાખવામાં આવેલ હતું. આ અવસરે તેમના અનેક હિતેચ્છુઓએ ઉપસ્થિત રહી, તેમને શુભેચ્છા પાઠવેલ હતી.

તેમનું સરનામું નીચે મુજબ છે :

**શ્રી વિમેશ શાહ**
ડી-૧૨૦૧, વંદેમાતરમ્ ફેબ્યુલા,
નિરમા યુનિવર્સિટી પાછળ, ઑફ એસ.જી. હાઈવે,
માલાબાર કાઉન્ટી રોડ, છારોડી, અમદાવાદ.
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

## સરનામા ફેરફાર

- **શ્રી જયેન્દ્ર (જયેશ) પ્રાગજી શાહ**
*(નવભારત સાહિત્ય મંદિર)*
એ-૧૨૦૨, બ્યુમોન્ડ રત્નાકર-૬,
પ્રેરણાતીર્થ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
મો. ૯૮૭૯૧ ૧૩૬૫૦, ૯૮૨૪૦ ૩૧૬૫૦

*માત્ર સુગંધ પહેરીને ફૂલ ન થવાય, 'ખરી' જવાની તાકાત પણ જોઈએ!*

## અવસાન નોંધ

★ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી વર્ષ ૨૦૦૬-૨૦૦૭ સુધી સહમંત્રીપદે અને વર્ષ ૨૦૦૭-૨૦૦૮થી વર્ષ ૨૦૧૩-૨૦૧૪ સુધી મંત્રીપદે બિરાજમાન રહેલ **શ્રી નાનાલાલભાઈ દેવરામ ચૌહાણ**નું ૭૮ વર્ષની વયે, શુક્રવાર, તા. ૮-૩-૨૦૧૯ના રોજ અવસાન થયેલ છે. તેઓશ્રી કચ્છમાં અંજાર તાલુકાના નાગલપર ગામના વતની હતા અને અમદાવાદમાં ડી.એન. પોલીટેકનિકના નામથી વ્યવસાયી અભ્યાસક્રમની તાલીમી સંસ્થા ચલાવતા હતા.

સદ્‌ગતશ્રીની તા. ૧૦-૩-૨૦૧૯ના રોજ આયોજિત પ્રાર્થનાસભામાં અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

★ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી હરીશભાઈ રંગવાલાના માતુશ્રી **ઝવેરબેન રંગવાલા** (ઉં.વ.-૯૦) (ભુજ - અમદાવાદ)નું બુધવાર, તા. ૧૦-૪-૨૦૧૯ના રોજ વહેલી સવારે દુઃખદ અવસાન થયેલ છે.

તેમની સ્મશાનયાત્રા બુધવાર, તા. ૧૦-૪-૨૦૧૯ના સવારમાં ૯ વાગે યોજવામાં આવેલ હતી.

તેમની શ્રદ્ધાંજલિ સભા ગુરુવાર, તા. ૧૧-૪-૨૦૧૯ના સવારમાં ૮.૩૦થી ૧૦.૩૦ દરમિયાન સિંધુ ભવન ખાતે યોજવામાં આવેલ હતી કે જેમાં બહોળી માત્રામાં કચ્છી મહાનુભાવો, તેમના હિતેચ્છુઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને સદ્‌ગતશ્રીને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી.

*સદ્‌ગતશ્રીઓના આત્માની શાંતિ માટે પ્રાર્થના.*


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭" x ૧" | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત** — **જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)


*વાતે વાતે જેને ઓછું આવે અને ખોટું લાગે તેની સાથે દોસ્તી કરતા પહેલાં વિચારવું જોઈએ.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : વિદ્યાર્થી દત્તક યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા કચ્છી પરિવારો માટે પ્રવર્તમાન વિવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં ગત વર્ષની માફક ચાલુ વર્ષ દરમિયાન પણ વિદ્યાર્થી દત્તક યોજના જારી રાખવામાં આવેલ છે કે જેનો લાભ લેવા જરૂરિયાતવાળા પરિવારોને અપીલ કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત ધોરણ-૧૦, ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ — એમ ત્રણ વર્ષ સુધી યોજનાની સમિતિ દ્વારા પસંદગી પામેલ વિદ્યાર્થીને દર વર્ષે રૂા. ૨૧,૦૦૦/-ની છાત્રવૃત્તિ આપવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષે ધોરણ ૯ પૂર્ણ કરી, ધોરણ ૧૦માં પ્રવેશ લેતા હોય તેવા વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ જ આ માટે અરજી કરી શકશે. જેમ જેમ દાતાઓનો પ્રતિસાદ વધતો જશે તેમ તેમ આ યોજનાને વ્યાપક સ્વરૂપ આપવામાં આવશે.

આ યોજનામાં મર્યાદિત વિદ્યાર્થીઓની પસંદગી કરવાની હોવાથી, કુટુંબની એક જ કમાનાર વ્યક્તિ અકાળે મૃત્યુ પામેલ હોય કે કોઈ આકસ્મિક બીમારીનો ભોગ બની હોય તેવા પરિવારોના વિદ્યાર્થીને અગ્રતા આપવામાં આવશે. આ યોજનાનો લાભ મેળવવા આપે નીચેમાંથી કોઈ એક વ્યક્તિનો તેમના મોબાઈલ નંબર પર સંપર્ક સાધવાનો રહેશે.

*અશોક મહેતા : ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦*

*હિમાંશુ ઠક્કર : ૯૮૭૯૩ ૦૧૦૦૪*

ફોન પર જરૂરી વિગતો મેળવ્યા બાદ અથવા આવેલ અરજીની વિગત જાણ્યા બાદ જો તે યોગ્ય જણાશે તો જે તે વ્યક્તિને આ યોજનાનું ફોર્મ મોકલી આપવામાં આવશે. આપે આ ફોર્મ સારા અક્ષરે ભરી, ફોર્મમાં જણાવ્યા પ્રમાણેના કાગળો તેની સાથે જોડી, તા. ૧૫ જૂન, ૨૦૧૯ સુધીમાં આ ફોર્મ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલય પર મોકલી આપવાના રહેશે.

પસંદગી પામેલ લાભાન્વિત વિદ્યાર્થીને ત્યારબાદ આ રકમ ચેક દ્વારા મોકલી આપવામાં આવશે.

***ગત વર્ષ દરમિયાન આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થી ચાલુ વર્ષ દરમિયાન ધોરણ-૧૧માં પ્રવેશ પામે ત્યારે તેણે પણ પોતાની બધી વિગતો તા. ૧૫ જૂન, ૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલય પર મોકલી આપવાની રહેશે. ત્યારબાદ તેઓના ચેક લખવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે.***

***હિમાંશુ ઠક્કર***

***કન્વીનર - વિદ્યાર્થી દત્તક યોજના સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

# 'કચ્છશ્રુતિ' માધ્યમ બની શકે

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ઉપરાંત અમદાવાદમાં વિવિધ સમાજોના ૩૧થી પણ વધુ ઘટક સમાજો કાર્યરત છે કે જેઓ દર વર્ષે પોતાના સમાજ પૂરતી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી, પોતાના સમાજ પરિવારોને એક તાંતણે બાંધી રાખે છે.

આ દરેક ઘટક સમાજ પોતાના માસિક મુખપત્ર ચલાવતા ન હોવાથી તેઓને તેમના સમાજના પરિવારો માટે દર મહિને સમાચાર મોકલવા થોડી વિટંબણા રહે છે અથવા થોડી મુશ્કેલી વેઠીને પોસ્ટ દ્વારા જરૂરી સમાચારો મોકલી આપે છે.

આ પ્રકારના દરેક સમાજ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર ''કચ્છશ્રુતિ''ને પોતાનું માધ્યમ બનાવી શકે અને ''કચ્છશ્રુતિ'' દ્વારા દર મહિને પોતાના સમાજના પરિવારોને જરૂરી સમાચાર મોકલી શકે.

તે માટે ''કચ્છશ્રુતિ''ની મેનેજમેન્ટ સાથે નક્કી કરીને એક, બે કે ચાર પાના પોતાના સમાજ માટે રિઝર્વ રાખી શકે છે અને તે દ્વારા તેઓ પોતાના પરિવારને પોતાના ઘટક સમાજના સમાચારોથી વાકેફ રાખી શકે.

જે ઘટક સમાજો ''કચ્છશ્રુતિ''ના માધ્યમનો ઉપયોગ કરવા માંગતા હોય તેઓ ''કચ્છશ્રુતિ''ના મુખ્ય તંત્રીનો ફોન દ્વારા સંપર્ક સાધીને જરૂરી વિગતો મેળવી શકે છે. આ આયોજનનો લાભ લેવા માટે દરેક ઘટક સમાજના હોદ્દેદારોને અપીલ કરવામાં આવે છે.

**અશોક મહેતા**

**મુખ્યતંત્રી, "કચ્છશ્રુતિ", શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**મોબાઈલ : ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૮૭૯૦ ૬૩૧૦૦**

*દુર્જન સામેની શ્રેષ્ઠ હિંમત એટલે એને 'ના' સંભળાવી દેવાની ૫૬ની છાતી.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# નોટબુક યોજના

અમદાવાદ - ગાંધીનગર સ્થિત અભ્યાસ કરતા કચ્છી બાળકોને ખૂબ જ વ્યાજબી અને કન્સેશનલ દરે નોટબુકો મળી રહે એ હેતુથી ચાલુ વર્ષે પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદે નોટબુક યોજનામાં આગળ વધવાનું નક્કી કરેલ છે.

વ્યાજબી દરની સાથે ઉચ્ચ ક્વોલિટીની નોટબુક પ્રાપ્ત થાય તેવી ગણનાએ ચાલુ વર્ષ દરમિયાન નવનીતની યુવા બ્રાન્ડ નોટબુકોનું વિતરણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કરવામાં આવશે.

આ યોજનાના અનુસંધાને નોટબુકોના જે MRP ભાવો છપાયેલ હશે તેના કરતા અંદાજિત ૩૫ ટકાના ઓછા દરથી આ નોટબુકોનું વિતરણ કરવામાં આવશે. નોટબુકો શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સ્પાન ટ્રેડ સેન્ટર, પાલડી ખાતેની ઑફિસેથી પ્રાપ્ત થઈ શકશે. તે માટે મોડામાં મોડા ૩૦ એપ્રિલ સુધી પરિવારોએ પોતાને જોઇતી નોટબુકોના રૂપિયા ભરી, જરૂરી નોટબુકો શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસે નોંધાવી દેવાની રહેશે. વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ ૩ ડઝન નોટબુકો આપવામાં આવશે.

અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજો, ઉદ્યોગ ગૃહો તથા વ્યાપાર ગૃહો પણ આ યોજનાનો લાભ લઈ શકશે.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા બહારના વિવિધ કચ્છી ઘટક સમાજો પણ આ યોજનાનો લાભ લઈ શકશે. તે માટે તેઓએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો સંપર્ક સાધવાનો રહેશે.

*વિતરણ કરવામાં આવનાર નોટબુકોની વિગત નીચે મુજબ છે :*

| ક્રમ | વિગત | સાઇઝ (mm.) | પાના | MRP ભાવ | વિતરણ કિંમત |
|---|---|---|---|---|---|
| ૧. | જમ્બો સોફ્ટ બાઉન્ડ બુક | ૧૮૦ X ૨૪૦ | ૭૬ | રૂા. ૨૫/- | રૂા. ૧૬/- |
| ૨. | જમ્બો સોફ્ટ બાઉન્ડ બુક | ૧૮૦ X ૨૪૦ | ૧૭૨ | રૂા. ૫૦/- | રૂા. ૩૩/- |
| ૩. | એ-૪ લોંગ બુક | ૨૧૦ X ૨૯૭ | ૧૪૦ | રૂા. ૫૫/- | રૂા. ૩૬/- |
| ૪. | એ-૪ લોંગ બુક | ૨૧૦ X ૨૯૭ | ૧૭૨ | રૂા. ૬૫/- | રૂા. ૪૨/- |

મોડામાં મોડા ૩૦, એપ્રિલ ૨૦૧૯ સુધીમાં સૌએ પોતાના ઓર્ડર નોંધાવી દેવા વિનંતી કરવામાં આવે છે.

નોટબુકોના સેમ્પલ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસે જોવા મળી શકશે.

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

---

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## કચ્છી નૂતન વર્ષ (અષાઢી બીજ) નિમિત્તે

### "કચ્છશ્રુતિ" વિશેષાંક અંગે

આગામી કચ્છી નૂતન વર્ષ (અષાઢી બીજ) ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯ના રોજ છે. તે પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર ''કચ્છશ્રુતિ''નો માસ જુલાઈ-૨૦૧૯નો અંક **"વૈજ્ઞાનિક (ટેકનોલોજી) માહિતી"** વિશેષાંક તરીકે પ્રકાશિત કરવાનું નક્કી કરેલ છે. નક્કી કરેલ ઉપરોક્ત 'થીમ' આધારિત લેખ / માહિતી / કૃતિ વગેરે સમાજના કાર્યાલયમાં તા. ૨૦-૬-૨૦૧૯ સુધીમાં મોકલાવી આપવા સર્વે તજજ્ઞો - લેખકશ્રીઓને આમંત્રણ છે.

*– તંત્રી મંડળ, 'કચ્છશ્રુતિ'*

## કચ્છશ્રુતિ સૌજન્ય યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કચ્છશ્રુતિ માટે એક ''સૌજન્ય યોજના'' દાખલ કરવામાં આવેલ છે. આ યોજનાનો હેતુ કચ્છશ્રુતિને વધુને વધુ સમૃદ્ધ બનાવવાનો રહેલ છે.

આ યોજનાનો લાભ લેનાર વ્યક્તિએ એક મહિનાના અંકના સૌજન્યનો સ્વીકાર કરવાનો રહે છે.

જે તે મહિનાના સૌજન્યનો લાભ લેનાર વ્યક્તિ / પેઢી / સંસ્થાના નામની કવર પેઈજ-૧ પર ૧''ની શુભેચ્છા પટ્ટી મૂકવામાં આવશે.

દા.ત.

● આ અંકનું સૌજન્ય ●

**ABC તરફથી સાંપડેલ છે.**

તદુપરાંત અંદરના સફેદ પાના પર એક ફૂલ પેઈજ જે-તે લાભ લેનાર વ્યક્તિને આપવામાં આવશે કે જેમાં તેઓ ઈચ્છે તે વિગત / સમાચાર / જાહેરાત છપાવી શકશે.

એક મહિનાના સૌજન્યનો નકરો રૂા. ૧૧,૦૦૦/- રાખવામાં આવેલ છે.

આપશ્રી આ સૌજન્ય યોજનામાં જોડાઈ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને દરેક રીતે વધુમાં વધુ સમૃધ્ધ બનાવવાની યોજનામાં સહભાગી બનો તેવી અમારી હાર્દિક અપીલ છે.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : સભ્ય પરિવારજનો માટે આકર્ષક યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારજનો માટે **નિઃશુલ્ક ધોરણે** એક ખૂબ જ આકર્ષક યોજના નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

★ કોઈપણ પરિવારજનોને પોતાના વ્યવસાય અથવા ઘરે વિવિધ પ્રકારના સ્ટાફની અથવા કારીગર વગેરેની જરૂરી હોય છે. તે રીતે કોઈ ક્ષેત્રના સ્ટાફ - કારીગર વર્ગની જરૂર હોય તો તેની ટૂંક વિગત સમાજના કાર્યાલયમાં મોકલાવી શકે છે. (દા.ત. ક્લાર્ક, ઈજનેર, કોમ્પ્યુટર તજજ્ઞો, શિક્ષક, પ્યુન, ડ્રાઈવર, ઘરકામ માટે રસોઈ કરનાર, બીમાર વ્યક્તિની સંભાળ લેનાર, બીમાર વ્યક્તિ માટે કોઈ સાધન-સામગ્રી તથા કોઈ પ્રકારના કારીગરની જરૂરત વગેરે.)

★ લગ્નોત્સુક ઉમેદવાર (માત્ર નામ, વય અન ટેલિફોન નંબર) સાથેની વિગત સમાજના કાર્યાલયમાં મોકલાવી શકાય છે.

★ તેવી રીતે સમાજના પરિવારજનોમાંથી કોઈને પોતાની આવડત અથવા જરૂરત મુજબ, શૈક્ષણિક લાયકાત મુજબ કામ-ધંધાની જરૂર હોય તો તેઓ પોતાની વિગત ટૂંકમાં લખીને મોકલાવી શકે છે.

★ ઉપરોક્ત પ્રમાણેની વિગત ટચુકડી જાહેરાતના સ્વરૂપે (ટૂંકાવીને) શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર ''કચ્છશ્રુતિ''માં નિઃશુલ્ક પ્રસિદ્ધ કરવામાં આવશે. (પ્રકાશન સંબંધી સર્વ હક્ક સંપાદક મંડળ પાસે રહેશે.)

★ ઉપર પ્રમાણેની વિગત સાથે પોતાનું પૂરું નામ અને મોબાઈલ / ટેલિફોન નંબર લખવા જરૂરી છે.

**ઉપર જણાવેલ નિઃશુલ્ક સેવાનો લાભ સમાજના પરિવારજનો બહોળી સંખ્યામાં ઉઠાવશે તેવી અપેક્ષા છે.**

*કાર્યાલય :* શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪ ● વૉટ્સ એપ : ૯૬૦૧૨ ૭૫૦૭૮
E-mail : kutchhisamaj@gmail.com

*આવતીકાલની કલ્પના ભેળવી દેવાથી આજનું દુઃખ વધુ ભયંકર બને છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## માર્ચ / એપ્રિલ - ૨૦૧૯

★ **ગુરુવાર, તા. ૭-૩-૨૦૧૯**

- નોટબુક યોજના વિશે તથા કચ્છશ્રુતિમાં દર મહિને જે તે ઘટક સમાજના સમાચારો આવે તેવી વ્યવસ્થા માટે અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત અંદાજિત ૩૦ ઘટક સમાજો પર પત્રો લખીને મોકલી આપ્યા.

★ **રવિવાર, તા. ૧૦-૩-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ મંત્રી શ્રી નાનાલાલ દેવરામ ચૌહાણની આજે નરોડા ખાતે પ્રાર્થના સભા યોજવામાં આવેલ હતી. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અનેક હોદ્દેદારોએ આ પ્રાર્થના સભામાં પોતાની હાજરી પુરાવેલ હતી.
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત ટાઉન હોલ ખાતેના પરિચય મિલન સમારંભમાં શ્રી અશોક મહેતા તથા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર ઉપસ્થિત રહેલ હતા.

★ **મંગળવાર, તા. ૧૨-૩-૨૦૧૯**

- વિદ્યાર્થી દત્તક યોજના માટે તેના ત્રણે દાતાશ્રીઓને ચાલુ વર્ષની આ યોજના માટે પત્રો લખવામાં આવ્યા.

★ **શનિવાર, તા. ૧૬-૩-૨૦૧૯**

- ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની આગામી સંયુક્ત મીટિંગના પરિપત્ર ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સભ્યોને વૉટ્સ એપથી મોકલી આપ્યા.

★ **શનિવાર, તા. ૨૩-૩-૨૦૧૯**

- આજરોજ ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગ સ્પાનની ઑફિસ ખાતે મળેલ હતી. વિદ્યાર્થી દત્તક યોજના, સામાજિક સુરક્ષા યોજના, આગામી કચ્છી નૂતન વર્ષ કાર્યક્રમ વગેરે માટે ચર્ચા કરવામાં આવી.

★ **સોમવાર, તા. ૨૫-૩-૨૦૧૯**

- નવનીતને નીચે પ્રમાણેની નોટબુકોનો ઓર્ડર મોકલી આપ્યો.

| | | |
|---|---|---|
| વાગડ લોહાણા સમાજ માટે | : | ૨૪૦૦ નંગ |
| લેઉઆ પટેલ સમાજ માટે | : | ૨૦૦૦ નંગ |
| શ્રી કચ્છી સમાજ - અમદાવાદ માટે | : | ૨૦૦ નંગ |
| *ટોટલ* | *:* | *૪૬૦૦ નંગ* |

★ **સોમવાર, તા. ૨૫-૩-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની તા. ૨૩-૩-૧૯ની સંયુક્ત મીટિંગની મિનિટ્સ તેના ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સભ્યોને વૉટ્સ અપથી મોકલી આપવામાં આવી.

★ **મંગળવાર, તા. ૨૬-૩-૨૦૧૯**

- શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી પીયૂષભાઈ પારેખ ભુજ ખાતે સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેક્ટર શ્રી મૂકેશભાઈ ઝવેરીને મળ્યા અને કચ્છના નર્મદાના પાણી તથા તેના કાર્યો માટે વિવિધ ચર્ચા કરી. ત્યારબાદ તેઓ શ્રી કચ્છ કડવા પટેલ સમાજના અગ્રણી શ્રી હંસરાજભાઈ ધોળુને પણ મળેલ હતા.

★ **બુધવાર, તા. ૨૭-૩-૨૦૧૯**

- કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ આયોજિત માધાપર ખાતેની મીટિંગમાં અમદાવાદ સ્થિત શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી પીયૂષ પારેખ ઉપસ્થિત રહ્યા હતા. આ મીટિંગ કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણીના કાર્યો શરૂ ન થયેલ હોવાના કારણે યોજાયેલ હતી. કચ્છના કેટલાક ખેડૂત અગ્રણીઓ, શ્રી કાંતિસેન શ્રોફ, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી હંસરાજભાઈ ધોળુ, શ્રી અશ્વિનભાઈ ઝીંઝુવાડિયા, શ્રી વિનોદ ગાલા, શ્રી ધરમશીભાઈ મહેશ્વરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યો શરૂ ન થયેલ હોવાથી આ ચિંતન મીટિંગ ગોઠવવામાં આવી હતી.

★ **રવિવાર, તા. ૩૧-૩-૨૦૧૯**

- સદ્‌વિચાર પરિવારના કેમ્પસમાં યોજાયેલ મેગેઝીન ક્લબની મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી અતુલ સોની તથા શ્રી દિનેશ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ મીટિંગમાં શ્રી પી.કે. લહેરી, ડૉ. કુમારપાળ દેસાઈ, શ્રી ભીમજીભાઈ નાકરાણી વગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પી.કે. લહેરી સાથે અલગથી નર્મદા નદીના પાણી માટે ચર્ચા કરવામાં આવી હતી.

★ **સોમવાર, તા. ૧-૪-૨૦૧૯**

- ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯ના અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષના કાર્યક્રમ માટે ટાગોર હોલ - પાલડી, તેની ત્રીજી શીફ્ટ માટે આજે બુક કરાવી લેવામાં આવેલ છે.
- હાલે ભુજથી પ્રસારિત થતા 'કચ્છમિત્ર'નું રાજકોટથી પ્રિન્ટિંગ કરાવી, દરરોજનું કચ્છમિત્ર અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોને દરરોજ સવારમાં અન્ય વર્તમાનપત્રોની જેમ મળી જાય તેવા પ્રયાસો અંગે કચ્છમિત્ર ગ્રુપના મેનેજર શ્રી શૈલેષભાઈ કંસારા સાથે તેમના આયોજનો અંગે ચર્ચા કરવામાં આવી.

★ **મંગળવાર, તા. ૨-૪-૨૦૧૯**

- કચ્છશ્રુતિ એપ્રિલ-૨૦૧૯ માટેનો પ્રથમ લોટ શ્રી દિનેશભાઈ મહેતાએ આજે પ્રિન્ટિંગ માટે મોકલી આપેલ હતો.

*સફળતા અને નિષ્ફળતા વચ્ચેનું મુખ્ય અંતર ધીરજ.*



VINAYAK 500®
ટી.એમ.ટી. સળીયા
...કરીએ
विश्वासनुं निर्माण
IS : 1786
AN ISO 9001-2008 COMPANY
VINAYAK TMT BARS PVT. LTD.
Available Grades Fe 500 / Fe 500 D
8 mm - 32 mm available
on demand Quality, Supply and Service
S.K. Mishra (AGM Mkt.) +91 99099 43194
Jayesh Bhalerav (Mkt. Manager) +91 99099 30148
E-mail : sales@vinayaktmtbars.com / www.vinayaktmtbars.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ





**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોકાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિકસ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેકશન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીકસ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીકસ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્કયુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

**એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**


CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
BRASS
CAGES
STEEL
CAGES
DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
POLYAMIDE
CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
STAMPED
COMPONENTS
AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION
DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
INDIA
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com
HARSHA
ENGINEERS
www.harshaengineers.com

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

**RADHA VALLABH GROUP**

Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing

A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com

Chamanbhai : M. 99250 70719 — Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 — Hirenkumar : M. 98799 97777



**DEEP Industries Limited**
Oil & Gas Exploration Production & Services

- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821

**RUDANI INNOVATION INDUSTRIES**

INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...

47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudkutchisamajahmedabad.org.
purchase@rudaniinnovation.com

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



**SILICON®**
ZERO MAINTENANCE LAMINATE



RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

**Patel Tours & Travels®**
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888

AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT



BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)

PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

**જાહેરાત આવકાર્ય**

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)